203 વર્ષ

દૈનિક
# મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 9 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ પૌષ સુદ- ૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 10 January 2025, Friday ■ REGD.No. MCS/058/2018-20

શુક્રવાર, ૧૦ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
સૌરાષ્ટ્ર આવૃત્તિ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 9 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ પૌષ સુદ- ૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 10 January 2025, Friday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
શુક્રવાર, ૧૦ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સારું ભવિષ્ય યુદ્ધમાં નહિ પણ બુદ્ધમાં છે: મોદી

### બિનરહીશ ભારતીયોએ દેશના વિકાસમાં આપેલા યોગદાનની પ્રશંસા કરી

ભુવનેશ્વર: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે જણાવ્યું હતું કે ભારત ભવ્ય સાંસ્કૃતિક વારસો ધરાવતો દેશ છે અને તેથી વિશ્વના અન્ય અનેક રાષ્ટ્રો ભારતની વાત માને છે. ભારત આંતરરાષ્ટ્રીય સમુદાયને કહેવા માગે છે કે વિશ્વનું સારું ભવિષ્ય ‘યુદ્ધમાં નહિ પણ બુદ્ધ’માં રહેલું છે.

તેમણે ભુવનેશ્વરમાં ૧૮મા પ્રવાસી ભારતીય દિવસ સંમેલનનું ઉદ્ઘાટન કરતા જણાવ્યું હતું કે ભારત માત્ર લોકશાહીની જનની જ નથી, પરંતુ લોકશાહી ભારતીયોના જીવનનો અવિભાજ્ય ભાગ છે. ભારત આજે પોતાના વિચાર અને દૃષ્ટિકોણ વિશ્વ સમક્ષ વધુ સારી રીતે રજૂ કરી શકે છે. મોદીએ જણાવ્યું હતું કે જ્યારે વિશ્વના અન્ય દેશોના રાજાઓ તલવારની તાકાતના જોરે પોતાનું સામ્રાજ્ય વિસ્તારી રહ્યા હતા, ત્યારે સમ્રાટ અશોકે શાંતિનો માર્ગ અપનાવ્યો હતો. આ બાબત જ ભારતીય સાંસ્કૃતિક વારસાની શક્તિ બતાવે છે. વડા પ્રધાને જણાવ્યું હતું કે હું હંમેશાં વિદેશમાં રહેતા ભારતીયોને ભારતના (જુઓ પાનું ૨) ▶▶

### ગુજરાતીઓના માંડવીથી મસ્કતના પ્રવાસની ગાથા વર્ણવતા પ્રદર્શનનું ઉદ્ઘાટન

ભુવનેશ્વર: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૮મા પ્રવાસી ભારતીય દિવસના સંમેલનમાં ગુરુવારે ચાર પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમાંના એક એક્ઝિબિશનમાં ગુજરાતના માંડવીથી ઓમાનના મસ્કત પહોંચેલા ગુજરાતીઓની ગાથા વર્ણવામાં આવી છે.

આ ચાર પ્રદર્શન ભારતના સાંસ્કૃતિક વારસા, પરંપરા અને વિદેશમાં રહેતા ભારતીયોના યોગદાન પર આધારિત છે. પ્રથમ પ્રદર્શનનું નામ ‘વિશ્વરૂપ રામ’ રખાયું છે અને તેમાં રામાયણ આધારિત ભારતીય પરંપરા અને સંસ્કૃતિની જાણકારી (જુઓ પાનું ૨) ▶▶

## તિરુપતિ નાસભાગમાં મૃતકોની સંખ્યા છ થઈ

નવી દિલ્હી: બુધવારે આંધ્ર પ્રદેશના તિરુપતિ મંદિરના વિષ્ણુ નિવાસમાં વૈકુંઠ દ્વાર ખાતે સર્વ દર્શન ટોકન વિતરણ દરમિયાન થયેલી નાસભાગમાં છ લોકોનાં મોત થયાં હતાં, જ્યારે ૨૫ લોકો ઘાયલ થયા હતા. આ ઘટના તિરુપતિમાં વિષ્ણુ નિવાસ અને રામાનાયડુ સ્કૂલ વિસ્તાર પાસે બની હતી. મળતી માહિતી મુજબ, વૈકુંઠ દ્વાર દર્શનની ટિકિટ માટે તિરુપતિનાં વિવિધ ટિકિટ સેન્ટરો પર સવારથી જ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ (જુઓ પાનું ૨) ▶▶

### નાયડુએ અદાલતી તપાસનો આદેશ આપ્યો

તિરુપતિ : આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન એન. ચંદ્રાબાબુ નાયડુએ તિરુપતિમાં બનેલી નાસભાગની ઘટનાનો અદાલતી તપાસનો આદેશ આપ્યો હતો. તેમણે પોલીસના જિલ્લા સુપરિન્ટેન્ડન્ટ સહિત ત્રણ સિનિયર અધિકારીઓની બદલી કરી (જુઓ પાનું ૨) ▶▶



**શોભાયાત્રા:** પ્રયાગરાજમાં ગંગા, યમુના અને સરસ્વતી નદીના ત્રિવેણી સંગમ ખાતે યોજાનારા મહાકુંભના આયોજનના સ્થળની તરફ ‘અમૃત કળશ શોભાયાત્રા’ કાઢી આગળ વધી રહેલા શ્રદ્ધાળુઓ. (પીટીઆઇ)

## આસામ ખાણ દુર્ઘટના: બચાવ અભિયાનમાં સામેલ થઈ ડબલ્યૂસીએલની ટીમ

નાગપુર: નાગપુરમાં મુખ્ય મથક ધરાવતી વેસ્ટર્ન કોલફિલ્ડ્સ લિમિટેડ (ડબલ્યૂસીએલ) ની નિષ્ણાત બચાવ ટીમ આસામના ઉમરંગસો ખાતે ખાણમાં ફસાયેલા કામદારોને બચાવવાના ઓપરેશનમાં સામેલ લેવા માટે ઉત્તરપૂર્વીય રાજ્ય પહોંચી ગઇ હતી. ગુરુવારે અહીં એક અધિકારીએ આ માહિતી આપી હતી. કોલસાની ખાણમાં સોમવારે અચાનક પાણી ભરાઇ જવાના કારણે મજૂરો અંદર ફસાઇ ગયા હતા.

ખાણમાં કામ કરતા કામદારોના જણાવ્યા અનુસાર, ગેરકાયદેસર ખાણની અંદર લગભગ ૧૫ કામદારો હતા અને પાણી એક દીવાલ તોડીને આખા શાફ્ટ અને ટનલમાં ઘૂસી ગયું હતું.

ડબલ્યૂસીએલ તરફથી જાહેર કરાયેલી એક પ્રેસ રિલીઝમાં કહેવામાં આવ્યું હતું કે પાંચ સભ્યોની એક ટીમ ૮ જાન્યુઆરીએ સી-૧૩૦ હર્ક્યુલસ વિમાન મારફતે અકસ્માત સ્થળ પર પહોંચી હતી. ટીમ પાસે એક વિશાળ સબમર્સિબલ પંપ છે જે ૧૫૦ મીટરની ઊંચાઈ પર પ્રતિ મિનિટ ૫૦૦ ગેલન પાણી બહાર કાઢી શકે છે. આ ઉપરાંત કેબલ નેટવર્ક અને સ્ટાર્ટર અને બચાવ કામગીરીમાં મદદ કરવા માટે અન્ય સાધનો પણ લાવવામાં આવ્યા છે. નિવેદન અનુસાર, ભારે વજન ધરાવતા આ સબમર્સિબલ પંપને ઘટનાસ્થળ પર એ જગ્યાએ લગાવવામાં આવશે જ્યાં મજૂરો ફસાયા છે અને પાણી બહાર કાઢવામાં આવશે. બચાવ ટીમે તમામ જરૂરી સાધનો સાથે માત્ર ચાર કલાકમાં ઇમરજન્સી કોલનો જવાબ આપ્યો હતો. ■

## પાકિસ્તાનના પંજાબમાં ત્રણ હિન્દુઓનું અપહરણ

લાહોર: પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં ડાકુઓએ ત્રણ હિંદુ યુવાનોનું અપહરણ કરીને પોલીસ પાસે માગણી કરી છે કે તેઓ તેમના સાથીઓને મુક્ત કરે નહીં તો તેઓ હિંદુ યુવાનોને મારી નાખશે. પોલીસે ગુરુવારે જણાવ્યું હતું કે અપહરણ પંજાબ પ્રાંતના રહીમ યાર ખાન જિલ્લાના ભોંગ વિસ્તારમાં બુધવારે થયું હતું. ત્રણ હિંદુ યુવક - શમન, શમીર અને સાજન - ભોંગમાં ચોક સવેત્રા બેઝિક હેલ્થ યુનિટ પાસે હાજર હતા ત્યારે પાંચ સશસ્ત્ર ડાકુઓએ તેમને બંદૂકની અણી પર પકડી લીધા હતા અને કાચા (નદીના પટ્ટા) વિસ્તારમાં લઈ ગયા હતા.

બાદમાં ડાકુઓના લીડર આશિક કોરાઈએ અહેમદપુર લામા પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારી રાણા રમઝાનને સંબોધતા એક વીડિયો સંદેશ બહાર પાડ્યો હતો અને તેને ચેતવણી આપી હતી કે તેઓ તેમના (કોરાઈ) પરિવારના ૧૦ સભ્યને છોડી દે અન્યથા તેઓ ‘‘માત્ર અપહરણ કરાયેલા હિંદુ યુવકોને મારી નાખશે એટલું જ નહીં, પરંતુ પોલીસ પર પણ હુમલો કરશે.’’■

## અમેરિકામાં કુદરતનો કેર: ક્યાંક બરફનું તોફાન અને ક્યાંક દાવાનળ

▶ બરફના તોફાનમાં પાંચનાં મોત
▶ લોસ એન્જલસની આગમાં પણ પાંચનાં મોત
▶ હજારો લોકોનું સ્થળાંતર ▶ બે લાખથી વધુ વીજળી વિહોણા ▶ શાળાઓ બંધ,
▶ હજારો ફ્લાઈટ રદ ▶ અબજો ડૉલરનું નુકસાન

લોસ એન્જલસ / મેરી લૅન્ડ: અમેરિકા શિયાળામાં ભારે ઠંડી વચ્ચે કુદરતી પ્રકોપનો સામનો કરી રહ્યું છે. અમુક રાજ્યમાં ભારે હિમવર્ષાને લીધે સામાન્ય જનજીવન ખોરવાયું છે, બે લાખ લોકો વીજળી વિહોણા થઇ ગયા હતા, હજારો ફ્લાઇટ રદ કરાઇ હતી, શાળાઓ બંધ કરી દેવાઇ છે, સેંકડો કાર અકસ્માત થયા હતા અને બરફના તોફાનને લગતી દુર્ઘટનામાં ઓછામાં ઓછા પાંચ જણ માર્યા ગયાં હતાં, જ્યારે લોસ એન્જલસના વનવિસ્તારમાં અને તેની આસપાસ લાગેલી ભીષણ આગમાં જાનમાલને ભારે નુકસાન થયું છે અને ઓછામાં ઓછા પાંચ જણ માર્યા ગયાં હતાં તેમ જ હજારો લોકોને સલામત જગ્યાએ સ્થળાંતર કરવાની ફરજ પડી છે.

લોસ એન્જલસની આગને લીધે કુલ આશરે ૫૭ અબજ ડૉલરનું નુકસાન થયું હોવાનો અંદાજ છે.

લોસ એન્જલસમાં વનવિસ્તારની આગને લીધે ૧,૦૦૦થી વધારે ઘર કે ઑફિસની ઇમારત નાશ પામી છે અને અન્ય ૨૮,૦૦૦ ઇમારતને નુકસાન થયું છે.

આગને ઓલવવા હેલિકૉપ્ટરોમાંથી પાણી છાંટવામાં આવી રહ્યું છે, પણ આગ હજી સંપૂર્ણ અંકુશમાં નથી આવી. ઓછામાં ઓછા ૭૦,૦૦૦ લોકોને સલામત સ્થળે લઇ જવાયા હતા.

કેલિફોર્નિયામાં હોલિવુડના અનેક અભિનેતાઓ, ફિલ્મનિર્માતાઓ, દિગ્દર્શકો અને અન્ય અનેક શ્રીમંત લોકોને પણ ઘર કે ઑફિસ ખાલી કરીને સુરક્ષિત જગ્યાએ જવાની ફરજ પડી હતી.

લોકો મોટી સંખ્યામાં સ્થળાંતર કરતા હોવાથી ધોરીમાર્ગ પર ઘણી વખત ટ્રાફિક જૅમ થઇ જાય છે.

કેલિફોર્નિયામાં આગના ભયને લીધે ૧૦૦થી વધુ શાળા બંધ કરી દેવાઇ છે. અમેરિકામાં બીજી બાજુ મેરીલૅન્ડ, વર્જિનિયા, વેસ્ટ વર્જિનિયા, કેન્સાસ, મિસોરી, કેન્ટકી, ટેક્સાસ અને આર્કન્સાસમાં ભારે હિમવર્ષાને લીધે ઇમર્જન્સી જાહેર કરાઇ છે. આ રાજ્યો સહિતના કેટલાક રાજ્યમાં કુલ ૨,૩૦૦થી વધુ ફ્લાઇટ રદ કરાઇ હતી અથવા આશરે ૯,૦૦૦ ફ્લાઇટ મોડી પડી હતી. ઇશાન અમેરિકામાં ભારે હિમવર્ષાને લીધે આશરે બે લાખ લોકોને ત્યાં વીજ પુરવઠો ખોરવાઇ ગયો હતો.

મિસોરીની સ્ટેટ હાઇવે પેટ્રોલે જણાવ્યું હતું કે ભારે હિમવર્ષાને લીધે રસ્તા લપસણા બની ગયા છે અથવા માર્ગ પર બરફના થર જામી ગયા હોવાથી વાહનો ચલાવવાં મુશ્કેલ બની ગયાં છે. અહીં રવિવારે જ વાહન અકસ્માતોમાં ઓછામાં ઓછા ૩૬૫ લોકો ઘાયલ થયા હતા. ટેક્સાસના હ્યુસ્ટનમાં ભારે ઠંડીને લીધે એક વ્યક્તિનું બસ સ્ટોપ પર જ મૃત્યુ થયું હતું. વર્જિનિયામાં ૩૦૦થી વધુ કાર અકસ્માત થયા હતા. કેન્સાસમાં છેલ્લાં ૩૨ વર્ષમાંની સૌથી વધુ હિમવર્ષા થઇ રહી છે. (એજન્સી)■



**અગ્નિશમન:** કેલિફોર્નિયાના અલ્ટાડેનામાં આગ ઓલવતો અગ્નિશામક દળનો જવાન. દાવાનળને લીધે હજારો લોકોને સલામત જગ્યાએ સ્થળાંતર કરવાની ફરજ પડી હતી.



**હિમવર્ષા:** અમેરિકાના પેન્સિલ્વેનિયામાં ભારે હિમવર્ષાને કારણે રસ્તા પર જામી ગયેલા બરફને દૂર કરી રહેલો માણસ. અહીં 30 સેન્ટિમીટર જેટલો બરફ પડ્યો હતો.

**મહાકુંભ:** પ્રયાગરાજમાં ગંગા, યમુના અને સરસ્વતીના ત્રિવેણી સંગમ ખાતે યોજાનારા મહાકુંભ મેળાની તૈયારીના ભાગરૂપે ઊભા કરાયેલા તંબૂઓ. મહાકુંભમાં અંદાજે ૪૫ કરોડ લોકો ભાગ લે એવી આશા છે. (પીટીઆઇ)



## વાયનાડમાં કૉંગ્રેસના નેતાને આત્મહત્યા માટે ઉશ્કેરવાનો ચારની સામે ગુનો

### વિધાનસભ્ય સહિત ચારની સામે એફઆઈઆર નોંધાયો

વાયનાડ (કેરળ): અહીંના કૉંગ્રેસના જિલ્લા સ્તરના હોદ્દેદાર એન. એમ. વિજયનને આત્મહત્યા માટે ઉશ્કેરવાનો ગુનો કૉંગ્રેસના વિધાનસભ્ય આઇ. સી. બાલકૃષ્ણન અને અન્ય ત્રણની સામે નોંધાયો હતો. પોલીસે ગુરુવારે આ માહિતી આપી હતી.

જિલ્લાના એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે વિજયન અને તેના પુત્રના મૃત્યુને લગતા આ પ્રકરણમાં નોંધાયેલા પ્રથમદર્શી અહેવાલ (એફઆઇઆર)માં ભારતીય ન્યાયસંહિતાની ‘આત્મહત્યા માટે ઉશ્કેરવાના ગુના’ને સંબંધિત કલમ ઉમેરવામાં આવી હતી.

વિજયને આત્મહત્યા કરતાં પહેલાં લખેલી ચિઠ્ઠીમાં બાલકૃષ્ણન અને વાયનાડ ડિસ્ટ્રિક્ટ કૉંગ્રેસ કમિટીના પ્રમુખ એન. ડી. અપ્પાચાન સહિત પાંચ જણના નામનો ઉલ્લેખ હોવાથી હવે તેઓ આરોપી છે.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે વિજયને આત્મહત્યા કરતાં પહેલાં લખેલી ચિઠ્ઠીને આધારે અમે આ પ્રકરણમાં વધુ કાર્યવાહી કરી રહ્યા છીએ.

વાયનાડ ડિસ્ટ્રિક્ટ કૉંગ્રેસ કમિટીના ખજાનચી ૭૮ વર્ષીય વિજયન અને તેમના પુત્ર ૩૮ વર્ષીય જિજેશે આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો અને બાદમાં ૨૭ ડિસેમ્બરે સરકારી મેડિકલ કોલેજ હૉસ્પિટલમાં તેઓનું મૃત્યુ થયું હતું.

વાયનાડની આ ઘટનાને પગલે કેરળમાં રાજકીય વિવાદ ઊભો થયો છે અને શાસક માર્ક્સવાદી પક્ષે આક્ષેપ કર્યો હતો કે એક સહકારી બૅન્કમાં નોકરીને લગતા કૌભાંડમાં બાલકૃષ્ણન સંડોવાયા છે અને તેમણે જ આ પ્રકરણમાં બે જણને આત્મહત્યા કરવા માટે ઉશ્કેર્યા હતા. (એજન્સી)■

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# શ્રદ્ધામાં શિસ્ત ભળે તો મંદિરો રક્તરંજિત ના થાય

**દેશનાં** સૌથી ધનિક મંદિરોમાંથી એક એવા આંધ્ર પ્રદેશના તિરુપતિ મંદિરમાં વૈકુંઠ દ્વાર દર્શન ટિકિટ કાઉન્ટર પાસે થયેલી ધક્કામુક્કીમાં ૬ લોકોનાં મોત થયાં ને ૩૦૦થી વધુ શ્રદ્ધાળુઓ ઘાયલ થયા એ સમાચારે અરેરાટી ફેલાવી દીધી છે. એક તરફ આ ઘટનાએ ભારતમાં મંદિરોના વહીવટમાં ચાલી રહેલી ખામીઓ તરફ ધ્યાન દોર્યું છે. આપણે ત્યાં લોકોમાં શિસ્ત નથી એ મુદ્દો પણ ધ્યાને આવ્યો છે તો બીજી તરફ ધર્મસ્થાનોમાં બેઠેલા લોકો પણ ધર્મનું આચરણ કરીને પોતાની જવાબદારીથી હાથ ખંખેરી નાંખવાની માનસિકતા ધરાવે છે એ પણ છતું થઈ ગયું છે.

આમ તો ભારતમાં આ પ્રકારની ધક્કામુક્કીની ઘટનાઓ કે તેના કારણે થતાં મોતની વાત નવી નથી. ભારતમાં ભતકાળમાં સંખ્યાબંધ મંદિરોમાં આ પ્રકારની ઘટનાઓએ બની છે અને સેંકડો લોકો મોતને ભેટ્યાં હોય એવું પણ બન્યું છે. ધાર્મિક કાર્યક્રમોમાં તો આવી ઘટનાઓ વરસમાં એકાદ વાર બની જ જાય છે તેથી લોકોને આવી ઘટનાઓથી પહેલાં લાગતો એવો આઘાત પણ લાગતો નથી પણ બીજી ઘટનાઓમાં અને તિરુપતિની ઘટનામાં ફરક છે. તિરુપતિ ભારતનાં સૌથી ધનિક મંદિરોમાં એક છે. તિરુપતિ મંદિરમાં દર વરસે કરોડો શ્રદ્ધાળુએ દર્શન કરવા આવે છે તેથી શ્રદ્ધાળુઓનું મેનેજમેન્ટ કઈ રીતે કરવું તેની મેનેજમેન્ટને સમજ છે છતાં આ ઘટના બની તેથી આંચકો લાગે છે.

આ કમનસીબ ઘટના શ્રી તિરુપતિ મંદિરમાં વૈકુંઠ દ્વાર દર્શન ટિકિટ કાઉન્ટર પાસે થયેલી નાસભાગના કારણે થઈ છે. શુક્રવારથી શરૂ થતા ૧૦ દિવસના વિશેષ વૈકુંઠ દ્વાર દર્શન માટે ટોકનનું વિતરણ કરવામાં આવી રહ્યું હતું અને આ માટે મંદિર સમિતિએ ૯૧ કાઉન્ટર ખોલ્યા હતાં. તિરુપતિના બૈરાગીપટ્ટડામાં આવેલી એમજીએમ હાઈસ્કૂલમાં ભગવાન વેંકટેશ્વરના દર્શન માટે ટોકનનું વિતરણ કરવામાં આવી રહ્યું હતું.

આ હાઈસ્કૂલ વિષ્ણુ નિવાસમ મંદિરની નજીક સ્થિત છે. ટોકન લેવા માટે બુધવારે સવારથી જ હજારો ભક્તો કાઉન્ટર પર એકઠા થવા લાગ્યા હતા અને પ્રમાણમાં વધારે ભીડ એકઠી થઈ ગઈ હતી તેથી સાંજ સુધીમાં ધક્કામુક્કી શરૂ થઈ ગઈ હતી. લગભગ ૪ હજારની ભીડ જામેલી હતી ને બધાં કાઉન્ટર પાસે આ ૪ હજારથી વધુ ભક્તો લાઈનમાં ઉભા હતા ત્યારે જ કોઈએ ભક્તોને બૈરાગી પાટિડા પાર્કમાં લાઈનમાં ઉભા રહેવા માટે કહ્યું.

આ કારણે લાઈનમાં ઉભેલાં લોકો એ તરફ ભાગ્યાં અને આગળ જવાની હોડમાં અંધાધૂંધી થઈ ગઈ. લોકો નીચે પટકાયાં અને જે લોકો ભાગતાં હતાં એ કશું જોયા વિના તેમના પર થઈને દોડ્યાં તેમાં અનેક લોકોનાં ગૂંગળામણના કારણે રામ રમી ગયા. મલ્લિકા નામની મહિલાનું ઘટનાસ્થળે જ મોત થયું હતું અને તેનો વીડિયો પણ વાયરલ થયો છે. આ મહિલા બેભાન થઈ ગયેલી ને તેને સારવાર માટે ગેટ ખોલીને બહાર કાઢવામાં આવી હતી. તેનો લાભ લઈને બહાર ઉભેલાં લોકો અંદર ઘૂસવા લાગ્યા અને તેમાં નાસભાગ જેવો માહોલ સર્જાઈ ગયો. આ અંધાધૂંધીમાં બીમાર મહિલાનું તો મોત થયું જ પણ બીજાં પણ ઘણાં લોકો નીચે પટકાઈને ગંભીર રીતે ઘાયલ થઈ ગયાં ને મોતને ભેટ્યાં.

આ ઘટના ગંભીર છે ને તેના માટે દોષારોપણ શરૂ થઈ ગયું છે. તિરુપતિ મંદિરનો વહીવટ તિરુમાલા દેવસ્થાનમ ટ્રસ્ટ (ટીટીડી) કરે છે. ટીટીડીના ચેરમેન બીઆર નાયડુએ દોષનો ટોપલો વહીવટીતંત્ર પર ઢોળીને કહ્યું છે કે, વહીવટીતંત્રની ભૂલને કારણે આ બધું થયું છે. ડીએસપીએ એક વિસ્તારનો ગેટ ખોલ્યો અને લોકો અંદર ઘૂસ્યા તેમાં છ લોકોએ જીવ ગુમાવ્યા છે. ટીટીડીના ભૂતપૂર્વ ચેરમેન ભૂમા કરુણાકર રેડ્ડીએ પણ તિરુપતિમાં વિષ્ણુ નિવાસમ ખાતે દુઃખદ નાસભાગની ઘટના અંગે ટીડીપી ગઠબંધન સરકારની ટીકા કરીને તેને વહીવટી નિષ્ફળતા ગણાવી. રેડ્ડીએ યોગ્ય વ્યવસ્થાના અભાવ પર સવાલ ઉઠાવીને વર્તમાન ટીટીડી ચેરમેનની ટીકા કરીને કહ્યું કે તેઓ ભક્તોની સેવા કરવાને બદલે રાજકીય પ્રચારને પ્રાથમિકતા આપે છે. તેમણે તો વળી ટિકિટ આપવામાં ગેરવહીવટ થયાનો આક્ષેપ કરીને તેની પણ તપાસની માગ કરી છે. તેમણે તો એસપી અને અન્ય જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની પણ માગ કરીને કહ્યું છે કે, સરકારે આ દુર્ઘટનાની જવાબદારી લેવી જોઈએ અને ભગવાન વેંકટેશ્વરના ભક્તોની માફી માગવી જોઈએ.

તિરુપતિની ઘટના મુદ્દે રાજકારણ રમાઈ રહ્યું છે અને આક્ષેપબાજી થઈ રહી છે એ કમનસીબી કહેવાય. તિરુપતિ મંદિરમાં દર્શનાર્થે આવે કે દર્શનાર્થે આવવા માટેની ટિકિટ લેવા આવે, એ બધાંની જવાબદારી ટ્રસ્ટની છે એ જોતાં ટ્રસ્ટે જ બધી વ્યવસ્થા કરવી જોઈએ અને કોઈ અરાજકતા ના સર્જાય એ જોવું જોઈએ. તેના બદલે આ તો પોતાની જવાબદારીથી હાથ ખંખેરી નાખવાની વાત છે.

આ ઘટનામાં બધાં વહીવટીતંત્ર પર દોષનો ટોપલો ઢોળી રહ્યાં છે પણ લોકો પણ એટલાં જ જવાબદાર છે. લોકો ભગવાનના ધામમાં દર્શન કરવા જાય ત્યારે તેમનામાં પણ શિસ્ત અને સંયમ હોવો જોઈએ પણ એ લોકોમાં નથી હોતો ને અધીરીયાપણું બતાવે છે તેમાં આ પ્રકારની ઘચનાઓ સર્જાય છે. લોકો શિસ્તબદ્ધ રીતે ટોકન લેવા માટે ઉભાં રહ્યાં હોત તો ધક્કામૂકી કે દોડાદોડી ના કરી હોત તો પણ આ દુર્ઘટના ટાળી શકાઈ હોત. કમનસીબે આપણે ત્યાં ધર્મ સાથે ક્રિયાકાંડો વગેરે એ હદે જોડાઈ ગયાં છે કે લોકો બીજી કશી વાતની પરવા જ નથી કરતાં. ભગવાનની મૂર્તિનાં દર્શન કરવાની ઈચ્છા હોય તેમાં કશું ખોટું નથી. એ શ્રધ્ધાનો વિષય છે ને તેને માન આપવું જોઈએ પણ શ્રદ્ધા સાથે શિસ્ત ના જોડાયેલી હોય તો તિરુપતિમાં હોય એવી દુર્ઘટનાઓ બને, ભગવાનનાં મંદિર પણ રક્તરંજિત થાય. તેનાથી કોઈ ભગવાન પ્રસન્ન ના થાય એ કહેવાની જરૂર નથી, પણ લોકોમાં એટલી સમજ નથી આવતી.

તિરુપતિની દુર્ઘટના પછી લોકો કોઈ બોધપાઠ શીખે એવી આશા રાખવા જેવી નથી, પણ કમ સે કમ ધર્મસ્થાનોના કારભારી અને તંત્ર કોઈ બોધપાઠ શીખે તો પણ ઘણું છે. ભવિષ્યમાં આ પ્રકારનાં કોઈ પણ આયોજનમાં પૂરતી વ્યવસ્થા જળવાય અને લોકો પાસે પરાણે પણ શિસ્ત પળાવાય એવું આયોજન થાય તો કોઈ દુર્ઘટના નહી બને કે કોઈનું મોત નહીં થાય ને ભગવાન પણ તેનાથી જ રાજી રહેશે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌર હેમંતઋતુ પ્રારંભ), શુક્રવાર, તા. ૧૦-૧-૨૦૨૫
પુત્રદા એકાદશી, ભદ્રા

- ભારતીય દિનાંક ૨૦, માહે પૌષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, પૌષ સુદ - ૧૧
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે પૌષ, તિથિ સુદ-૧૧
- પારસી શહેનશાહી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૯મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૧મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
- નક્ષત્ર કૃત્તિકા બપોરે ક. ૧૩-૪૪ સુધી, પછી રોહિણી.
- ચંદ્ર વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૫ અમદાવાદ ક. ૦૭ મિ. ૨૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૬, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૦, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-
- ભરતી ઃ સવારે ક.૦૮-૦૦, રાત્રે ક. ૨૨-૦૦
- ઓટ ઃ બપોરે ક. ૧૪-૫૧, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૫૯ (તા.૧૧)

વ્રત પર્વાદિ ઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, પૌષ શુક્લ - એકાદશી. પુત્રદા એકાદશી (છાશ), વૈકુંઠ એકાદશી (દક્ષિણ ભારત) ભદ્રા સ. ૧૦-૧૯, મન્વાદિ. શુક્ર ઉત્તરાષાઢામાં મધ્યરાત્રિ પછી ક. ૨૬-૨૩.

- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિનાયક પૂજા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, બ્રહ્માજીનું પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, સૂર્ય-ચંદ્ર -શુક્ર દેવતાનું પૂજન, અગ્નિ પૂજા, ઉંબરાનું જાંબુનું વૃક્ષ વાવવું, સર્વશાંતિ શાંતિ પૌષ્ટિક પૂજા, તર્પણ શ્રાદ્ધ, એકાદશી વ્રત ઉપવાસ, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, તુલસી પૂજા, વિષ્ણુ સહસ્ત્રનામ સ્ત્રોત્ર વાંચન, પુરુષ સુક્ત, શ્રી સુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, મંદિરમાં પાટ અભિષેક પૂજા, ધજા -કળશ-પતાકા ચઢાવવી. મુંડન કરાવવું નહિ. નામ કરણ, દેવ દર્શન, અન્ન પ્રાશન, રાજ્યાભિષેક, બગીચો બનાવવો, નવાં વસ્ત્રો -આભૂષણ, દુકાન, વેપાર, દસ્તાવેજ, પશુ લે-વેચનાં કામકાજ, બી વાવવું, ધાન્ય ભરવું. માલ વેચવો, ખેતીવાડીનાં કામકાજ, ધાન્ય ઘરે લાવવું. મિત્રતા કરવી, નવી તિજોરીની સ્થાપના.
- આચમનઃ ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ લોકોમાં અણગમતા થઇ પડો, ચંદ્ર-ગુરુ યુતિ પ્રમાણિક.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ, ચંદ્ર-ગુરુ યુતિ (તા. ૧૧)
- ગ્રહગોચરઃ સૂર્ય-ધનુ, વક્રી મંગળ-કર્ક, બુધ-ધનુ, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- કુંભ, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# 'દિલ્હીના જાટ સમુદાયને ઓબીસી યાદીમાં સામેલ કરો', કેજરીવાલનો મોદીને પત્ર

નવી દિલ્હીઃ દિલ્હીમાં વિધાનસભા ચૂંટણી પહેલા આમ આદમી પાર્ટી (આપ) ના કન્વીનર અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ગુરુવારે ભાજપના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર પર રાજધાનીમાં જાટ સમુદાયને અનામત આપવાનું પોતાનું વચન ન પૂરું ન કરવાનો આરોપ લગાવ્યો હતો. કેજરીવાલે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને દિલ્હીના જાટ સમુદાયને કેન્દ્ર સરકારની અન્ય પછાત વર્ગો (ઓબીસી) યાદીમાં સામેલ કરવાની માંગ કરી છે. તેમણે કેન્દ્ર પર છેલ્લા દાયકાથી સમુદાયને ગેરમાર્ગે દોરવાનો અને વચનો પૂરા કરવામાં નિષ્ફળ જવાનો આરોપ પણ લગાવ્યો હતો.

કેજરીવાલે કહ્યું હતું કે, ૨૦૧૫માં ભાજપે જાટ નેતાઓને વડા પ્રધાનના નિવાસસ્થાને આમંત્રણ આપ્યું હતું અને તેમને ખાતરી આપી હતી કે દિલ્હીના જાટ સમુદાયને કેન્દ્રીય ઓબીસી યાદીમાં સામેલ કરવામાં આવશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ ૨૦૧૯માં આ જ વચન આપ્યું હતું. જોકે, આ વચનો પૂરાં કરવા માટે કંઈ કરવામાં આવ્યું નથી.

તેમણે સવાલ કર્યો હતો કે રાજસ્થાનના જાટ વિદ્યાર્થીઓને દિલ્હી યુનિવર્સિટી (ડીયુ) માં અનામતનો લાભ કેમ મળે છે, જ્યારે દિલ્હીના જાટ વિદ્યાર્થીઓને તેનાથી વંચિત રાખવામાં આવે છે. તેમણે કહ્યું હતું કે, ''દિલ્હીમાં જાટ સમુદાયનાં હજારો બાળકો ડીયુમાં પ્રવેશ મેળવી શકતા નથી કારણ કે આ સમુદાય કેન્દ્રીય ઓબીસી યાદીનો ભાગ નથી.''

કેજરીવાલે એવો પણ આરોપ લગાવ્યો હતો કે દિલ્હીના જાટ સમુદાયને દિલ્હીમાં ઓબીસી શ્રેણી હેઠળ માન્યતા આપવામાં આવી હોવા છતાં કેન્દ્ર સરકારે તેમને લાભ આપવાનો ઇનકાર કર્યો છે. આપના વડાએ કહ્યું હતું કે ''આ વિશ્વાસઘાત છે. કેન્દ્ર સરકારે દિલ્હીના જાટ સમુદાયને ઓબીસી યાદીમાં સામેલ કરવા જોઈએ જેથી તેમને કેન્દ્ર સરકારની સંસ્થાઓમાં નોકરીઓ અને કોલેજમાં પ્રવેશ દરમિયાન અનામત મળે.''

કેજરીવાલે કહ્યું કે દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (એમસીડી), દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરિટી (ડીડીએ) અને પબ્લિક વર્કસ ડિપાર્ટમેન્ટ (પીડબલ્યૂડી) જેવી કેન્દ્રીય એજન્સીઓ દિલ્હીમાં મોટા પાયે કામ કરે છે અને જાટ સમુદાયનો ઓબીસી યાદીમાં સમાવેશ તેમના માટે નોંધપાત્ર તકો ખોલશે. તેમણે સમુદાયની માગણીઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી લડત ચાલુ રાખવાનું વચન આપ્યું હતું. નોંધનીય છે કે ૭૦ સભ્યોની દિલ્હી વિધાનસભા માટે પાંચ ફેબ્રુઆરીએ મતદાન થશે. આ ચૂંટણીનાં પરિણામો ૮ ફેબ્રુઆરીએ જાહેર કરવામાં આવશે. ■

# છત્તીસગઢમાં સલામતી દળ સાથેની અથડામણમાં ત્રણ નક્સલવાદી ઠાર

રાયપુર/સુકમા ઃ ગુરુવારે છત્તીસગઢના સુકમા જિલ્લામાં સલામતી દળો સાથેની અથડામણમાં ત્રણ નક્સલવાદી માર્યા ગયાં હતાં, એવી માહિતી રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન વિજય શર્માએ આપી હતી. તેમણે કહ્યું હતું કે સલામતી દળોએ સુકમામાં નક્સલવાદવિરોધી ઓપરેશનમાં આ સફળતા મેળવી હતી.

ગૃહ મંત્રાલયે રાયપુરમાં પત્રકારોને કહ્યું હતું કે ત્રણ નક્સલવાદીના મૃતદેહો મળ્યા હતા અને સર્ચ ઓપરેશન હજી ચાલુ છે.

નક્સલવાદીઓએ છઠ્ઠી જાન્યુઆરીએ બિજાપુર જિલ્લામાં કરેલા આઈઈડી બ્લાસ્ટમાં આઠ જવાન અને એક મુલકી ડ્રાઈવર માર્યા ગયા હતા. નક્સલવાદીઓએ જે કર્યું એનાથી સુરક્ષા દળોમાં મોટો ગુસ્સો છે.

શર્માએ કહ્યું હતું કે હું સુરક્ષા દળોના જવાનોને મળ્યો હતો. હું ભારપૂર્વક જણાવું છું કે આપણા જવાનોની તાકાત અને પરાક્રમને લીધે નક્સલવાદ નિર્ધારિત સમયમાં નાબૂદ થઈ જશે.

ગુરુવારે સવારે સુકમા અને બિજાપુર જિલ્લાની સરહદે અથડામણ ફાટી નીકળી હતી. સુરક્ષા દળોની સંયુક્ત ટીમ નક્સલવાદવિરોધી ઓપરેશન કરી રહી હતી ત્યારે આ અથડામણ થઈ હતી.

આ ઓપરેશનમાં ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ, સ્પેશ્યલ ટાસ્ક ફોર્સ અને કોબરા (કમાન્ડો બટાલિયન ફોર રીસોલ્યુટ એક્શન-સીઆરપીએફની ચુનંદા યુનિટ)ના જવાનોએ આ કામગીરી બજાવી હતી. આ વર્ષે રાજ્યમાં થયેલી અથડામણોમાં કુલ નવ નક્સલવાદી માર્યા ગયાં છે. (એજન્સી) ■

# મધ્ય પ્રદેશની હાઇ સિક્યોરિટી ધરાવતી ભોપાલ સેન્ટ્રલ જેલમાં મળ્યું ચીની ડ્રોન

ભોપાલ ઃ મધ્ય પ્રદેશની હાઇ સિક્યોરિટી ધરાવતી ભોપાલ સેન્ટ્રલ જેલની અંદર ચીનમાં બનેલું ડ્રોન મળી આવ્યું હતું. ત્યારબાદ અધિકારીઓએ તેની તપાસ શરૂ કરી હતી. ગુરુવારે એક અધિકારીએ આ માહિતી આપી હતી.

જેલ અધિક્ષક રાકેશ કુમાર બાંગરેએ પીટીઆઈને જણાવ્યું હતું કે જેલની અંદર બી-બ્લોક બિલ્ડિંગની પાસે એક ગાર્ડે બુધવારે બપોરે ૩.૩૦ થી ૪ વાગ્યાની વચ્ચે એક બ્લેક કલરનું ડ્રોન જોયું હતું. લગભગ ૩૦ થી ૪૦ ગ્રામ વજન ધરાવતું આ ડ્રોન ચાર્જ અવસ્થામાં હતું.

તેમણે કહ્યું કે કોઇએ પણ જેલ પરિસરમાં ડ્રોનને ઊતરતા જોયું નહોતું. પ્રથમ દ્રષ્ટિએ એવું લાગે છે કે આ માનવરહિત હવાઈ ઉપકરણ બાળકોનું હોઈ શકે છે, જેઓ જેલની નજીક તેની સાથે રમી રહ્યા હતા. અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું કે ૧૫૧ એકરમાં ફેલાયેલી આ જેલમાં ૨,૬૦૦ કેદીઓની ક્ષમતા સામે ૩,૬૦૦ કેદીઓ છે.

બાંગરેએ જણાવ્યું હતું કે આમાં પ્રતિબંધિત સંગઠન સ્ટુડન્ટ્સ ઇસ્લામિક મુવમેન્ટ ઓફ ઇન્ડિયા (સિમી) સાથે જોડાયેલા ૩૨ કેદીઓ પણ સામેલ છે. જેમને જેલની હાઇ સિક્યોરિટી ધરાવતા વિસ્તારમાં રાખવામાં આવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, 'અમે ડ્રોનને ગાંધીનગર પોલીસને સોંપી દીધું છે.' તેઓએ ચીની નિર્મિત ડ્રોનની તપાસ શરૂ કરી દીધી છે. આ મામલે વધુ માહિતી માટે ભોપાલ પોલીસ કમિશનર એચ.સી મિશ્રાનો સંપર્ક થઈ શક્યો નથી.

ભોપાલ સેન્ટ્રલ જેલ નવેમ્બર ૨૦૧૬માં ચર્ચામાં આવી હતી, જ્યારે સિમીના આઠ કેદીઓ જેલ ગાર્ડની હત્યા કરીને ભાગી ગયા હતા. ભોપાલના બહારના વિસ્તારમાં સુરક્ષા કર્મચારીઓ પર ગોળીબાર કર્યા બાદ પોલીસે તેમને ઠાર માર્યા હતા. ■

# ઓમર અબ્દુલ્લા પણ 'ઇન્ડિયા' જૂથની વિરુદ્ધ

જમ્મુઃ ઇન્ડી જૂથ સાથે જોડાયેલ કોઈ સમય મર્યાદા ન હોવાનું ભારપૂર્વક જણાવતા, જમ્મુ અને કાશ્મીરના મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લાએ ગુરુવારે તેના નેતૃત્વ અને કાર્યસૂચિ અંગે સ્પષ્ટતાના અભાવ પર નારાજગી વ્યક્ત કરતા કહ્યું હતું કે જો ગઠબંધન માત્ર સંસદીય ચૂંટણીઓ માટે જ હતું તો તેને સમાપ્ત કરવું જોઈએ.

અબ્દુલ્લાએ કહ્યું કે આમ આદમી પાર્ટી, કોંગ્રેસ અને અન્ય રાજકીય પક્ષો નક્કી કરશે કે કેવી રીતે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) સાથે અસરકારક રીતે સ્પર્ધા કરવી.

''દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીઓ પછી, તેઓએ જોડાણના તમામ સભ્યોને બેઠક માટે બોલાવવા જોઈએ. જો આ જોડાણ માત્ર સંસદીય ચૂંટણીઓ માટે હતું, તો તેને સમાપ્ત કરવું જોઈએ, અને અમે અલગથી કામ કરીશું અને નહીં તો આપણે સાથે બેસીને સામૂહિક રીતે કામ કરવું પડશે,'' એમ અબ્દુલ્લાએ અહીં પત્રકારોને જણાવ્યું હતું.

અબ્દુલ્લા આરજેડી નેતાના નિવેદન અંગેના પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા કે ઇન્ડી જૂથ માત્ર લોકસભાની ચૂંટણીઓ માટે જ છે.

તેમણે કહ્યું હતું કે ''જ્યાં સુધી મને યાદ છે, આ માટે કોઈ સમય મર્યાદા નક્કી કરવામાં આવી નથી. મુદ્દો એ છે કે આ વિશે ઇન્ડી જૂથની કોઈ બેઠક બોલાવવામાં આવી નથી.'' ■

# ચાડના પ્રમુખના રાજમહેલ પરના હુમલામાં ૧૯નાં મોત

અન જામેના ઃ ચાડના પ્રમુખના મહેલ પર થયેલા હુમલામાં ૧૮ હુમલાખોરોનાં મરણ થયાં હતાં અને આમાંથી છના કસ્ટડીમાં મરણ થયાં હતાં. સરકારી માધ્યમોના જણાવ્યા પ્રમાણે આ હુમલામાં એક સૈનિકનું પણ મૃત્યુ થયું હતું અને ત્રણ ઘાયલ થયા હતા.

બુધવારે રાત્રે ચાડના પ્રમુખ મહામત ડેબી મહેલમાં હતા ત્યારે હુમલો થયો હતો. જોકે સત્તાવાળાઓએ કહ્યું હતું કે પરિસ્થિતિ ઝડપથી કાબૂમાં લાવવામાં આવી હતી.

વિદેશ પ્રધાન એબદેરમન કોલામલ્લાએ કહ્યું હતું કે પરિસ્થિતિ એકદમ કાબૂમાં છે. ગભરાવાની જરૂર નથી. તેમણે ફેસબુક પર જીવંત પ્રસારણ કર્યું ત્યારે પ્રમુખના મહેલમાં તેઓ સૈનિકોથી ઘેરાયેલા હતા. સરકારી ટીવી પર આપેલી મુલાકાતમાં કોલામલ્લાએ મહેલના ચોકિયાતોની સાવધાનીની સરાહના કરી હતી. તેમણે હુમલાખોરોને દારૂડિયા, માદકદ્રવ્યો લેનારા અને આયોજનવિહોણા ગણાવ્યા હતા. શું આ હુમલો આતંકવાદીઓએ કર્યો હતો એવા સવાલના જવાબમાં તેમણે કહ્યું હતું કે ના એમ નથી. હુમલાખોરો રાજધાનીના સ્થાનિક યુવાનો હતા.

ચીનના વિદેશપ્રધાન વાન્ગ યી જે દિવસે આ દેશની મુલાકાતે આવ્યા એ જ દિવસે હુમલો કરવામાં આવ્યો હતો. ■

## પહેલા પાનાનું ચાલુ

### સારું ભવિષ્ય

રાજદૂત જેવા ખરા પ્રતિનિધિ ગણું છું. ભારતીયોને વિવિધતામાંની એકતાના પાઠ શીખવવાની જરૂર નથી. ભારતીયોનું જીવન જ વૈવિધ્યથી ભરેલું છે. ભારતીયો જે પણ દેશમાં જઇને કામ કરે છે ત્યાં પ્રામાણિકતાથી તે રાષ્ટ્રના વિકાસ માટે અને તેને સમૃદ્ધ બનાવવામાં યોગદાન આપે છે. વિદેશમાં રહેતા ભારતીયોનું દિલ પોતાના મૂળ વતન માટે સદાય ધબકતું રહે છે. મને વિદેશોમાં પણ પ્રેમ અને માન મળી રહ્યાં છે અને તેના માટે ત્યાં વસતા ભારતીયોનો ખાસ આભારી છું. હું છેલ્લાં દસ વર્ષ દરમિયાન વિશ્વના અનેક નેતાને મળ્યો હતો અને તેમાંના મોટા ભાગના નેતાઓએ ભારતીયોની અને ભારતીયોના સામાજિક મૂલ્યોની પ્રશંસા કરી હતી. ભારતે અનેક દેશમાં પોતાની એલચી કચેરી કે દૂતાવાસની સંખ્યા વધારી છે.

મોદીએ જણાવ્યું હતું કે ભારતને ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે વિદેશમાં રહેતા ભારતીયોની મદદ લેવી જરૂરી છે. છેલ્લાં દસ વર્ષમાં પચીસ કરોડથી વધુ લોકોને ગરીબીમાંથી બહાર લાવવામાં આવ્યા હતા. ભારતનું અર્થતંત્ર વિશ્વમાં પાંચમા ક્રમે પહોંચી ગયું છે અને નજીકના ભવિષ્યમાં ત્રીજા ક્રમે પણ આવી જશે.

વડા પ્રધાને જણાવ્યું હતું કે ભારતમાં ડિજિટલ ક્ષેત્રે ઘણી જ ઝડપી પ્રગતિ થઇ રહી છે. ભારતમાં જ યુદ્ધવિમાનો અને પરિવહન માટેનાં વિમાનો પણ બની રહ્યાં છે. હવે એવા દિવસો દૂર નથી કે જ્યારે વિદેશમાંના ભારતીયો ભારતમાં જ બનેલા વિમાનમાં પ્રવાસ કરશે.

તેમણે જણાવ્યું હતું કે દરેક જણે પ્રયાગરાજમાં યોજાઇ રહેલા 'મહાકુંભ મેળા'ની બધાએ મુલાકાત લેવી જોઇએ. ભારતમાં બનેલી ચીજો અને માલસામાન વધુ ખરીદો અને ભારતને વિકસિત રાષ્ટ્ર બનવામાં મદદ કરો.

ત્રણ દિવસના આ સંમેલનમાં પચાસ દેશમાંથી આવેલા બિન-રહીશ ભારતીયો અને પર્સન્સ ઑફ ઇન્ડિયન ઓરિજિન ભાગ લઇ રહ્યા છે. (પીટીઆઇ) ■

### ગુજરાતીઓના

અપાઇ છે. બીજા પ્રદર્શનમાં વિદેશમાંના ભારતીયોએ દેશના વિકાસમાં આપેલા યોગદાન તેમ જ ટૅક્નોલૉજી અને વિકસિત ભારતનો દૃષ્ટિકોણ રજૂ કરાયો છે.

ત્રીજા પ્રદર્શનમાં ગુજરાતના માંડવીથી ઓમાનના મસ્કત પહોંચેલા ભારતીયો, ખાસ કરીને ગુજરાતીઓના પ્રવાસ અને યોગદાનનું વર્ણન કરાયું છે.

ચોથા પ્રદર્શનમાં ઓડિશાની સંસ્કૃતિ અને સમૃદ્ધ પરંપરા રજૂ કરાઇ છે. મોદીએ ગુજરાત, મહારાષ્ટ્ર સહિતના કેટલાક રાજ્યના સ્ટોલની મુલાકાત પણ લીધી હતી.(એજન્સી) ■

### તિરુપતિ નાસભાગ

છે. આ દર્ઘટનામાં છ જણ મરણ પામ્યા હતા અને ૪૦ જણ ઘાયલ થયા હતા. નાયડુએ પત્રકાર પરિષદને સંબોધતાં કહ્યું હતું કે મેં ડીએસપી સહિત બે અધિકારીઓને સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો છે. તેમણે વધુમાં કહ્યું હતું કે મેં તિરુપતિના વહીવટ અને નિયંત્રણામાં ખામી અને ત્રુતિ જોયા હતા.

હકીકતમાં આ યંત્રણા ચોક્કસ હોવી ઘટે. બનાવ અંગે શોક વ્યક્ત કરતાં તેમણે મૃતકોના પરિવારને ૨૫ લાખ રૂપિયા અને ઈજા પામેલાને બે લાખ રૂપિયા એક્સ ગ્રેસિયા આપવાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે તિરુપતિમાં ટોકન આપવાની પ્રથા જૂના શાસન વખતે લાગુ પડાઈ હતી. અગાઉની સિસ્ટમમાં ટોકન તિરુમાલા હિલ્સમાં દેવાતા હતા. ■

### તિરુપતિ નાસભાગમાં

કતારમાં ઊભા હતા. ગંભીર રીતે ઘાયલ ઘણા લોકોને રુઇયા હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

ઘટનાસ્થળેથી બહાર આવેલા વીડિયોમાં ભાગદોડ જેવી સ્થિતિ જોઈ શકાય છે. ઘટના પછી તરત જ, એમ્બ્યુલન્સ ઘાયલોને લઈને હૉસ્પિટલ જવા રવાના થઈ હતી. વીડિયોમાં ઘણા ભક્તો જમીન પર પડેલા પણ જોવા મળે છે. પોલીસકર્મીઓ અને અન્ય લોકો પણ તેમને સીપીઆર આપતાં જોઈ શકાય છે. તે જ સમયે, કેટલાક શ્રદ્ધાળુઓને ખુરશીઓ પર બેસાડીને સલામત સ્થળોએ લઈ જવામાં આવી રહ્યા છે.

આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન ચંદ્રબાબુ નાયડુએ પણ તિરુપતિ મંદિર સંકુલમાં થયેલી ભાગદોડની ઘટના પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે અને અધિકારીઓ સાથે ફોન પર ઘટનામાં ઘાયલ થયેલા લોકોને આપવામાં આવતી સારવાર અંગે વાત કરી છે. મુખ્ય પ્રધાન સમયાંતરે જિલ્લા અને ટીટીડી અધિકારીઓ સાથે વાત કરીને વર્તમાન પરિસ્થિતિ વિશે માહિતી લઈ રહ્યા છે. મુખ્ય પ્રધાને ઉચ્ચ અધિકારીઓને સ્થળની મુલાકાત લેવાનો આદેશ આપ્યો છે.

મલ્લિકા નામના એક મૃતકના પતિએ જણાવ્યું હતું કે, ''મારી પત્ની અને અન્ય લોકો વૈકુંઠ દ્વાર દર્શનની ટિકિટ લેવાનો પ્રયાસ કરી રહ્યા હતા, ત્યારે નાસભાગ મચી ગઈ, જેના પરિણામે તેનું મૃત્યુ થયું હતું.''

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે ''તિરુપતિ, આંધ્ર પ્રદેશમાં નાસભાગથી દુઃખી છું. મારા વિચારો તે લોકો સાથે છે જેમણે તેમના નજીકના અને પ્રિયજનોને ગુમાવ્યા છે. હું પ્રાર્થના કરું છું કે ઘાયલો જલદી સ્વસ્થ થઈ જાય. આંધ્ર પ્રદેશની સરકાર અસરગ્રસ્તોને તમામ શક્ય સહાય પૂરી પાડી રહી છે.''

દરમિયાન, ટીટીડીના અધ્યક્ષ બીઆર નાયડુએ એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું હતું કે નાસભાગ એ ''એક અકસ્માત'' હતો.

''આ એક દુર્ભાગ્યપૂર્ણ ઘટના છે, જેમાં છ યાત્રાળુઓએ જીવ ગુમાવ્યો છે. અત્યાર સુધીમાં, ફક્ત એક જ યાત્રાળુની ઓળખ થઈ શકી છે, જ્યારે અન્યની ઓળખ થવાની બાકી છે. મુખ્ય પ્રધાન ચંદ્રબાબુ નાયડુ આ ઘટના અંગે ખૂબ જ ગંભીર છે અને અધિકારીઓ સાથે વાતચીતમાં અસંતોષ વ્યક્ત કર્યો છે.'' એમ ટીટીડી (તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ)ના ચૅરમૅને જણાવ્યું હતું.

એમ પણ જાણવા મળ્યું છે કે આ ઘટના બાદ મુખ્ય પ્રધાને મંદિરના સંચાલકોનો પણ ઉધડો લીધો હતો અને સવાલ કર્યો હતો કે, ''બહોળી સંખ્યામાં શ્રદ્ધાળુઓ હાજરી આપશે તે જાણીને પર્યાપ્ત વ્યવસ્થા કેમ કરવામાં આવી ન હતી? શું આવી સંવેદનશીલ પરિસ્થિતિઓને સંચાલિત કરવામાં અત્યંત તકેદારી અને જવાબદારી સુનિશ્ચિત કરવી મહત્ત્વપૂર્ણ નથી?'' તેમણે ટીટીડી અધિકારીઓને ટોકન વિતરણ કાઉન્ટરોના સંચાલનની પુનઃસમીક્ષા કરવા અને ભવિષ્યમાં આવી ઘટનાઓને રોકવા માટે સુરક્ષા વ્યવસ્થા વધારવાનો આદેશ આપ્યો હતો. મુખ્ય પ્રધાને જાહેરાત કરી છે કે તેઓ ઘાયલોને વ્યક્તિગત રીતે મળવા અને પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા આવતી કાલે સવારે તિરુપતિની મુલાકાત લેશે.

દરમિયાન કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ પાર્ટીના તમામ નેતાઓ અને કાર્યકરોને ''આ મુશ્કેલ સમયમાં તમામ શક્ય સહાય પૂરી પાડવા'' વિનંતી કરી છે.

નોંધનીય છે કે ટીટીડીના અધિકારીઓ ત્રણ દિવસમાં ૪૦,૦૦૦ પ્રતિ દિવસના દરે ૧.૨ લાખ ટોકન જારી કરશે. આ સાથે, વૈકુંઠ દ્વાર સર્વ દર્શન ટોકન માટે મોટી સંખ્યામાં ભક્તો ઊમટ્યા છે. ■

# ગુજરાતમાં ઉત્તરાયણ પર્વ પર ઈમર્જન્સી કેસો વધવાની શક્યતા: ૧૦૮ ઈમર્જન્સીએ એક્શન પ્લાન તૈયાર કર્યો

અમદાવાદ: ગુજરાતમાં ઉત્તરાયણના પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. આ પર્વ દરમિયાન પશુ અને પક્ષીઓના રેસ્ક્યુ માટે રાજ્ય સરકાર દ્વારા કરુણા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. તેની સાથે ૧૦૮ની ઈમર્જન્સી સેવાના કર્મચારીઓ પણ ખડેપગે ફરજ બજાવી રહ્યા છે. ઉત્તરાયણના બે દિવસ દરમિયાન નોંધાતા ઈમર્જન્સી કેસોને ધ્યાનમાં રાખીને ૧૦૮ ઈમર્જન્સી સેવા દ્વારા વર્ષ ૨૦૨૫ની ઉત્તરાયણ મુદ્દે પૂર્વાનુમાન કરવામાં આવ્યું હતું. ૧૦૮ ઈમર્જન્સી દ્વારા આપવામાં આવેલી વિગતો પ્રમાણે આગામી ૧૪ જાન્યુઆરીએ રાજ્યમાં ૧૪૭૬ અને ૧૫ જાન્યુઆરીએ ૧૪૯૫ જેટલા ઈમર્જન્સી કેસો નોંધાઈ શકે છે. તે ઉપરાંત અમદાવાદ, બનાસકાંઠા, ગાંધીનગર, રાજકોટ અને સુરત સહિતના જિલ્લાઓમાં કેસોની સંખ્યામાં વધારો થવાની શક્યતાઓ વ્યક્ત કરાઈ હતી.

૧૦૮ દ્વારા આપવામાં આવેલી વિગતો અનુસાર, ૧૪ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ અંદાજે ૧,૪૭૬ ઇમર્જન્સી કેસ નોંધાવાની શક્યતા છે, જે સામાન્ય દિવસોમાં નોંધાતા ૮૪૨ કેસોની સરખામણીએ ૭૫.૨૮% નો વધારો દર્શાવે છે. તેવી રીતે, ૧૫ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ૧,૪૯૫ ઇમર્જન્સી કેસ થવાની શક્યતા છે, જે ૭૭.૫૩% નો વધારો દર્શાવે છે. મુખ્ય જિલ્લાઓ, જેમ કે અમદાવાદ, અરવલ્લી, બનાસકાંઠા, ગાંધીનગર, મહિસાગર, નવસારી, પંચમહાલ, પાટણ, રાજકોટ, સાબરકાંઠા, સુરત અને સુરેન્દ્રનગરમાં વિશેષ વૃદ્ધિ થવાની અપેક્ષા સેવાઈ રહી છે.

બીજી તરફ કરુણા અભિયાન અંતર્ગત, પ્રાણી અને પંખીઓને ઝડપથી મદદ પહોંચે તે માટે એમ્બ્યુલન્સની સંખ્યા ૧૪ અને ૧૫ જાન્યુઆરી દરમિયાન ૩૭થી વધારીને ૮૭ કરવામાં આવી છે. ૧૪ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ પંખી સંકળાતા ઇમર્જન્સી કેસનો આંક ૬૮૫ અને ૧૫ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ આંક ૪૮૭ રહેવાની શક્યતા છે, જે સામાન્ય દિવસોના ૨૬ કેસોની સરખામણીએ નોંધપાત્ર વધારો દર્શાવે છે. ૧૦૮ સેવા દ્વારા નાગરિકોને અનુરોધ કરાયો છે. ■

# ઉત્તરાયણ પહેલાં રાજ્યમાં પતંગ પકડવાની લાયમાં બે બાળકોએ જીવ ગુમાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઉત્તરાયણને હવે ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે. આ દરમિયાન એક જ પ્રકારની બે ચોંકાવનારી ઘટના સામે આવી હતી. ધાબા પર પતંગ ચગાવતી વખતે બે માસૂમને વીજ કરંટ લાગતાં મૃત્યુ નીપજ્યાં હતાં. જેને લઈ તેમના પરિવાજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. સુરતમાં સચીન જીઆઈડીસીમાં પતંગ ચગાવતા બાળકનું વીજશોક લાગતાં મૃત્યુ નીપજ્યું હતું. ક્રિષ્ના નગરમાં રહેતો ૧૩ વર્ષીય બાળક ધાબા પર પતંગ ચગાવી રહ્યો હતો. આ દરમિયાન હાઈટેન્શન લાઈનમાં પતંગની દોરી અડી જતાં ધડાકો થયો હતો. જેમાં બાળક ગંભીર રીતે દાઝી જતાં હૉસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજ્યું હતું. બીજી ઘટના રાજકોટના શાપરમાં બની હતી. શાપરમાં રહેતો ૧૧ વર્ષનો બાળક ધાબા પરથી પતંગ લેવા ચઢ્યો હતો. આ દરમિયાન ઈલેક્ટ્રિક સબ સ્ટેશનના પોલ પરથી પતંગ લેવા જતાં વીજ કરંટ લાગ્યો હતો. જેના કારણે તે સ્થળ પર જ ભડથું થયો હતો. ■

# રાજ્યમાં ઉદ્યોગોને ગ્રીન એનર્જી મળે તે દિશામાં સરકાર આયોજન કરી રહી છે: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં સરદારધામ આયોજિત ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ અને એક્ઝિબિશનનો પ્રારંભ કરાવતાં જણાવ્યું હતું કે, પાટીદાર સમાજે ભવિષ્યલક્ષી આયોજનો સાથે વિકાસની હરણફાળ ભરી છે. રાજ્યમાં ઉદ્યોગોને ગ્રીન એનર્જી મળે તે દિશામાં સરકાર આયોજન કરી રહી છે

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે વધુમાં કહ્યું કે, વેપાર-ઉદ્યોગની ગુજરાતની ખ્યાતિ અને ક્ષમતાને વિશ્વ સમક્ષ મૂકવાની પહેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૦૩ના સફળ આયોજનથી વડા પ્રધાન મોદીએ કરી હતી. આ વાયબ્રન્ટ સમિટ આજે ગુજરાતના વિકાસ રોલમૉડેલની અને સામાજિક ક્રાન્તિની ઓળખ બની ગઈ છે. દેશનાં અન્ય રાજ્યો પણ આવી સમિટ યોજતાં થયાં છે. આવા ઉદ્યોગો માટે પૂરતી વીજળી અને પર્યાપ્ત પાણી જેવી પાયાની જરૂરિયાત રાજ્ય સરકાર પૂરી પાડી રહી છે અને રાજ્યમાં ગ્રીન એનર્જીના ઉત્પાદનથી ઉદ્યોગોને ગ્રીન એનર્જી મળે તે દિશામાં પણ સરકારનું આયોજન છે. સરદાર પટેલ સાહેબનો એકતાના બળે પ્રગતિનો વિચાર અહીં સૌનો સાથ સૌનો વિકાસના મંત્ર સાથે સાકાર થયો છે.

કેન્દ્રીય રમતગમત અને શ્રમ રોજગાર પ્રધાન મનસુખ માંડવિયાએ કહ્યું કે, સરદાર સાહેબની વિચક્ષણ ક્ષમતા, બુદ્ધિ, એકતા અને વિરાસતનો પાટીદાર સમાજ વાહક છે. દેશ પરિવર્તન સાથે આગળ વધી રહ્યો છે અને મોદીના નેતૃત્વમાં વિકસિત ભારત બનવા જઈ રહ્યું છે. યુવાનો માટે ધંધા-વ્યવસાય માટે દેશમાં ઉત્તમ પ્રકારના અવસરોનું સર્જન થઈ રહ્યું છે. વિશ્વના વિકસિત દેશો પણ વિકાસની ગતિમાં ધીમા પડી રહ્યા છે ત્યારે ભારતનું અર્થતંત્ર ૮ ટકાના દરે વિકસી રહ્યું છે. વર્ષ ૨૦૨૬ના અંત સુધીમાં ભારતની ઇકોનોમી સાત ટ્રિલિયન ડૉલર થાય એ દિશામાં, દેશ આગળ વધી રહ્યો છે. ■

# ગુજરાતની સ્કૂલોમાં ખાલી પડેલી જગ્યાઓ ભરવાની સત્તા જિલ્લા તંત્રને સોંપવા શાળા સંચાલક મંડળની માગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતની સ્કૂલોમાં શિક્ષકોની ખાલી પડેલી ૧૫૩૫૭ જગ્યાઓ પૈકી હાલમાં ૬ હજાર જેટલા શિક્ષકો ફરજ બજાવી રહ્યા છે. સ્કૂલોમાં ખાલી પડેલી અડધી જગ્યાઓ પર વિભાગ દ્વારા કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી નથી. આ સ્થિતિમાં સ્કૂલોમાં ખાલી રહેલી શિક્ષકોની જગ્યાઓ ભરવાની સત્તા જિલ્લાઓને સોંપવા શાળા સંચાલક મંડળ દ્વારા શિક્ષણ વિભાગ પાસે માગ કરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગુજરાતની સ્કૂલોમાં પહેલી જૂન ૨૦૨૪ની સ્થિતિએ ૧૫૩૮૭ શિક્ષકોની જગ્યાઓ ખાલી પડી હતી. જે પૈકી બે વર્ષથી ૧૧ માસના કરાર પર જ્ઞાન સહાયકની ભરતી શરૂ કરવામાં આવી હતી. આ સ્થિતિમાં હાલમાં ૬ હજારથી વધારે જગ્યા ભરાયેલી છે. જેની સામે અડધાથી વધુ જગ્યાઓ ખાલી પડી છે. કેન્દ્રીય ભરતી દરમિયાન ખાલી પડનારી જગ્યાઓ ભરવા વર્ષોથી રજૂઆત છતાં શિક્ષણ વિભાગ દ્વારા કોઈ કામગીરી કરાતી નથી. જેથી ખાલી પડનારી જગ્યાઓ ભરવાની સત્તા જિલ્લાઓને સોંપવા સંચાલક મંડળ દ્વારા રજૂઆત કરાઈ હતી.

શાળા સંચાલક મંડળ દ્વારા રજૂઆત કરાઈ હતી કે, મેરિટ પ્રમાણે જે ઉમેદવારોને જે સ્કૂલમાં નિયુક્તિ મળે ત્યાં જવાનું હોય છે. જેથી તેઓ સ્કૂલ દૂર હોય તો હાજર થતા નથી. આ સ્થિતિમાં બેઠકો ખાલી પડી રહે છે અને તાલુકા કે જિલ્લા કક્ષાની સ્કૂલોને યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકો મળી શકતા નથી.

શાળા સંચાલક મંડળે શિક્ષણ વિભાગ સમક્ષ કરેલી રજૂઆતમાં એવો ઉલ્લેખ કરાયો હતો કે, અગાઉ જિલ્લાઓને ભરતીની સત્તા સોંપવામાં આવી હતી ત્યારે જિલ્લા અને તાલુકા કક્ષાએ લાયકાત ધરાવતા શિક્ષકો મળી રહેતા હતા, પરંતુ જ્યારથી જ્ઞાન સહાયકોની કરાર આધારિત ભરતી શરૂ કરાઈ છે ત્યારથી ખાલી જગ્યાઓ ભરવા માટે અનેક રજૂઆતો બાદ પણ કોઈ ચોક્કસ ઉકેલ આવતો નથી. આમ અધિકારીઓની યોગ્ય વ્યવસ્થાના અભાવે અસંખ્ય સ્કૂલોને પૂરતા શિક્ષકો મળી શકતા નથી. જેથી ભરતીની સત્તા જિલ્લા તંત્રને સોંપવા રજૂઆત કરાઈ હતી. ■

# ગુજરાત સરકારે ઓપરેશન ગંગાજળ હેઠળ વધુ ચાર આરોગ્ય અધિકારીઓને ફરજિયાત નિવૃત્ત કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકારે ભ્રષ્ટ અધિકારીઓને ઘરભેગા કરવા માટે ઓપરેશન ગંગાજળ શરૂ કર્યું હતું. આ ઓપરેશન હેઠળ વધુ ચાર આરોગ્ય અધિકારીઓને ફરજિયાત નિવૃત્ત કરીને ઘરભેગા કરી દેવામાં આવ્યા હતા. જેમાં બે તાલુકા હેલ્થ ઑફિસર અને બે મેડિકલ ઑફિસરોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ઓપરેશન ગંગાજળ હેઠળ રાજ્ય સરકારે અત્યાર સુધીમાં ૩૫થી વધુ અધિકારીઓને ફરજિયાત નિવૃત્ત કરી દીધા છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજ્ય સરકારે દાંતિવાડાના તાલુકા હેલ્થ ઑફિસર બિજોલ ભેદ્રુ, નડિયાદના તાલુકા હેલ્થ ઑફિસર વિપુલ અમીનને નિવૃત ફરજિયાત નિવૃત કર્યા હતા. તે ઉપરાંત સંખેડાના મેડિકલ ઑફિસર રાજીવ નયન અને આણંદના મેડિકલ ઑફિસર મયંક ચૌહાણને ફરજિયાત નિવૃત કરવામાં આવ્યા હતા.

ગુજરાત સરકારના આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા ચાર અધિકારીઓને પાંચ જાન્યુઆરી ૨૦૨૫એ ચાલુ નોકરીએ જ સેવાનિવૃત્તિ આપી દેવાઈ હતી. આ ચાર અધિકારીઓ વર્ગ ત્રણના હોદ્દા પર કાર્યરત હતા. ઉપરોક્ત કર્મચારીઓને બિનઅધિકૃત ગેરહાજરી, નબળી વહીવટી અને નાણાકીય કામગીરી, બેદરકારી અને નિષ્કાળજી, ફક્ત શારીરિક ઉપસ્થિતિ, કામ ટાળવાની વૃત્તિ અને ફરજ પર નિરસતા, ફરજ પર નશા કરવાની ટેવ, સતત માંદગી સબબ લાંબી રજાઓ લઈ ફરજ પર હાજર ન રહેવા, સરકારી નાણાંની હંગામી ઉચાપત, વહીવટી કાર્યમાં બિનકુશળતા, ફરજ બજાવવાની અસમર્થતા, ફરજ પર મોડા આવવા, ખોટા ટી.એ. બિલ લેવા, નાણાકીય કામગીરીમાં અનિયમિતતા તથા સાથી અધિકારી અને કર્મચારી સાથે ઉદ્ધત વર્તન જેવાં કારણોસર ફરજિયાત નિવૃત્તિ આપી ઘર ભેગા કરી દેવાયા હતા. ■

# ગુજરાતની સરકારી અને ગ્રાન્ટેડ સ્કૂલોને મૂલ્યાંકનમાં ૬૭ માપદંડોના આધારે ગ્રેડ અપાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સમગ્ર રાજ્યમાં ગુણોત્સવ ૩.૦ અંતર્ગત સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓને ગ્રેડેશન આપવા માટેનું મૂલ્યાંકન શરૂ થયું છે. રાજ્યના છેવાડાના વિસ્તારમાં આવેલી શાળાના વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તે માટે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા મૂલ્યાંકનની પ્રક્રિયા કરાઈ રહી છે. આ ચકાસણી બાદ જરૂરી જણાય તે સ્કૂલમાં શિક્ષણ બાબતે મહત્ત્વનાં સૂચનો અને ફેરફાર કરવામાં આવશે.

રાજ્યના અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર સહિતના વિવિધ જિલ્લાઓમાં આવેલી સરકારી-ગ્રાન્ટ ઈન એઈડ પ્રાથમિક-માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક સ્કૂલો તેમ જ આશ્રમ શાળાઓ મળીને અંદાજે ૪૦ હજાર શાળાઓમાં સ્કૂલ મૂલ્યાંકનની શરૂઆત કરવામાં આવી હતી. સ્કૂલો પોતાની રીતે ૩૦ ડિસેમ્બરથી ૧૮મી જાન્યુઆરી દરમિયાન સ્વ મૂલ્યાંકન પ્રક્રિયા હાથ ધરશે. જેમાં ૩૩ ટકા સુધીનું પરિણામ ધરાવતી ૧૩ હજાર શાળાઓની જાન્યુઆરીથી મે સુધીમાં ક્રોસ વેરિફિકેશન પ્રક્રિયા હાથ ધરાશે.

આ વખતે કુલ ૧૦૦૦ માર્ક છે તેમાંથી આચાર્ય દ્વારા જે સ્વ મૂલ્યાંકન છે તેનું ૨૦ ટકા વેઇટેજ છે. જ્યારે ૬૦ ટકા ડેટા આધારિત મૂલ્યાંકન છે. જેમાં વર્ષ દરમિયાન જુદી-જુદી એકમ કસોટીઓ લેવામાં આવતી હોય છે. વિદ્યાર્થીઓ અને શિક્ષકોની હાજરી, સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓનું પરફોર્મન્સ સહિતની બાબતોના આધારે ઑનલાઈન ડેટા અપલોડ કરવાનો હોય છે. જેમાં ગ્રેડ આપવામાં આવે છે. ■

# ઈકોઝોન મુદ્દે કૃષિ અને વન પ્રધાન સાથે ભારતીય કિસાન સંઘની બેઠક: હકારાત્મક રિપોર્ટની ખાતરી અપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગીર સોમનાથ, જૂનાગઢ અને અમરેલી જિલ્લાના જંગલમાં હાલ ઈકોઝોન નથી છતાં ત્યાં રહેતા સિંહો સહિતનાં વન્ય પ્રાણીઓને કોઈ નુકસાન નથી તેવી રજૂઆત સાથે ગાંધીનગર ખાતે કૃષિ પ્રધાન રાઘવજી પટેલ અને વન પ્રધાન મૂળુભાઈ બેરા તથા બંને વિભાગના ઉચ્ચ અધિકારીઓની ભારતીય કિસાન સંઘના અગ્રીમ અગ્રણીઓ સાથે બેઠક યોજાઈ હતી.

ગાંધીનગર ખાતે યોજાયેલ બેઠકમાં ભારતીય કિસાન સંઘ દ્વારા કરવામાં આવેલી રજૂઆતની નોંધ લઈ આ કાયદા અંગે કેન્દ્રમાં હકારાત્મક રિપોર્ટ મોકલવામાં આવશે તેમ વનપ્રધાન અને પ્રભારી મંત્રીએ ખાતરી આપી હતી. ત્રણ જિલ્લાના જંગલ વિસ્તારમાં રહેતાં સિંહ સહિતનાં વન્ય પ્રાણીઓને કોઈ નુકસાન થતું નથી અને ખેડૂતો દ્વારા વન અને પર્યાવરણનું રક્ષણ થાય છે. તે છતાં પણ ત્રણ જિલ્લાનાં ૧૯૬ ગામોને ઈકો સેન્સિટિવ ઝોનમાં સમાવેશ કરવા પેરવી થઈ રહી છે તેવી રજૂઆત આ બેઠકમાં કરવામાં આવી હતી.

આ બેઠકમાં કિસાન સંઘે ૧૩ મુદ્દાનું આવેદનપત્ર રજૂ કર્યું હતું. જેમાં ઈકોઝોનનો કાયદો આવવાથી ખેતી પ્રધાન દેશમાં ખેડૂતોને ખેતી છોડવી પડે તેવી જોગવાઈ છે. ખેડૂતો તથા ખેતીને નુકસાન થાય તેવા કોઈ પણ કાયદા દેશમાં હોવા જોઈએ નહીં. ખેડૂતો માટે આફત રૂપ જંગલ ખાતાના જટિલ કાયદાથી ખેડૂતો તથા ખેતીને અત્યારે પણ પારાવાર મુશ્કેલી પડે છે. તેની વિસ્તૃત છણાવટ પણ કરવામાં આવી હતી.

ગીર સોમનાથ જિલ્લાનાં સેટલમેન્ટનાં ૧૪ ગામોને રેવન્યૂ વિભાગમાં તબદિલ કરવા નિર્ણય લેવાયો છતાં પણ કાર્યવાહી થતી નથી. આવી ખેડૂતો વિરોધી નીતિઓને કારણે પ્રજા તથા ખેડૂતો ઈકોઝોનનો વિરોધ કરી રહ્યા છે. જેથી હવે કિસાન સંઘ ઈકો સેન્સિટિવ ઝોનના કાયદાનો વિરોધ કરે છે એમ રજૂઆતોમાં જણાવાયું હતું.

ભારતીય કિસાન સંઘ દ્વારા રજૂઆતમાં જણાવાયું હતું કે, ખેડૂતો થકી સિંહ સહિતનાં વન્ય પ્રાણીઓની વસ્તી વધી છે. મૅનેજમેન્ટના અભાવે વન્યપ્રાણીઓ જંગલ છોડી બહાર નીકળી ગયાં છે.

ખેડૂતોને વીજળી, પાણી, રસ્તાના મુદ્દે વનતંત્ર દ્વારા પરેશાન કરવામાં આવે છે. ગોળના રાબડા અને પશુપાલન બંધ જઈ જશે. જો ખોરાક અને પાણી જંગલમાં જ મળી રહે તો વન્યપ્રાણીઓ રેવન્યુમાં ન આવે. તેવી અનેક રજૂઆતો કરાઈ હતી. ■

# ગુજરાત હાઈ કોર્ટની ટકોર બાદ પોલીસ એક્શનમાં: કાચના પાઉડરથી દોરી રંગતા વેપારીઓ પર તવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ઉત્તરાયણના પર્વ માટે પતંગ-દોરીનું માર્કેટ ધમધમવા માંડ્યું છે. બીજી તરફ માર્કેટમાં જીવલેણ ચાઈનીઝ દોરીનું વેચાણ થતું હોવાથી હાઈ કોર્ટે આકરી ટકોર કર્યા બાદ પોલીસ એક્શનમાં આવી હતી. પોલીસે રાજ્યમાં ચાઈનીઝ દોરીનું વેચાણ કરનારા વેપારીઓ સામે તવાઈ બોલાવી હતી. બીજી તરફ કાચી દોરીને કાચના પાઉડરથી રંગીને ધારદાર બનાવતા વેપારીઓ સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. અમદાવાદ શહેરમાં એક જ દિવસમાં પાંચ વેપારીઓ સામે કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

ગુજરાત હાઈ કોર્ટે ચાઇનીઝ દોરી મુદ્દે તંત્ર સામે આકરું વલણ અપનાવતાં પોલીસે એક્શન મોડ પર આવી કેસ કરવાનું શરૂ કરી દીધું હતું. અમદાવાદમાં પોલીસે ચાઈનીઝ દોરીનું વેચાણ કરતા નાના વેપારીઓની ધરપકડ કરીને વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. માત્ર ચાઈનીઝ દોરી જ નહીં, પણ કાચના પાઉડરનો ઉપયોગ કરીને કાચી દોરીને ધારદાર બનાવતા વેપારીઓ સામે પણ કાર્યવાહી કરાઈ હતી. કારણ કે માત્ર ચાઈનીઝ દોરી જ નહીં, પણ કાચના પાઉડરવાળી ધારદાર દોરીથી પણ લોકોનાં ગળાં કપાય છે અને પક્ષીઓને ગંભીર ઈજાઓ પહોંચે છે. વેપારીઓ કાચી દોરીમાં કાચનો ભુક્કો નાખે નહીં તે માટે પોલીસ એલર્ટ છે.

ચાઇનીઝ દોરી, ગ્લાસકોટેડ માંજા, ચાઇનીઝ તુક્કલ પર પ્રતિબંધ હોવા છતાંય તેનું વેચાણ થતાં હાઈ કોર્ટ પણ લાલઘૂમ થઈ છે. વર્ષ ૨૦૧૬માં ગુજરાત હાઈ કોર્ટમાં ચાઇનીઝ નાયલોન ગ્લાસ કોટેડ દોરી, ગ્લાસ કોટેડ કોટન દોરી અને આગ માટે જવાબદાર ચાઇનીઝ તુક્કલ પર પ્રતિબંધની માગ સાથે જાહેર હિતની અરજી દાખલ કરાઈ હતી.

ગત વર્ષે ઉત્તરાયણ દરમિયાન રાજ્યમાં ૧૩ હજાર જેટલાં પક્ષી ઘાયલ થયાં હતાં અને ૧ હજાર કરતાં વધુ પક્ષીનાં મોત થયાં હતાં. હાઈ કોર્ટ ચાઇનીઝ દોરી અને ચાઇનીઝ તુક્કલ સામે રાજ્ય સરકાર દ્વારા સર્ક્યુલર અને નોટિફિકેશન જાહેર થયાં છે. ૨૪ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ચાઇનીઝ દોરી અને ચાઇનીઝ તુક્કલ વિરુદ્ધ ગૃહ વિભાગે જાહેરનામું બહાર પાડ્યું હતું. રાજ્યના દરેક શહેરના પોલીસ કમિશનર, કોર્પોરેશન અને જિલ્લા મૅજિસ્ટ્રેટને ચાઇનીઝ દોરી અને ચાઇનીઝ તુક્કલના ઉત્પાદક, વેચાણકર્તા, ખરીદનાર અને વાપરનારા સામે પગલાં લેવા જણાવાયું છે, જેની ડ્રાઇવ પોલીસ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવે છે. ■

# રાજ્ય સરકાર બાળકોને સોશિયલ મીડિયા અને સ્માર્ટ ફોનની અસરોથી દૂર રાખવા ગાઈડલાઈન જાહેર કરશે

અમદાવાદ: સમગ્ર દેશમાં બાળકોમાં સોશિયલ મીડિયા - સ્માર્ટ ફોનનો વ્યાપ વધી રહ્યો છે. જેના કારણે બાળકોમાં વાંચનશક્તિ અને રમતગમતનો વ્યાપ પણ ઘટી રહ્યો છે. જેથી રાજ્ય શિક્ષણ પ્રધાન પ્રફુલ પાનશેરિયાએ ગાંધીનગર ખાતે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ સુનયના તોમર સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે બાળકોને સોશિયલ મીડિયા- સ્માર્ટ ફોનની નકારાત્મક અસરોથી બાળકોને કઈ રીતે દૂર રાખી શકીએ તે અંગે ગંભીર ચર્ચાઓ કરી હતી.

રાજ્ય શિક્ષણ પ્રધાન પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું હતું કે, બાળકો, વાલીઓ અને શિક્ષકો માટે ચિલ્ડ્રન યુનિવર્સિટી અને ટીચર યુનિવર્સિટી તેમ જ સિવિલના સાયકાટ્રિસ્ટની સાથે પરામર્શ કરીને એક પરિપત્ર બહાર પાડવામાં આવશે અને બાળકોના ભવિષ્યની ચિંતા કરીને એક અભિયાન સ્વરૂપે શરૂ કરવામાં આવશે. બાળકોનો સોશિયલ મીડિયા-સ્માર્ટ ફોનનો વધુ ઉપયોગ તેમની શારીરિક અને માનસિક શક્તિને અસર કરી રહ્યો છે, બાળકો મોબાઈલનો ઉપયોગ ઓછો કરે અને રમતગમત પ્રત્યે વધુ ધ્યાન આપે તે માટે વાલીઓ તેમ જ શિક્ષકો માટે એક પરિપત્ર બહાર પાડવામાં આવશે જેમાં શિક્ષકોનો ક્લાસરૂમમાં મોબાઈલના ઉપયોગ પર પ્રતિબંધ અને પ્રાથમિક શાળાનાં બાળકો મોબાઈલ લઈને શાળામાં ન જઈ શકે તે માટે કડક પગલાં લેવામાં આવશે.

તેમણે ઉમેર્યું હતું કે, બાળકોના સોશિયલ મીડિયા-સ્માર્ટ ફોનના ઉપયોગને બદલે તેમને વાંચન રમતગમત જેવી પ્રવૃત્તિઓમાં જોડાયેલા રહે તે માટે શાળાઓના શિક્ષકોને માહિતગાર કરવામાં આવશે. તેમણે બાળકોનાં માતા-પિતાને વિનંતી કરી હતી કે, બાળકોની સામે પોતે સોશિયલ મીડિયાનો ઉપયોગ ન કરે, માતા-પિતા પોતે પોતાનાં બાળકના ભવિષ્યની ચિંતા કરીને સોશિયલ મીડિયાથી બાળકને દૂર રાખે.

બાળકો સોશિયલ મીડિયાથી દૂર રહી પોતાના જીવનમાં વાંચન અને રમતગમતને સ્થાન આપે તે માટે શિક્ષકો અને વાલીઓ, બાળકો માટે એક પરિપત્ર બહાર પાડનારું ગુજરાત પ્રથમ રાજ્ય હશે અને અન્ય રાજ્યો ગુજરાતથી પ્રેરણા લેશે તેવી તેમણે આશા વ્યક્ત કરી હતી. તેમણે એન.જી.ઓ, ધાર્મિક સંસ્થાઓ, તેમ જ સામાજિક કાર્યકરો તેમ જ મીડિયાના મિત્રોને બાળકોને સોશિયલ મીડિયા- સ્માર્ટ ફોનથી દૂર રહે તે માટેના મહાભિયાનમાં જોડાવા વિનંતી કરી હતી, તેમ જ ચિલ્ડ્રન યુનિવર્સિટી અને ટીચર યુનિવર્સિટી સરકાર સાથે મળીને કઈ રીતે આ મહાભિયાન લોકો સુધી વધુ ને વધુ પહોંચે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી.

દરેક શાળામાં શોર્ટ ફિલ્મ મારફતે બાળકોના વાલીઓને સોશિયલ મીડિયાના ઉપયોગો અને તેના નુકસાન વિષે માહિતગાર કરવામાં આવશે, વાલીઓ અને શિક્ષકો જો જાગૃત હશે તો જ બાળકો સોશિયલ મીડિયાથી દૂર રહી વાંચનની સાથે પોતાનું જીવનઘડતર અને સ્પોર્ટ્સ સાથે જોડાઈને પોતાની તંદુરસ્તીનો ખ્યાલ રાખી શકશે. ■

# ગુજરાતના પ્રધાનોને તેમના વિભાગો હેઠળની કચેરીઓની આકસ્મિક મુલાકાત લેવા સીએમની તાકીદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં આગામી સમયમાં વિધાનસભાનું બજેટ સત્ર યોજાશે અને ત્યાર બાદ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજવાની તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. આ પહેલાં રાજ્યના તમામ કૅબિનેટ અને રાજ્યકક્ષાના પ્રધાનોને તેમના વિભાગો હેઠળ આવતી કચેરીઓમાં યોજનાઓ પ્રમાણે કામગીરી થાય છે કે નહીં તેની આકસ્મિક મુલાકાત કરીને સમીક્ષા કરવા મુખ્ય પ્રધાને તાકીદ કરી હતી.

મુખ્ય પ્રધાન દ્વારા આપવામાં આવેલી સૂચનાઓ પ્રમાણે રાજ્યના કૅબિનેટ અને રાજ્યકક્ષાના પ્રધાનોને કોઈ પણ કચેરીની આકસ્મિક મુલાકાત દરમિયાન કર્મચારીઓ કે અધિકારીઓની નબળી કામગીરી કે જો કોઈ ગેરરીતિ દેખાય તો તેની સામે નિયમાનુસાર કડકમાં કડક કાર્યવાહી કરવા તથા પોત-પોતાના વિભાગની કામગીરી અંગેનો ફીડબેક મેળવીને જરૂર પડ્યે તેમાં સુધારો કરવા સહિત દરેક વિભાગોની યોજનાકીય કામગીરી અને બાકી રહેતાં કામો પૂરાં કરવા જણાવાયું હતું. ■

# કરુણા અભિયાન અંતર્ગત રાજ્યમાં આઠ વર્ષમાં ૯૭ હજાર પશુ-પક્ષીઓને રેસ્ક્યુ કરી સારવાર અપાઈ

અમદાવાદ: ગુજરાતમાં ઉત્તરાયણના પર્વના સમયગાળામાં પતંગ-દોરીથી અનેક અબોલ પશુ-પક્ષીઓ ઘાયલ થતાં હોય છે. ધર્મપ્રેમી લોકો પશુઓને, ખાસ કરીને ગાયને ઘાસ ખવડાવતાં હોય છે. જેથી ઘણી વાર પશુઓને આફરો અને પોઇઝનિંગ થતું હોય છે. આવાં પશુ-પક્ષીઓને તાત્કાલિક ધોરણે રેસ્ક્યુ કરીને યોગ્ય સારવાર પૂરી પાડી શકાય તે માટે વર્ષ ૨૦૧૫થી દર વર્ષે ગુજરાત સરકાર દ્વારા કરુણા અભિયાન હાથ ધરવામાં આવે છે. આ વર્ષે પણ રાજ્યભરમાં ૧૦થી ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન કરુણા અભિયાન હાથ ધરવામાં આવશે.

વન અને પર્યાવરણ પ્રધાન મૂળુભાઈ બેરાએ અપીલ કરતાં કહ્યું હતું કે, સવારે અને સાંજે પક્ષીઓ ખોરાક માટે વિચરતાં હોય છે જેથી સવારે અને સાંજે શક્ય હોય તો પતંગ ન ચગાવવા જોઈએ. ગેરકાયદેસર ચાઇનીઝ દોરીનો પણ ઉપયોગ ન કરવો જોઈએ. રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલી આ કરુણાસભર પહેલના પરિણામે અનેક અબોલ પશુ-પક્ષીઓને નવજીવન મળ્યું છે.

તેમણે કહ્યું હતું કે, છેલ્લાં આઠ વર્ષમાં કરુણા અભિયાન અંતર્ગત રાજ્યભરમાં ૯૭,૨૦૦થી વધુ પશુ-પક્ષીઓને રેસ્ક્યુ કરાયાં છે. જે પૈકીના ૩૧,૪૦૦થી વધુ પશુઓને તેમ જ ૬૫,૭૦૦થી વધુ પક્ષીઓને યોગ્ય સારવાર આપવામાં આવી છે. સૌથી વધુ અમદાવાદ જિલ્લામાં આશરે ૧૭,૬૦૦થી વધુ પશુ-પક્ષીઓને સારવાર આપાઈ છે. જેમાં ૨,૪૦૦ જેટલાં પશુઓ અને ૧૫,૨૦૦થી વધુ પક્ષીઓનો સમાવેશ થાય છે.

તેમણે ઉમેર્યું હતું કે, રાજ્યના કોઈ પણ સ્થળે ઘાયલ પક્ષીઓને ઝડપી અને યોગ્ય સારવાર આપવા માટે વન વિભાગ દ્વારા વૉટ્સએપ નંબર ૮૩૨૦૦૦૨૦૦૦ અને ૧૯૨૬ હેલ્પલાઇન જાહેર કરાયો છે. આ નંબર પર મેસેજ કરવાથી એક લિંક મળશે જેને ક્લિક કરવાથી જિલ્લાવાર ઉપલબ્ધ તમામ પક્ષી સારવાર કેન્દ્રોની માહિતી મળશે. આ ઉપરાંત પશુપાલન વિભાગ દ્વારા ૧૯૬૨ નંબર સેવારત છે. આ નંબરનો સંપર્ક કરી નાગરિકો અબોલ પશુ-પક્ષીઓનો જીવ બચાવી શકશે.

વન અને પર્યાવરણ રાજ્ય પ્રધાન મુકેશભાઈ પટેલે ઉત્તરાયણ પર્વની શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતું કે, કરુણા અભિયાન-૨૦૨૫માં આશરે ૬૦૦થી વધુ વેટરનિટી તબીબો તેમ જ ૮,૦૦૦થી વધુ સેવાભાવી સ્વયંસેવકો સેવારત રહેશે. સાથે જ, પશુપાલન વિભાગ, વન વિભાગ અને વિવિધ સેવાભાવી સંસ્થાઓનાં મળીને રાજ્યભરમાં કુલ ૧,૦૦૦થી વધુ સારવાર કેન્દ્રો પણ ઊભાં કરાશે. આ અભિયાન દરમિયાન રાજ્યભરનાં ૮૬૫ પશુ દવાખાનાં, ૩૪ વેટરનરી પોલિક્લિનિક, ૨૭ શાખા પશુ દવાખાનાં ઉપરાંત ૫૮૭ જેટલાં ફરતાં પશુદવાખાનાં અને ૩૭ કરુણા એનિમલ એમ્બ્યુલન્સ રજાના દિવસે પણ કાર્યરત રહેશે. અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત સહિતના શહેરી વિસ્તારોમાં ઉપલબ્ધ પશુ સારવાર સંસ્થા ઉપરાંત ૫૦ જેટલા વધારાના મોબાઇલ યુનિટ દ્વારા સારવાર આપવા માટેની યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

ગત વર્ષે કરુણા અભિયાન અંતર્ગત રાજ્યભરમાં ૧૩,૮૦૦થી વધુ પશુ-પક્ષીઓને રેસ્ક્યુ કરાયાં હતાં, જેમાં ૪,૪૦૦થી વધુ પશુઓ અને ૯,૩૦૦થી વધુ પક્ષીઓનો સમાવેશ થાય છે. જ્યારે, છેલ્લાં ૦૮ વર્ષમાં અમદાવાદ જિલ્લા બાદ સૌથી વધુ સુરત જિલ્લામાં ૧૩,૩૦૦થી વધુ, વડોદરા જિલ્લામાં ૧૦,૭૦૦થી વધુ, રાજકોટ જિલ્લામાં ૮,૩૦૦થી વધુ, આણંદ જિલ્લામાં ૬,૮૦૦થી વધુ અને જૂનાગઢ જિલ્લામાં ૬,૧૦૦થી વધુ પશુ-પક્ષીઓને રેસ્ક્યુ કરીને સારવાર પૂરી પાડવામાં આવી છે. ■

# અમરેલી લેટરકાંડ મુદ્દે પરેશ ધાનાણી ધરણાં પર બેઠા: ચર્ચા માટે ભાજપના નેતાઓને ખુલ્લું આમંત્રણ

અમદાવાદ: અમરેલી લેટર કાંડમાં પાટીદાર યુવતી પાયલ ગોટી સાથે પોલીસે કરેલા વર્તનને લઈ કૉંગ્રેસના નેતા પરેશ ધાનાણી અમરેલીના રાજકમલ ચોક ખાતે ૨૪ કલાકના નારી સ્વાભિમાન આંદોલન અંતર્ગત ધરણાં પર બેઠા હતા. જેમાં કૉંગ્રેસના વીરજી ઠુંમર, લલિત વસોયા, જેની ઠુંમર સહિત અનેક નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. ધરણાં દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

પૂર્વ સાંસદ વીરજી ઠુંમરે જણાવ્યું, કૌશિક વેકરિયાને બોલાવ્યા હતા કે જો તમે સાચા હો તો આવીને ચર્ચા કરો, ખુલાસો કરો, પણ પાયલ ગોટી સાથે તમે જે કર્યું છે એ યોગ્ય નથી. તપાસ માટે જે એસઆઈટીની રચના કરાઈ છે તેના પર અમને ભરોસો નથી. કૌશિક વેકરિયા આવ્યા નહીં એટલે લાગે છે કે એમના પર જે આક્ષેપ થયા એ સાચા છે અને તેઓ દોષિત છે. તેઓ ૪૦ લાખ રૂપિયાનો હપ્તો ઉઘરાવે જ છે. એટલે જ જવાબ દેવા આવ્યા નહોતા.

લલિત વસોયાએ કહ્યું, અમરેલી પોલીસની વર્તણૂક નિંદનીય છે. તેમણે ભાજપના નેતા અને પૂર્વ સાંસદ નારણ કાછડિયાને ખુલ્લું આમંત્રણ આપતાં કહ્યું, આવો નારણભાઇ સિંહના કલેજા સાથે આ દીકરીને ન્યાય ન મળે ત્યાં સુધી આપ લડાઈ કરો. ■

# 'ડિજિટલ એરેસ્ટ'ને બહાને નાણાં પડાવનારી રાજસ્થાની ટોળકી પકડાઈ

## દક્ષિણ મુંબઈની હૉટેલમાં રહીને ટોળકી છેતરપિંડીથી મેળવેલી રકમ મુંબઈની બૅન્કમાંથી કઢાવતીઃ મોટા ભાગની રકમ યુએસડીટીથી વિદેશ મોકલાતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગુનામાં સંડોવણીનું જુઠ્ઠાણું ચલાવી ડિજિટલ એરેસ્ટને બહાને નાગરિકો પાસેથી નાણાં પડાવનારી રાજસ્થાનની ટોળકીને સાયબર પોલીસે દક્ષિણ મુંબઈની હૉટેલમાંથી પકડી પાડી હતી. સાયબર ફ્રોડથી મેળવેલા રૂપિયા મુંબઈની બૅન્કમાંથી કઢાવીને મોટા ભાગની રકમ યુએસડીટીથી વિદેશ મોકલવામાં આવતી હોવાનું તપાસમાં જણાયું હતું.

નૉર્થ રિજન સાયબર પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ ગંગવિશન માંજુ (૩૨), વિકાસ બિશ્નોઈ (૨૧), પ્રેમસુખ બિશ્નોઈ (૧૯), રામનિવાસ બિશ્નોઈ (૩૨), સુનીલ બિશ્નોઈ (૨૪) અને અજયકુમાર બિશ્નોઈ (૨૧) તરીકે થઈ હતી. આરોપીઓ પાસેથી વિવિધ બૅન્કનાં ૧૫ ડેબિટ કાર્ડ, ૧૬ ચેકબુક, ૧૦ મોબાઈલ ફોન, ૧૭ સિમ કાર્ડ અને ૩.૫૦ લાખની રોકડ જપ્ત કરવામાં આવી હતી.

કાંદિવલીમાં વડીલો સાથે રહેતા કિરણ નાગરેચા (૪૯)ની ફરિયાદને આધારે સાયબર પોલીસે તપાસ હાથ ધરી હતી. ફરિયાદમાં જણાવાયું હતું કે ૧૨ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ફરિયાદીને અજાણ્યા નંબર પરથી કૉલ આવ્યો હતો. સૌપ્રથમ ટ્રાયના કર્મચારીના સ્વાંગમાં આરોપીએ ફરિયાદી સાથે વાત કરી હતી. ફરિયાદીના સિમ કાર્ડનો ઉપયોગ વિવિધ ગુનામાં થયો હોવાથી સિમ કાર્ડ બંધ થવાની ભીતિ આરોપીએ બતાવી હતી. બાદમાં પોલીસની વરદી પહેરેલા શખસ સાથે વીડિયો કૉલ પર ફરિયાદીની વાત કરાવાઈ હતી. દિલ્હીમાં નોંધાયેલા ગુનામાં ફરિયાદીની સંડોવણી સામે આવી હોવાથી તેનું એરેસ્ટ વૉરન્ટ અને બૅન્ક ખાતા ફ્રિઝ કરવાનો આદેશ કોર્ટે આપ્યો છે, એવું આરોપીએ કહ્યું હતું. આ રીતે ડરાવીને ફરિયાદીને રૂપિયા ટ્રાન્સફર કરવાની ફરજ પડાઈ હતી.

અધિકારીના જણાવ્યા મુજબ આરોપીએ જણાવેલા બૅન્ક ખાતામાં ફરિયાદીએ ૩૨ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. આ પ્રકરણે ગુનો નોંધી સાયબર પોલીસે તપાસ હાથ ધરી હતી. તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે ફરિયાદીએ જે બૅન્ક ખાતામાં રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા તેમાંથી અલગ અલગ ૧૫ બૅન્ક ખાતાંમાં એ નાણાં ટ્રાન્સફર કરાયાં હતાં. એક બૅન્ક ખાતાની વિગત તપાસતાં તે ચેમ્બુરની શાખાનું હોવાનું જણાયું હતું. બૅન્ક ખાતા સાથેના મોબાઈલ નંબર અને ઈ-મેઈલની તપાસમાં પોલીસ આરોપીઓ સુધી પહોંચી હતી. પકડાયેલા આરોપી રાજસ્થાનના વતની હોવાનું પોલીસે જણાવ્યું હતું.

## સંસ્થા સમાચાર

### ધીરગુરુદેવની નિશ્રામાં શશીકાંત જી. બદાણી વિદ્યાલય પ્રવેશદ્વાર ઉદ્ઘાટન વિધિ




સૌરાષ્ટ્ર શિક્ષણ અને સેવા સમાજ - રાજકોટના ઉપક્રમે પૂ. શ્રી. ધીરગુરુદેવના અનુગ્રહથી નવનિર્મિત શશીકાંત જી. બદાણી વિદ્યાલયના પ્રવેશદ્વારની ઉદ્ઘાટન વિધિ તા. ૧૧ને શનિવારે સવારે ૧૦ થી ૧૧ કલાકે સરસ્વતી શિશુમંદિર, મારૂતિનગર, ઍરપોર્ટ ફાટક પાસે દાનવીર શશીકાંતભાઈ જી. બદાણીના વરદ્ હસ્તે રાખેલ છે. આ પ્રસંગે શ્રી અજયભાઈ શેઠ, મહેશભાઈ વાઘર, શૈલેશભાઈ વિરાણી તેમજ અનેક મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ચેરમેન અપૂર્વ મણીઆર, મે. ટ્રસ્ટી ડૉ. બળવંત જાની તેમ જ રમેશભાઈ ઠાકર, અનિલભાઈ કિંગર, પલ્લવીબેન દોશી, સમીરભાઈ પંડિત, ખંતીલભાઈ મહેતા, રક્ષિતભાઈ પાદરીયા જહેમત ઉઠાવી રહેલ છે.

ગુજરાતી શાળામાં ૯૦૦ આસપાસ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રાષ્ટ્ર પ્રેમની ભાવનામાં અગ્રેસર બની રહ્યા છે.

# ગોરેગામની શાળાના બાથરૂમમાં વિદ્યાર્થિનીની આત્મહત્યા

મુંબઈઃ ગોરેગામની શાળાના બાથરૂમમાં ૧૧મા ધોરણમાં ભણતી વિદ્યાર્થિનીએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હોવાની આંચકાજનક ઘટના બની હતી. આરે પોલીસના જણાવ્યા મુજબ ઘટના ગુરુવારે સવારે ૯.૩૦થી ૧૦ વાગ્યા દરમિયાન બની હતી. બાન્દ્રામાં રહેતી ૧૭ વર્ષની વિદ્યાર્થિની ૧૧મા ધોરણમાં ભણતી હતી.

સવારે બાથરૂમમાં ગયેલી વિદ્યાર્થિની વીસેક મિનિટ પછી પણ બહાર ન આવતાં મહિલા સફાઈ કર્મચારીને શંકા ગઈ હતી. બાથરૂમનો દરવાજો અંદરથી બંધ હોવાથી કર્મચારીએ શાળાના સત્તાવાળાને જાણ કરી હતી. દરવાજો તોડવામાં આવતાં વિદ્યાર્થિનીનો મૃતદેહ નજરે પડ્યો હતો. બૂટની દોરીની મદદથી વિદ્યાર્થિનીએ ગળાફાંસો ખાધો હોવાનું પોલીસનું કહેવું છે. કહેવાય છે કે વિદ્યાર્થિની માનસિક તાણમાં હતી અને તેની સારવાર પણ ચાલી રહી હતી. આ મામલે પરિવારના સભ્યોનાં નિવેદન નોંધવામાં આવી રહ્યાં છે. તેમણે કોઈની વિરુદ્ધ શંકા વ્યક્ત કરી નહોતી. આરે પોલીસે એડીઆર નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# આદિત્ય ઠાકરે ત્રીજી વખત દેવેન્દ્ર ફડણવીસને મળ્યા

## વોટર ફોર ઓલ પ્રોજેક્ટ ફરી ચાલુ કરવાની વિનંતી કરી હોવાનું કહ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેના ઠાકરે જૂથના વિધાનસભ્ય આદિત્ય ઠાકરેએ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની નવી સરકારના ગઠન પછી ત્રીજી વખત મુલાકાત કરી હતી. એવું જાણવા મળ્યું છે કે આ બેઠક મુંબઈની વિવિધ સમસ્યાઓ અને વરલી મતવિસ્તારના પડતર મુદ્દાઓના સંદર્ભમાં યોજાઈ હતી.

બે દિવસ પહેલા આદિત્ય ઠાકરેએ કહ્યું હતું કે દેવેન્દ્ર ફડણવીસ રાજ્યના મુખ્ય પ્રધાન છે, તેથી તેઓ રાજ્ય અને મુંબઈના મુદ્દાઓ તેમની સાથે ઉઠાવતા રહેશે. ત્યારબાદ, આદિત્ય ઠાકરે ગુરુવારે ફરી ફડણવીસને મળવા માટે મંત્રાલયમાં ગયા હતા.

શિવસેના (યુબીટી) ના નેતા અને ભૂતપૂર્વ પ્રધાન આદિત્ય ઠાકરેએ ગુરુવારે દેવેન્દ્ર ફડણવીસને મળ્યા પછી મીડિયા સાથે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે 'આજે અમે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાથે વાત કરી અને તેમને વિનંતી કરી કે અમે લાવેલી નવોટર ફોર ઓલ' યોજના ફરીથી લાગુ કરવામાં આવે. પાછલી સરકારે (શિંદે) આ યોજનાને અભરાઈ પર ચડાવી દીધી હતી. અમે ઇચ્છીએ છીએ કે મુંબઈના દરેક ઘરને પાણી મળે.

આ પહેલા આદિત્ય ઠાકરે બે વાર મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મળ્યા હતા.

નાગપુર શિયાળુ સત્ર દરમિયાન, આદિત્ય ઠાકરે ઉદ્ધવ ઠાકરે સાથે ગયા હતા અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

# આતંકવાદ સામેની લડાઈમાં ભારત - અમેરિકા સાથ સાથ

મુંબઈઃ આતંકવાદ સામેની લડાઈમાં ભારત અને અમેરિકા સાથ સાથ છે એમ ભારતમાં અમેરિકાના રાજદૂત એરિક ગાર્સેટીએ ગુરુવારે જણાવ્યું હતું. ગુનેગારોને ન્યાયના દાયરામાં લાવવા માટે બંને દેશો વચ્ચે ગુપ્ત માહિતીની વહેંચણીમાં થયેલા વધારા અને સહકાર પર સંતોષ વ્યક્ત કર્યો હતો. અમેરિકન ડ્રીમ અને ઈન્ડિયન ડ્રીમ એક જ સિક્કાની બે બાજુ છે એમ જણાવી તેમણે ઉમેર્યું હતું કે બંને દેશો વચ્ચેના સંબંધો અરસપરસ છે અને તેમની જવાબદારીનો વિસ્તાર વિશાળ છે.

મુંબઈમાં 'શાંતિ અને અમેરિકા - ભારત સંરક્ષણ અને સુરક્ષા ભાગીદારીની ભૂમિકા' વિષય પર એક સભાને સંબોધિત કરતા ગાર્સેટીએ કહ્યું કે આતંકવાદને કારણે ઘણા નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા છે. બંને દેશોને લશ્કર, જૈશ,આઈએસઆઈએસ જેવા આતંકી સંગઠનોથી ખતરો છે. આ આતંકી સંગઠનો સરહદો પારથી કામ કરે છે અને આપણે સાથે મળીને આ ખતરાને ડામી દેવો જોઈએ. આપણું જોડાણ આતંકવાદ સામે લડવાથી આગળ વધે છે પરંતુ આપણે એ પણ જોવું જોઈએ કે આપણે સમુદાયોને કેવી રીતે કટ્ટરતામાંથી મુક્ત કરી શકીએ છીએ. રાજદૂતે વધુમાં એમ પણ જણાવ્યું હતું ક 'આપણે આર્થિક રીતે અત્યંત પછાત ક્ષેત્રોમાં રોકાણ કરવું પડશે. આપણે હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો સુધી પહોંચી તેમની શાંતિ અને સ્થિરતાને નુકસાન પહોંચાડનારાઓને પહોંચી વળવું પડશે.' (પીટીઆઈ)

# લાતુરમાં પ્રેમપ્રકરણમાં યુવક પર હુમલો

લાતુરઃ લાતુરમાં પ્રેમપ્રકરણમાં લોખંડના સળિયા અને બામ્બુથી હુમલો કરવામાં આવ્યાના બે મહિના બાદ ૧૮ વર્ષના યુવકે હૉસ્પિટલમાં દમ તોડ્યો હતો. આ પ્રકરણે ધરપકડ કરાયેલા આરોપીઓ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું. એમઆઈડીસી પોલીસ સ્ટેશનના આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટર સચિન દ્રોણાચાર્યએ જણાવ્યું હતું કે ઘટના ૨૭ ઑક્ટોબરે ટાકલી ગામમાં બની હતી. મૌલી સોટે પર છ જણે લોખંડના સળિયા અને બામ્બુથી હુમલો કર્યો હતો. ગંભીર હાલતમાં તેને નજીકની ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. હુમલા બાદથી તે હૉસ્પિટલમાં સારવાર હેઠળ જ હતો. આખરે સોમવારે તેનું મૃત્યુ થયું હતું. (પીટીઆઈ)

# નવી મુંબઈમાં બસમાં આગ લાગી; કોઈ જાનહાનિ નહીં

થાણેઃ મહારાષ્ટ્રના નવી મુંબઈમાં ગુરુવારે સવારે નાગરિક પરિવહનની બસમાં આગ લાગતાં મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. તમામ બાવીસ મુસાફરોને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા અને કોઈને ઈજા થઈ નથી.

આ ઘટનાને પગલે આ વિસ્તારમાં થોડો સમય ટ્રાફિક જામ થઈ ગયો હતો.

પોલીસે જણાવ્યું હતું કે, નવી મુંબઈ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટની બસમાં સવારે ૧૦.૩૦ વાગ્યે કલ્યાણ-શિલફાટા રોડ પર માનપાડા વિસ્તારમાં રુનવાલ ચોક ખાતે આગ લાગી હતી. માહિતી મળ્યા પછી, ડ્રાઇવરે તરત જ વાહન રોક્યું અને મુસાફરોને સુરક્ષિત નીચે ઉતાર્યા બાદ તે પણ બસની બહાર કૂદી ગયો હતો.

ટ્રાફિક વિભાગના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ પંકજ શિરસાટે જણાવ્યું હતું કે,કોઇપણ પ્રકારની દુર્ઘટના ન ઘટે તે માટે પોલીસે રોડની બંને તરફનો વાહનવ્યવહાર તાત્કાલિક બંધ કરી દીધો હતો. પાણીના ટેન્કરની મદદથી ૩૦ મિનિટમાં આગને કાબૂમાં લીધી હતી. ટ્રાફિક ફરી શરૂ કરવા માટે સળગી ગયેલી બસને ક્રેનની મદદથી રસ્તા પરથી ખસેડવામાં આવી હતી.

બસના મુસાફરોએ ખાનગી વાહનો અને ઓટો રિક્ષામાં આગળની મુસાફરી કરી હતી. (પીટીઆઈ)

# કિંગ્સ સર્કલના પુલનું સમારકામ શરૂ કરાયું

મુંબઈઃ સેન્ટ્રલ રેલવેએ બુધવારે મુંબઈના માટુંગામાં કિંગ્સ સર્કલ રેલવે સ્ટેશનની બાજુમાં પુલના રક્ષણ માટે ઊભા કરવામાં આવેલા હાઈટ બેરિયર્સને ભારે વાહનો દ્વારા નુકસાન પહોંચ્યા બાદ તેને પુનઃ સ્થાપિત કરવાનું કામ શરૂ કર્યું હતું. આગામી અઠવાડિયે આ કામ પૂરું થઇ જશે, એવું અધિકારીએ જણાવ્યું હતું. મુખ્ય જન સંપર્ક અધિકારી નીલા સ્વપ્નિલે જણાવ્યું હતું કે મંગળવારે મોડી રાતે એક ટ્રેઈલર કિંગ્સ સર્કલ બ્રિજ સાથે અથડાયું હતું. થોડા કલાક બાદ એક એસી બસ પણ તેની સાથે ઘસાઈ હતી. બ્રિજની સલામતીને ધ્યાનમાં રાખીને તેઓએ રેલવે કર્મચારીઓની નિયુક્તિ કરી છે તે સુનિશ્ચિત કરવા માટે કે અતિશય ઊંચાઈ ધરાવતાં વાહનો એ સ્થળ પરથી પસાર ન થાય અને પુલને નુકસાન ન કરે. હાલમાં ક્ષતિગ્રસ્ત હાઈટ બેરિયર્સને પુનઃસ્થાપિત કરવાની અને પુલની સલામતી સુનિશ્ચિત કરવાની યોજના બનાવીએ છીએ, એવું તેમણે જણાવ્યું હતું. દરમિયાન પોલીસે ટ્રેઈલરના ડ્રાઈવર સામે ગુનો નોંધ્યો હતો.

# ઉલ્હાસનગરના સુધારગૃહમાંથી આઠ સગીરા ભાગીઃ સાત મળી આવી

થાણેઃ થાણે જિલ્લાના ઉલ્હાસનગરમાં આવેલા સરકારી સુધારગૃહમાંથી આઠ સગીરા ભાગી છૂટી હતી, જેને પગલે અધિકારીઓએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું અને આમાંથી સાતને શોધી કાઢી હતી, એમ પોલીસે જણાવ્યું હતું. ઉલ્હાસનગરના સુધારગૃહમાં મંગળવારે વહેલી સવારે ૧૫થી ૧૭ વર્ષની વયની આઠ સગીરા ત્યાંના બેડરૂમની બારીની ગ્રિલ તોડીને ભાગી છૂટી હતી, એમ હિલલાઇન પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું. ત્યાંના કેરટેકરને આની જાણ થતાં તેણે તાત્કાલિક પોલીસને માહિતી આપી હતી. આથી પોલીસે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આઠમાંથી સાત સગીરાને બે કલાકથી ઓછા સમયમાં ઉલ્હાસનગરના બે અલગ-અલગ સ્થળેથી શોધી કાઢવામાં આવી હતી અને તેને પાછી સુધારગૃહમાં મોકલી દેવાઇ હતી, જ્યારે એક સગીરા હજી સુધી મળી આવી નથી. (પીટીઆઇ)

નવમા પાનાનું ચાલુ

### એમએવીને ફટકો

વિચાર કર્યો હોય તેવું લાગતું નથી.

ન્યાયિક પ્રક્રિયામાં ભાજપના લોકોનો હસ્તક્ષેપ વધ્યો છે. સુનીલ મોદીએ ભાજપ પર એવો આરોપ લગાવ્યો હતો કે, તેમને શંકા છે કે ભાજપના કેટલાક લોકો પણ આ કેસમાં સામેલ છે. અમે હાઈકોર્ટના આ નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં જઈશું.

હાઈ કોર્ટના આ આદેશથી મહાયુતિમાંથી સાત નવા સભ્યોની નિમણૂકનો માર્ગ ખોલી નાખ્યો છે. મહાયુતિએ રાજ્યપાલને સાત લોકોના નામ મોકલી દીધા છે. હવે, એવી અપેક્ષા છે કે મહાયુતિ દ્વારા બીજા પાંચ નામોની જાહેરાત કરવામાં આવશે. આ અંગે બોલતા સુનિલ મોદીએ કહ્યું કે અમે નવી મહાયુતિની સરકાર દ્વારા ભલામણ કરવામાં આવેલા અને રાજ્યપાલ દ્વારા નિયુક્ત સભ્યોની નિમણૂક સામે વાંધો ઉઠાવીશું.

અહીં ઉલ્લેખનીય છે કે રાજ્યમાં મહા વિકાસ આઘાડી સરકારની રચના થઈ ત્યારથી રાજ્યપાલ દ્વારા નિયુક્ત સભ્યોનો મુદ્દો પેન્ડિંગ છે. તે સમયે એમવીએ દ્વારા મોકલવામાં આવેલા નામને તત્કાલીન રાજ્યપાલે મંજૂરી આપી નહોતી.

### ઘાટકોપરમાં ઝાડની

બંને મહિલા જખમી થઈ હતી. તેમને તરત નજીક આવેલી હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતાં. જ્યાં મીનાક્ષીબહેનને ભારે માત્રામાં માર લાગ્યો હોવાથી તેમનું મૃત્યુ થયું હતું. વંદના શાહને માથા પર ઈજા થતા તેમને હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યાં હતાં. ગારોડિયા નગર વેલ્ફેર ફેડરેશન ઓફ હાઉસિંગ સોસાયટીના પ્રેસિડન્ટ રાજેશ અજમેરાએ જણાવ્યું હતું કે આ પીપળાનું ઝાડ ગાર્ડનને અડીને આવેલા સિક્સટી ફૂટ રોડ પરી કૈલાશ નિવાસ બિલ્ડિંગના પરિસરમાં આવેલું છે. આ ઝાડની હાલત ખરાબ જ હતી. ગુરુવારે સાંજે અચાનક ઝાડની ડાળખી તૂટીને અહીં વોકિંગ કરી રહેલી મહિલાઓ પર પડી હતી. વંદનાબહેન શાહની પણ સારવાર ચાલી રહી છે. ઝાડ તૂટી પડવાની ઘટના બાદ પાલિકા આવીને પીપળાનું ઝાડ થોડું કાપી ગઈ હતી અને બાકીનું ઝાડ હવે શુક્રવારે કાપવાની છે.

### બાંદ્રામાં બબાલ

આપવામાં આવી હતી, જેમાં તેને તોડી પાડવાની સૂચના આપવામાં આવી હતી. યથાસ્થિતિ જાળવા રાખવાની માગણી સાથે મોટી સંખ્યામાં રહેવાસીઓ આ પગલાનો પ્રતિકાર કરવા માટે એકઠા થયા હોવાથી વાતાવરણ થોડા સમય માટે તંગ બન્યું હતું. ભારતનગરનો પુનર્વિકાસ લગભગ બે દાયકાથી વિવાદમાં અટવાયેલો છે. આ વિસ્તારને સુધારવા માટે તાજેતરના પ્રયાસમાં અમદાવાદ સ્થિત અદાણી ગ્રુપની પેટા કંપની બુધપુર બિલ્ડકોને ઓમકાર ડેવલપર્સ સાથે મળીને પ્રોજેક્ટ હાથ ધર્યો છે.

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી પહેલાં પુનર્વિકાસના મુદ્દાએ નોંધપાત્ર ધ્યાન ખેંચ્યું હતું. સ્થાનિકોએ આ વિસ્તારને ઝૂંપડપટ્ટી તરીકે વર્ગીકૃત ન કરવાની સતત માગણી કરી છે. તેના બદલે તેઓ ઈચ્છે છે કે મ્હાડાના નિયમો હેઠળ તેમના અધિકારો અને સ્થિતિને માન્યતા આપવામાં આવે. કેટલાક રહેવાસીઓએ એમ પણ જણાવ્યું હતું કે આ મામલો બોમ્બે હાઈ કોર્ટમાં વિચારણા હેઠળ છે અને દલીલ કરી હતી કે જ્યાં સુધી કોર્ટ તેનો ચુકાદો ન આપે ત્યાં સુધી કોઇ ડિમોલિશન આગળ વધવું જોઇએ નહીં.

ભારતનગર ઝૂંપડપટ્ટીના પુનર્વિકાસ પ્રોજેક્ટનો જેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો એ પોલીસની ચાર્જશીટ પર દિવંગત પ્રધાન બાબા સિદ્દીકીના પુત્ર ઝીશાન સિદ્દીકીએ બે દિવસ પહેલાં અવિશ્વાસ વ્યક્ત કર્યા બાદ આ હંગામો થયો હતો. ઝીશાને આરોપ લગાવ્યો હતો કે આ પ્રોજેક્ટને કારણે તેના પિતાનું મૃત્યુ થયું હતું.

## જૈન મરણ

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ બોરીવલી ગં. સ્વ. શોભનાબેન (ઉં. વ. ૭૫) ૭/૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.કાંતિલાલ પ્રેમચંદ શાહના ધર્મપત્ની. ભાવના, નિતેશ તથા રિતેશના માતુશ્રી. હરેન્દ્ર કાંતિલાલ શાહ, મુદ્રા તથા તૃપ્તિના સાસુ. કલાબેન અમૃતલાલ સેરસિયાના દીકરી. હંસાબેન, જ્યોત્સનાબેન, સુનીતાબેન, જયશ્રીબેન, બિપીનભાઈ, સ્વ.નીતિનભાઈના ભાભી. પ્રાર્થનાસભા ૧૦/૧/૨૫ના ૧૦ થી ૧૨. શ્રી વર્ધમાન સ્થા જૈન સંઘ, પાંચમે માળે, પારેખ લેન કોર્નર, એસ.વી રોડ, કાંદિવલી વેસ્ટ.

**ઝાલાવાડ દશા મચ્છુકાંઠા જૈન**

લીંબડી નિવાસી હાલ મુલુન્ડ મનીષકુમારના ધર્મપત્ની સોનાલીબેન (ઉં. વ. ૫૧) તે સ્વ. જ્યોત્સ્નાબેન મનહરલાલ શાહના પુત્રવધૂ. મોનાબેન રાજેશભાઈ મહેતાના ભાભી. માનસી પુરવ શાહ તથા ઉર્વીના માતુશ્રી. જ્યોત્સનાબેન કિશોરચંદ્ર કોઠારીના દીકરી. ૧/૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલીતાણા નિવાસી હાલ વિરાર સ્વ.રંભાબેન મુળજીભાઈ જીવનલાલ શેઠના પુત્ર રમણીકભાઇ (ઉં. વ. ૮૬) ૩/૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ઉષાબેનના પતિ. સ્વ. તારાબેન દલિચંદ દોશી, સ્વ. પ્રતાપભાઈ, જયસુખભાઇ, સ્વ.ખાંતિભાઈ, વિનોદભાઈ, કીર્તિભાઇ, પ. પૂ. પ્રવર શ્રી હિરણ્ય બોધી વિજય ભગત મ. સા. ના સંસારીભાઈ. લોંગડીવાળા જીવરાજ જાધવજી ગાંધીના જમાઈ. કુમાર, જલ્પા તથા કવિતાના પિતાશ્રી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડ વિશા શ્રીમાળી જૈન**

પાળીયાદ નિવાસી હાલ બોરીવલી સ્વ. હરજીવન શાહના ધર્મપત્ની ગં. સ્વ.નલિનીબેન (ઉં. વ. ૭૯) તા. ૭/૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.ધરમશી ઓધડજી શાહના પુત્રવધૂ. યોગેશ, વિપુલ, સ્વ.તરૂણ તથા દેવાંગના માતુશ્રી. વર્ષા, પલ્લવી, પન્ના તથા પૂર્વીના સાસુ. સ્વ. કાંતિભાઈ, સ્વ. મનસુખભાઇ, સ્વ.મહેન્દ્રભાઈ, સ્વ.હેમલત્તાબેન, સ્વ.ગુણવંતીબેન, વાસંતીબેન રમેશભાઈના ભાભી. પિયરપક્ષે સ્વ.બાપાલાલ લક્ષ્મીચંદ દોશીની દીકરી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

આંબા નિવાસી હાલ ભાયંદર સ્વ. લક્ષ્મીબેન પોપટલાલ મહેતાના સુપુત્ર હિંમતલાલ મહેતા (ઉં. વ. ૮૩) તા. ૮/૧/૨૦૨૫ના અરિહંતશરણ પામેલ છે, હંસાબેનના પતિ. સ્વ. પ્રવિણભાઈ, સ્વ.નીલાબેન (નીરુબેન) પ્રવિણચંદ્ર શાહના ભાઈ. વસંતબેનના જેઠ. સાસરાપક્ષે સ્વ. હરિલાલ ખોડીદાસ દોશી (ભાદ્રોડ)ના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

સાભરાઇના અ.સૌ. સંગીતા અમૃત ગોસર (ઉં. વ. ૫૪) તા. ૭-૧-૨૫ના અવસાન પામ્યા છે. લક્ષ્મીબેન મેઘજીના પુત્રવધૂ. અમૃતના ધર્મપત્ની. સુમિતના માતુશ્રી. રાજસ્થાનના સુખીબેન કપુરચંદજી છોગમલજી રાજાવત રાઠોડના સુપુત્રી. સુરેશ, હસ્તીમલ, રાજેશ, રાકેશ, સુશીલા, લીલા, લલિતા, પવન, કિરણ, રેખાના બેન. પ્રા. સ્વામી નારાયણ સંસ્કારધામ, (ઓડીટોરીયમ - ૪થે માળે) દત્ત મંદિર રોડ, મલાડ (ઈ). ટા. ૩ થી ૫.

હાલાપરના નવિનચંદ્ર વીરજી મારૂ (ઉં. વ. ૬૪) તા. ૮-૧-૨૫ના અવસાન પામેલ છે. મણીબાઇ વીરજી ખીમજી જેઠાના પુત્ર. સરોજના પતિ. વાણી, કરણના પિતા. અમૃત, સુશીલા, ચંદ્રકાંત, નરેન્દ્રના ભાઇ. દેવકાંબેન લખમશી ગડાના જમાઇ. પ્રા. ક.વિ.ઓ. દેરાવાસી જૈન મહાજન-મુંબઇ સંચાલિત શ્રી જીરાવલ્લા દેરાસરવાડી, દેરાસર લેન, ઘાટકોપર (ઇ), મું. ૭૭. ટા. ૨.૩૦ થી ૪.

ડુમરાના માતુશ્રી વિજયાબેન ભીમશી કુંવરજી ગોસર (ઉં. વ. ૮૭) તા.૭-૧-૨૫ના અવસાન પામેલ છે. તેજબાઈ કુંવરજી ભાણજીના પુત્રવધૂ. ભીમશીના પત્ની. દેઢીયાના સોનબાઈ જીવરાજ લીલાધરના સુપુત્રી. પરેશ, પંકજ, તૃપ્તીના માતુશ્રી. દેઢીયાના ખીમજી, શામજી, સાભરાઈના જેઠીબાઈ શામજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. પરેશ ગોસર : ફ્લેટ નં.૫, પહેલે માળે, અન્નપૂર્ણા બિલ્ડીંગ, પ્લોટ નં.૧૨૭, નવદુર્ગા કો.ઓ.હા.સો.લિ., રોડ નં.૨૪ એ, સાયન (વે), મું. ૨૨.

સાડાઉના પ્રેમજી (પોપટભાઇ) આસુ ધારશી સાવલા (ઉં. વ. ૮૨) તા. ૮-૧-૨૫ના અવસાન પામેલ છે. તેજબાઇ આસુ ધારશીના સુપુત્ર. સ્વ. નિર્મલાના પતિ. સચીન, સંજય, છાયાના પિતાશ્રી. હંસરાજ, ડુંગરશી, શામજી, માવજી, પુરબાઇ ઉમરબાઇ (અમૃતબેન) મણીબાઇના ભાઇ. નાગલપુરના કંકુબેન ટોકરશી ભારમલના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. પ્રેમજી સાવલા, વિક્રોલી પાર્ક સાઇડ, સુભાષનગર, મું. ૪૦૦૦૭૯.

લુણીના લક્ષ્મીબેન કાનજી ગાલા (ઉં. વ. ૯૨) તા. ૮-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. કરમશી દેવજીના પુત્રવધૂ. કાનજી કરમશીના પત્ની. વસંત, નિર્મળા, સ્વ. રમણીક, પ્રભા, પુષ્પાના માતાજી. લુણીના દેવકાંબાઇ રામજી ભારમલના પુત્રી. ગુંદાલાના પાનબાઇ મોરારજી ગાલાના ભત્રીજી. બાબુ (કાનજી), કરમશી, મેઘજી, વડાલાના હીરબાઇ શામજી, ભુજપુરના સાકરબેન હીરજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. વસંત ગાલા, ૨-એ, શિવ આશીષ સોસાયટી, ત્રણ મંદિરની બાજુમાં, ગોગ્રાસવાડી, ડોંબીવલી (ઇ.).

દેવપુરના અ.સૌ. શાંતાબેન દેવચંદ ગાલા (ઉં. વ. ૫૯) તા. ૮-૧-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. પાનબાઇ નાનજી કુંવરજીના પુત્રવધૂ. દેવચંદના પત્ની. મયુરના માતા. મુંબઇ સ્વ. ગંગુબાઇ હીરામણ લશકરના સુપુત્રી. પ્રાર્થના રાખેલ નથી. નિ. દેવચંદ નાનજી ગાલા, ડી/૪૦૪, નવનીતનગર, દેશલેપાડા, ડોંબીવલી (ઇ.).

**ઝાલાવાડી વિશા શ્રીમાળી શ્વે. મૂ.પુ. જૈન**

ધોલેરા નિવાસી હાલ મિરારોડ સ્વ.શાંતાબેન ચંપકલાલ હીરાચંદ શાહના સુપુત્ર ધિરેન્દ્રભાઇ (ઉં. વ. ૬૯) તે શોભનાબેનના પતિ. દર્શિકા પ્રણવકુમાર, હિરલ દેવાંગકુમાર, ડોનિકા ચિરાગકુમારના પિતા. જ્યોત્સનાબેન હર્ષદભાઈ, મીનાબેન પ્રદીપભાઈ, સ્વ.ભારતીબેન પ્રદીપભાઈ, પ્રીતિબેન વિજયભાઈના ભાઈ. સ્વ.ભાઈલાલભાઈ ઉજમશીભાઈ શાહના જમાઈ. સ્વ.નરેશચંદ્ર વાડીલાલ શાહ, કિર્તીભાઇ પોપટલાલ શાહના વેવાઈ તા. ૮-૧-૨૫ને બુધવાર અરિહંતશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ૭૦૨, મનીકૃપા બિલ્ડિંગ, રામદેવ પાર્ક રોડ, મિરારોડ ઈસ્ટ.

**હરસોલ સત્તાવીસ વિશા શ્રીમાળી જૈન**

આગિયોલ નિવાસી હાલ મુંબઈ મધુબેન ચંદુલાલ દોશીના પુત્ર હરેશભાઈ (ઉં. વ. ૬૪), તે કાશ્મીરાબેનના પતિ. વીકી (અદિતિ), ભવ્યા પ્રણવકુમારના પિતા. કિર્તીભાઈ (જયનંદાબેન), યોગેશભાઈ (આરતીબેન), કાશ્મીરાબેન વિનોદભાઈ, રાજેશ્રીબેન જયેશકુમારના ભાઈ. હિંમતનગર નિવાસી ધીરજલાલ પ્રેમચંદ વખારીયાના જમાઈ તા.૮-૧-૨૫ના બુધવારના અરિહંતશરણ પામેલ છે. પિયરપક્ષનું બેસણું સાથે રાખેલ છે. પ્રાર્થનાસભા તા.૧૦-૧-૨૫ શુક્રવાર ૨ થી ૪, બિરલા માતુશ્રી સભાગૃહ, મરીન લાઈન્સ, બોમ્બે હોસ્પિટલની બાજુમાં.

**ઝાલાવાડી સ્થાનક જૈન**

વિરેન શાહ (ઉં. વ. ૭૩) લખતર નિવાસી હાલ મુંબઇ (વરલી) તે સ્વ. અનસુયાબેન કેશવલાલ શાહના સુપુત્ર. સ્વ. નીતાના પતિ. રચના-રૂચીરના પિતા. સૌ. અનુભૂતિના સસરા. સ્વ. ભારતીબેન ધીરજલાલ, સ્વ. ચંદ્રિકાબેન રમેશચંદ્ર શાહના ભાઇ. સ્વ. જસવંતીબેન રસીકલાલ શાહના જમાઇ. અશોક-વિજય બડજાત્યા (ઇંદોર)ના વેવાઇ. શનાયા-વીરના દાદા તા. ૮-૧-૨૫ના બુધવારે શ્રી નાંણદેવી શરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૧-૧-૨૫ શનિવાર સવારે ૯થી ૧૧. ઠે. ભારતીય વિદ્યાભવન, સભાગ્રહ, ડો. કે. મ. મુનશી માર્ગ, ગામદેવી-ચૌપાટી, મુંબઇ-૪૦૦૦૦૭.

## પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

## હિન્દુ મરણ

**ગુર્જર સુતાર**

મૂળ ધોરાજીવાળા હાલ કાંદિવલીના બાલકૃષ્ણ રાઘવજીભાઈ વિસરોડીયા (ઉં. વ. ૭૭) ૭/૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે નિર્મળાબેનના પતિ. અશોક તથા ચિરાગના પિતા. દીપ્તિના સસરા. પ્રજ્ઞિલના દાદા. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

મુળ ગામ રાવલ હાલ મુંબઈ માણેકબેન (મણીબેન) ગોવિંદજી કોટેચા (ઉં. વ. ૯૫) મુકેશભાઈ, ગો.વા. પરેશભાઈ, બબુબેન સુરેન્દ્રભાઈ દવે, ગો.વા.વર્ષાબેન પ્રદીપકુમાર ચંદારાણા, પરુલતા હરીશકુમાર મશરૂ, સ્મિતાબેન વસંતકુમાર ગોકાણીના માતુશ્રી. ગો.વા.લાડુબેન, ગો.વા.ઓધવજી નારણજી સોનેચાના દીકરી. લીનાબેનના સાસુ. વિવેક, સના, સુમતીના દાદી બુધવાર તા. ૮/૧/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર તા ૧૦/૧/૨૫ના ૪:૩૦ થી ૬:૦૦, બીજે માળે, હાલાઈ લોહાણા મહાજન વાડી, એસ. વી. રોડ, શંકર મંદિર પાસે, કાંદિવલી વેસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**પાવરાઇ ભાટીયા**

કલકતા નિવાસી હાલ વડોદરા ગં. સ્વ. વર્ષા (જયા) (ઉં. વ. ૮૧) સ્વ. વિરેન્દ્રભાઇના પત્ની. સ્વ. મોતીબાઇ મુલજી કલવાણીનાં પુત્રવધૂ. પિયુષ, અ. સૌ. હેમા હીતેન ઉદેશી, અ. સૌ. રચના હેમંત પેથાણીનાં માતુશ્રી. અ. સૌ. હરણાનાં સાસુ. સ્વ. મધુરીબાઇ શામજી અંજારીયાનાં પુત્રી. અ. સૌ. જાહનવી હાર્દિક ક્રિપલાણી, મૌલીક. અ. સૌ. પ્રિયંકા શાહીલ શાહ, પ્રણવ, યશ, દેવાંશના દાદી/નાની તા. ૮-૧-૨૫ના બુધવારે શ્રીના ચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**લુહાર સુતાર જ્ઞાતિ**

ગામ કાતરવાળા હાલ ચારકોપ સ્વ. ભવાનભાઇ રામભાઇ સોલંકીના ધર્મપત્ની ગં. સ્વ. હેમલતાબેન સોલંકી (ઉં. વ. ૭૬) તા. ૮-૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સોનલબેન પંકજકુમાર ચુડાસમા અને કેતન ભવાનભાઇ સોલંકીના માતુશ્રી. ધ્રુવ અને પ્રીતના નાની. ગં. સ્વ. લક્ષ્મીબેન, જીવીબેન લક્ષ્મણભાઇ, ચંપાબેન હરીભાઇ સોલંકીના દેરાણી. ગામ જાફરાબાદવાળા સ્વ. દીવાળીબેન વેલજીભાઇ કવાના દીકરી. પ્રાર્થનાસભા તા. ૧૦-૧-૨૫ના શુક્રવાર ૫થી ૭. ઠે. લુહાર સુતાર જ્ઞાતિ વેલફેર સેન્ટર, અંબામાતા મંદિરની બાજુમાં, કાર્ટર રોડ, નં. ૩, બોરીવલી (પૂર્વ).

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

બુધેલ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. ભોગીલાલ શામજી શેઠના ધર્મપત્ની ગં. સ્વ. રસીલાબેન (ઉં. વ. ૯૫) તે સ્વ. જીતુભાઇ, બકુલભાઇ, રાહુલભાઇ તથા ધર્મેન્દ્રભાઇના માતુશ્રી. અલકાબેન, રૂપાબેન, જયશ્રીબેન તથા કાજલબેનના સાસુ. નલિનીબેન મનુભાઇ શેઠ, કંચનબેન ચત્રભુજ દામાણી, મધુબેન મનસુખલાલ બજરીયા, હંસાબેન પ્રદીપકુમાર પારેખના ભાભી. દેવેન, પ્રયણ, જીગર, ધવન, મિહિર, વિરલ, નિધિ તથા શિખાના દાદી બુધવાર તા. ૮-૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

ગામ કચ્છ ટપ્પર (સોનારાવાલી) હાલ મુંબઇ અમર ઠક્કર (ઉં. વ. ૫૪) તા ૭-૧-૨૫ના રામશરણ પામ્યા છે. તે પ્રવિણ છોટાલાલ ઠક્કર અને સોહિનીબેનના પુત્ર. તે શિવાનીના પતિ. અક્ષજના પિતા. દર્શના મુકેશ ચંદનના ભાઇ. સ્વ. રામચંદ્ર મહાજન અને સંજીવીની બહેનના જમાઇ. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા મોઢ માંડલિયા વણિક**


જસદણ નિવાસી હાલ મુંબઇ ગીરીશભાઇ બાબુલાલ પટેલ (ઉં. વ. ૮૮) તા. ૮-૧-૨૫ના બુધવારે શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ઇન્દિરાબેનના પતિ. રાજેશ, હિતેશ, જાગૃતિ અને મમતાના પિતાશ્રી. સેજલ, વૈશાલી, નિલેશભાઇ પારડીવાલા અને પ્રેમલભાઇ દામાણીના સસરા. ચંદ્રકાન્તભાઇ, સ્વ. પ્રવીણભાઇ, જસુબેન ધીરજલાલ દામાણી અને રેખાબેન જવાહરભાઇ દિવાનના મોટાભાઇ. પ્રાર્થનાસભા તા. ૧૧ જાન્યુઆરી ૨૫ને શનિવારે સાંજે ૫થી ૭. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, એસ. વી. રોડ, પારેખ લેન, કાંદિવલી (વેસ્ટ).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# विश्व हिन्दी दिवस

क ख, ग, घ, ङ, च, छ, ज, झ, ञ, ट, ठ, ड, ढ, ण, त, थ, द, ध, न, प, फ, ब, भ, म, य, र, ल, व, श, ष, स, ह, क्ष, त्र, ज्ञ

## हिन्दी की मौजूदगी बढ़ी है, लेकिन...


रवि रावत

**एक** वक्त जब अंग्रेजियत हावी होने लगी, तो लगा कि अब हिन्दी पर खतरा है। हिन्दी का भविष्य बहुत लंबा नहीं है और जल्द ही यह विलुप्त भाषा की श्रेणी में आ जाएगी। फिर सोशल मीडिया की बाढ़ आई। बाढ़ अपने साथ सिर्फ तबाही ही नहीं लाती है, बल्कि ज़मीन को उपजाऊ बनाने वाली चीजें भी साथ लेकर आती है। यही हिन्दी के साथ भी हुआ। एकाएक हिन्दी ग्लोबल होने लगी। हिन्दी का बोलबाला हो गया। नए कहानीकार पैदा हो गए। इतने ऑनलाइन प्लैटफॉर्म आ गए कि उन लोगों को भी लिखने का मौका मिलने लगा, जिन्हें बड़ी पत्र-पत्रिकाएं नकार दिया करती थीं। पॉडकास्ट शुरू हुए, तो लोग अपनी भावनाएं कविता के ज़रिए पेश करने लगे। जिन बड़े साहित्यकारों को हम भूलने लगे थे, वे याद किए जाने लगे। उनकी रचनाएं ऑनलाइन प्लैटफॉर्म पर आने लगीं। सोशल मीडिया की ही देन ही जॉन एलिया अचानक युवाओं में मशहूर हो गए, वरना इससे पहले युवा उनका नाम भी नहीं जानते होंगे। सिर्फ हिन्दी कहना तो गलत होगा, भारत की हिंदुस्तानी जुबान है। ऐसे में, कहा जा सकता है कि हिंदुस्तानी जुबान एक बार भी उठ खड़ी हुई।

हर चीज़ के कुछ साइड इफेक्ट्स भी होते हैं। हिन्दी के साथ भी कुछ ऐसा ही हो रहा है। अगर हिन्दी का दायरा बढ़ा है, तो कुछ कमियां भी सामने आई हैं। लोगों को जब लिखने के टूल मिल गए, तो उनका इस्तेमाल भी अंधाधूंध होने लगा और लोग कुछ भी लिखने लगे। पत्र-पत्रिकाओं में रचनाएं छपने से पहले कई फिल्टर लगे होते हैं। उप संपादक होते हैं, संपादक होते हैं। कहानियों का चयन किया जाता है और अगर छपने लायक हुई, तो ही उन्हें प्रेस में भेजा जाता है। ऑनलाइन में कोई फ़िल्टर नहीं है। जैसी रचना आई, वैसी छप गई। इससे हो यह रहा है कि रचनाओं का खरपतवार भी आ गया है। पहले जिसे लुगदी साहित्य कहा जाता था और यदा-कदा ही बुक स्टॉल्स पर दिखता था, वह अब खूब दिखाई दे रहा है। भाषाई स्तर भी गिरा है। ऑनलाइन लिखने वालों में ज़्यादातर वे 'लेखक' हैं, जिन्हें पढ़ने में कोई दिलचस्पी नहीं है। यही वजह है कि उनका शब्द भंडार बेहद सीमित है।

हालांकि, इससे इतर बहुत अच्छा काम भी हो रहा है। अब भी अच्छी कहानियां, अच्छी कविताएं लिखी जा रही हैं। यह खुश होने वाली और उम्मीद बंधाने वाली बात ही है कि युवाओं तक बाबा नागार्जुन, प्रेमचंद, हरिशंकर परसाई, जयशंकर प्रसाद, कालीदास, भवानी प्रसाद मिश्र, महादेवी वर्मा और न जाने कितने ही बड़े साहित्यकार रील के माध्यम से ही सही, पहुंच तो रहे हैं। युवाओं को पता तो चल रहा है कि हिन्दी में कितना कुछ लिखा गया है। इससे नए लेखकों को प्रेरणा मिल रही है। बड़े शहरों में ओपन माइक जैसे प्रोग्राम इस बात का सबूत हैं कि हिन्दी पढ़ने और लिखने वालों की संख्या में इजाफा हुआ है। बस, यह ध्यान रखना होगा कि खरपतवार को किनारे करके हिन्दी की अच्छी फसल को बचाना है।


## પ્રેમચંદને કહા થા...
# ઝુબાન કે ટુકડે યાનેં ઝમીન કે ટુકડે!


સંજય છેલ

આ ત્યારની વાત છે, જ્યારે દેશના મહાન ઇતિહાસને કાપીકૂપીને વૉટ્સઍપ, ફેસબૂક, ટ્વિટર કે સોશ્યલ મીડિયામાં બેફામ રીતે મૂકવાની નફફટાઇ હજુ આવી નહોતી. ત્યારે હિન્દુસ્તાનમાં એક મહાન હતાઃ 'મુન્શી પ્રેમચંદ.' જે લખતા તો ઉર્દૂ લિપિમાં પણ એના વિચારો હિન્દી ભાષામાં ટપકતા.

એ ઉર્દૂ અને હિન્દીની એકતાનું પ્રતીક હતા. પ્રેમચંદ દિવાળી ને ઇદ બંને પર સમાન અધિકારથી લખી શકતા ને એમને લાખો લોકો વાંચતા. ત્યારે અને આજેય પ્રેમચંદ હિન્દુસ્તાની/ઉર્દૂ/હિન્દીમાં સૌથી વધારે છપાતા-વંચાતા-લોકપ્રિય શિષ્ટ લેખક હતા - છે ને રહેશે.

પ્રેમચંદની રચનાઓ ભારત, પાકિસ્તાન અને બંગલાદેશમાં પણ આજેય શાળ-કૉલેજમાં ભણાવાય છે. બાય ધ વે, આવું સન્માન તો ખુદ નોબેલ વિજેતા રવીન્દ્રનાથ ટાગોરને પણ નથી મળ્યું! જોકે, આવો સ્ટાર રાઇટર પ્રેમચંદ, લોકનિંદાની પરવા કર્યા વિના બિન્દાસ સ્ટેજ પર પોતાના ઉદાર વિચારો કહી શકતો.


મુન્શી પ્રેમચંદ

એક વાર આર્યસમાજ સંસ્થાએ 'આર્યભાષા' સંમેલન રાખેલું, જેમાં પ્રેમચંદ અધ્યક્ષ-વક્તા હતા. આર્યસમાજ સંસ્થાએ દેશ અને હિન્દુ ધર્મ માટે જે કાંઇ સારું કર્યું તેના ખૂલીને પ્રેમચંદે વખાણ કર્યાં, લેકિન, કિંતુ, પરંતુ, પણ- પ્રેમચંદે એ વાત પણ ઘસીને કહી કે 'માત્ર શુદ્ધ હિન્દીને જ 'આર્યભાષા'નું પદ આપવાની ઘેલછામાં ઉર્દૂને જો બહાર કાઢવામાં - કરવામાં આવશે તો એ મોટી ભૂલ હશે. હવે હિન્દી અને ઉર્દૂ બંને આપણી ભાષાઓ છે અને એ બેઉ ભાષા દ્વારા સમાજે કે દેશનાં બીજા સંઘઠનોએ દેશમાં નવા આધુનિક વિચારો લોકો સુધી પહોંચાડયા છે. માત્ર લિપિ અને અમુક શબ્દ-સમૂહના થોડા ભેદને બાદ કરીએ તો આમ તો બેઉ એ જ ભાષા છે...'

એ સમયે 'આર્યસમાજ'ના ચુસ્ત લોકો સામે ઉર્દૂ ભાષાનો મહિમા ગાવો એટલે વાઘને વેજિટેરિયન ખાવા વિશે સમજાવવા જેવું અઘરું કામ! ઑડિયન્સમાં તો સોંપો પડી ગયો. પ્રેમચંદે એ રૂઢિચુસ્ત લોકોને પ્રેમથી સમજાવ્યું કે લોકોને એકમેકથી દૂર કરવા, ઉર્દૂ-હિન્દી વચ્ચે ભેદ જગાડવાનું પાપ અંગ્રેજોએ કર્યું છે. (એ વખતે પારકા અંગ્રેજો સત્તા જાળવવા માટે આવું કરતા, જે આજે આપણી રાજકીય પાર્ટીઓ કરે છે)

પ્રેમચંદે દાખલા દલીલ સાથે સ્પષ્ટ કર્યું કે 'યે સારી કરામાત ફોર્ટ વિલિયમ કૉલેજ કી હૈ, જિસને એક હી ઝુબાન યા ભાષા કો દો રૂપ માન લિયા! જિન હાથોં ને દેશ કી ઝુબાન કે દો ટુકડે કર દિયે ઉસને હમારી કૌમી ઝિંદગી કે ભી દો ટુકડે કર દિયે!'

પ્રેમચંદે એ ભાષણમાં ઝનૂની વિચારધારા ઉપર એક પછી એક ફટકા મારતાં કહ્યું કે જે લોકો 'ખેત' ને 'ક્ષેત્ર', 'વરસ' ને 'વર્ષ', સૂરજ ને સૂર્ય કે જમુનાને 'યમુના' જ કહેવાનો હઠીલો આગ્રહ કરે છે એ મોટી ભૂલ કરે છે અને દેશમાં દરાર -તિરાડ પાડે છે.

મુન્શી પ્રેમચંદ આવું બધું બેબાક બેધડક કહી શકતા, કારણકે એ એકમાત્ર એવા લેખક હતા, જેને હિન્દુ-મુસ્લિમ બેઉ કૌમ, હિન્દી-ઉર્દૂ બેઉ ભાષા પોતાનો સાચો લેખક માનતાં. ધર્મના મામલામાં પણ પ્રેમચંદ કટ્ટરતાને શ્રાપ ગણતા. અમણે લખેલુંઃ

'અગર હમારા ધર્મ હમેં યહ સિખાતા હૈ કિ ઇન્સાનિયત ઔર હમદર્દી ઔર ભાઇચારા યે સબ સિર્ફ અપને હી ધર્મવાલોં કે લિયે હૈ, વો સબ પરાયે હૈ ઔર ઉન્હેં ઝિંદા રહને કા કોઇ હક નહીં તો મૈં વૈસે 'ધર્મ' સે અલગ કરૂંગા.'

પ્રેમચંદ આવું બધું બેધડક કહી શકતા, કારણ કે એ ખરેખર એક ઇમાનદાર લેખક અને ઈન્સાન હતા. એમની નજર સરકારી અવોર્ડ-રિવાર્ડ પર કે સરકારી મહેરબાની પર કે ગવર્નમેન્ટ ગ્રાન્ટ પર નહોતી ફરતી. લેખક તરીકે કારમી ગરીબીમાં પણ પ્રેમચંદ પર એકેય દાગ લાગ્યો નહોતો.

એક તરફ પ્રેમચંદ કટ્ટર હિંદુઓને સમજાવતા તો બીજી બાજુ પણ ધર્માંધ મુસલમાનોને પણ એટલી જ હિમ્મત દેખાડીને સંભળાવતાંઃ

'મેરે મુસલમાન દોસ્ત મુઆફ (માફ) ફરમાયે, અગર મૈં યે કહૂં કિ વહ હિંદૂ લેખકો સે ઝયાદા, ખતાવાર (દોષી) હૈં... સંયુક્ત પ્રાંત કે 'કોમન લેંગ્વેજ' રીડરો કો દેળીયે. ઉસ મેં આપ સહલ (સહેલી) કિસ્મ કી ઉર્દૂ પાયેંગે. હિન્દી કી અદબી (સાહિત્યિક) કિતાબોમેં ભી અરબી ઔર ફારસી શબ્દ ધડલ્લે સે (સતત) લાયે જાતેં હૈ. મગર ઉર્દૂ સાહિત્ય મેં ફારસિયત (ફારસી ભાષાપણું) કી ઔર ઝયાદા ઝુકાવ હૈ. ઇસ કા સબબ (કારણ) યહી હૈ કિ મુસલમાનોંને હિન્દી સે કોઇ તાલ્લુક નહીં રખા ઔર ના રખના ચાહતે હૈં. શાયદ હિન્દી સે થોડી વાકફિયત (પરિચિતતા) હાંસિલ કરના ભી વે શાન કે ખિલાફ સમઝતે હૈં! જો શર્મ કી બાત હૈ...'

પોતાના ધર્મ કે પોતાની ભાષાને બીજાની ભાષા કરતાં મહાન સમજનારાઓ માટે લેખક પ્રેમચંદે સ્પષ્ટપણે કહેલું કે 'હિન્દી એક સંપ્રદાય કે ધર્મની ભાષા નથી જ નથી...સૌની છે'

'ભારતીય સાહિત્ય પરિષદ'ની બેઠકમાં એટલે જ પ્રેમચંદે હિન્દી માટે 'હિન્દુસ્તાની' ભાષાનો સુઝાવ આપેલો, જેમાં હિન્દી-ઉર્દૂ બેઉ ભાષા હોય અને લિપિ એક જ હોય - દેવનાગરી હિન્દી! આમાં માત્ર ભાષાની જ વાત નથી, સમાજને એકરંગ કરવાનો આશય છે. ખુદ મહાત્મા ગાંધી પણ 'હિન્દુસ્તાની' ભાષા-લિપિના હિમાયતી હતા. પાછળથી ૧૯૭૦-૮૦ના દાયકામાં આ જ વાતને હિન્દી ઉર્દૂના સાહિત્યકાર અને ફિલ્મોના જાણીતા લેખક, બી.આર.ચોપડાની 'મહાભારત' સિરિયલનાં શુદ્ધ સંસ્કૃતમય સંવાદો લખનાર રાહી માસૂમ રઝાજીએ પણ હિન્દુસ્તાનીને સમર્થન આપેલું કે 'ઉર્દૂ ભાષાની રચનાઓ જો હિન્દીમાં છપાશે તો જ ઉર્દૂ ભાષા બચશે', જે વાતનો કટ્ટર મુલ્લાઓ અને અમુક સાહિત્યકારે વિરોધ કરેલો, પણ આખરે પ્રેમચંદની 'એક ભાષા-એક લિપિ-એક રાષ્ટ્ર' જેવી પ્રૅક્ટિકલ રાષ્ટ્રવાદી ભાવનાને ત્યારના કૌમી સંકુચિત હિંદુ-મુસ્લિમ નેતાઓના કુપ્રચારો સામે ટકરાઈને ચૂર ચૂર થઈ ગઈ. પછી સમાજમાં ધર્માંધતા અને સાંપ્રદાયિકતા વધી ત્યારે પ્રેમચંદે, 'ભારતીય હિન્દી પરિષદ'ની સ્થાપના કરી. એ ઉપરાંત દેશમાં એકતાનાં ઉદ્દેશ્યથી 'હંસ' જેવું સાહિત્યિક સામાજિક મેગેઝિન શરૂ કર્યું, જેને ખૂબ ખોટ ખાઈને પણ ચલાવ્યું, જે હિન્દીના માધ્યમથી દેશનું પહેલું સાહિત્યિક મેગેઝિન હતું! હિન્દી હિન્દુસ્તાની 'હંસ' મેગેઝિનનો મુદ્રાલેખ હતોઃ 'હમ પહલે હિન્દુસ્તાની હૈ,
પીછે કુછ ઔર...! '

બાય ધ વે, આપણને બધાને હિન્દી દિવસ મુબારક.. ■

## વધાઈ હો ભારતવાસીઓને વિશ્વ હિન્દી દિવસની!


શોભિત દેસાઈ

...ગજબનો ચાલી રહ્યો છે ને ભારત દેશનો સમય! વિશ્વ યોગા દિવસ પછી સમગ્ર વિશ્વ સમ્માન ધરી રહ્યું છે આવતી કાલે આર્યાવર્તને વિશ્વ હિન્દી દિવસની ઉજવણી રૂપે... ભારતની રાષ્ટ્રભાષા હિન્દી જગતભરમાં માન્યતા પ્રાપ્ત કરશે.

અને કેવો ઠઠારો હિન્દી ભાષાનો! અમારામાંથી કેટલા બધા સ્કૂલમાં પ્રવેશ પરિચય કોવિદ અને સાહિત્ય રત્નની પરીક્ષા આપવા નિયમિત ભણતરની પરીક્ષાઓની જેમ જ થનગનાટ સાથે શનિ-રવિમાં જતા. સુશ્રી મહાદેવી વર્મા -પ્રેમચંદ - સૂર્યકાંત ત્રિપાઠી નિરાલા - 'રશ્મિરથી' નામના મહાઅદ્ભુત કર્ણાખ્યાનના સર્જક રામધારીસિંહ દિનકર-જયશંકર પ્રસાદ-જ્યોતિન્દ્ર દવેના સમકક્ષ હાસ્યકાર હરિશંકર પરસાઈ અને આવી કાંઈ કેટલીય પીંછીઓ અમારા ચહેરે ફરી રહી છે આ વિશ્વ હિન્દી દિવસ નિમિત્તે...

એ પછી ૧૯૭૪થી તો ગઝલ લખતા થયા ને કેટલા બધા સમર્થ હિંદી કવિ-સાહિત્યકાર સાથે જીવવા મળ્યું, સુંદર જીવવા મળ્યું. સૂર્યભાનુ ગુપ્ત આવી ગરમાગરમ ગોટા જેવી ગઝલ સંભળાવે ત્યારે મગજમાં તીખાં તમતમતાં મરચાં જેવી ચાટીઓ બોલે..

*તમામ ઉમ્ર ભલે સુખી મૌત મરતે હૈં*
*ચઢી નદીમેં ઉતરનેસે લોગ ડરતે હૈં*

*હરેક લમ્હા કીસી હાદસે કા અંદેશા*
*દિલોં કે બીચસે અબ રાસ્તે ગુઝરતે હૈં*

*શોર કા તરજુમા હૈ ખામોશી*
*ઇસ સદીકી કથા હૈ ખામોશી*

*દીપ આવાઝસે જલાતી હૈ*
*બૈજુ કા હી ગલા હૈ ખામોશી*

*હમ સબ ખુદ કે કાતિલ હૈં, સાહબ!*
*તીન સૌ દો દફા હૈ ખામોશી*

*થક કે લૌટ આયીં સારી ભાષાએં*
*લાપતોં કા પતા હૈ ખામોશી*

તે વાત ત્યાં સુધી પહોંચી પછી તો કે ભાષાના ભરપૂર ગર્વમાં મદોન્મત્ત ઉર્દૂ કવિઓ શાયરો પણ માન્યતા અને પૈસા રળવાના આવેશમાં ઉર્દૂ ઓછી કરી હિંદી વધારવા માંડ્યા.. મહાન સર્જક દુષ્યંતકુમારથી પ્રેરાઈને...

*યે સારા જિસ્મ ઝુક કર બોઝ સે દોહરા હુઆ હોગા*
*મૈ સઝદે મેં નહીં થા, આપકો ધોખા હુઆ હોગા*

*યહાં તો સિર્ફ ગૂંગે ઔર બહરે લોગ બસતે હૈં*
*ખુદા જાને યહાં પર કીસ તરહ જલસા હુઆ હોગા*

*હરેક લમ્હેંસે ઝોંકે ગઝલ કે આતે હૈં*
*અકેલી રાત હૈ, ચલીએ! ટહલકે આતે હૈં*

*અજીબ હાલ હૈ, ચહરે બદલકે આ ગયે ફિર*
*વો કહ ગયે થે કી કપડે બદલકે આતે હૈં*

– રાહત ઇન્દોરી

*ઔર બાઝાર સે ક્યા લે જાઉં?!*
*પહલે બારીશ કા મઝા લે જાઉં...*

*રોઝ કહેતા હૈ હવા કા ઝોંકા,*
*'આ! તુઝે દૂર ઉડા લે જાઉં*

*આજ ફિર મુઝસે કહા દરિયાને*
*'ક્યા ઈરાદા હૈ? બહા લે જાઉં?!*

*જેબમેં કુછ તો રહેગા 'અલ્વી'*
*લાઓ, તુમ સબકી દુઆ લે જાઉં.*

– મોહમ્મદ અલ્વી

*ઈતના ઝોર સે નાચે નકલી બંદર*
*કી ધોખા ખા ગયે ખુદ રામચંદર*
*અયોધ્યા મેં આ કર કુછ બંદર અલગ છાંટે ગયે*
*ઔર ઉનમેં અલગ અલગ મંત્રીપદ બાંટે ગયે.*

– ઘનશ્યામ અગરવાલ

*ડેમોક્રેસી કે યે પરિણામ નજર આતે હૈં*
*ચોર ખાદીમેં ખુલેઆમ નઝર આતે હૈ*
*જો ન તોલા થે ન માશા થે ન રત્તી થે*
*વોહી કુર્સી પે કિલોગ્રામ નઝર આતે હૈ*

– શૈલ ચતુર્વેદી

*શામ તક સુબહ કી નઝરોં સે ઉતર જાતે હૈં*
*ઈતને સમઝૌતે પે જીતે હૈં કી મર જાતે હૈં*

– વસીમ બરેલવી

અને એમાંય મારા અતિપ્રિય વાચક! અછાંદસ કવિતાના સાંપ્રતકાલના વેદવ્યાસનું બિરુદ આપી શકાય એવા સુદામા પાંડે 'ધૂમિલ'ની કવિતાઓને શ્રેષ્ઠતાનું કોઈ બિરુદ જ ન આપી શકાય એવી પરમશ્રેષ્ઠ છે. MRTP Act દેખાડવા પૂરતો સરકારે રાખેલો પણ આખી ય અર્થવ્યવસ્થા એવી જડબેસલાક Protected બનાવી દેવામાં આવેલી કે છઠ્ઠો દાખલ જ ન થાય. પાંચ પરિવારોને જ લીલાલહેર... અને 'ધૂમિલ' વીજળી વહાવે છે, બધા પાંચિયાઓના લાંચિયાપણા પર.

*એક વો હૈ જો રોટી બેલતા હૈ (મજૂર)*
*દુસરા વો હૈ જો રોટી પકાતા હૈ (મધ્યમ નોકરિયાત)*
*તીસરા વો હૈ જો રોટી સે ખેલતા હૈં (પાંચિયાઓ)*
*યે તીસરા આદમી કૌન હૈ, મેરે દેશકી સંસદ મૌન હૈ...*

જ્યારે સમય મળે ત્યારે નહીં, અત્યારે જ તરત જ 'ધૂમિલ'ની 'સંસદ સે સડક તક' મેળવીને વાંચી જજો. શુદ્ધ કવિતા અને પદ્ય સતર્કતા કોને કહેવાય એનું કેવળજ્ઞાન થઈ જશે...

આદિકાળથી લઈને તુલસીદાસ અને કબીરના કાળ સુધી ફેલાયેલા દોહાને અણીશુદ્ધ ઉર્દૂ અદ્ભુતયોગના શ્રી નીદા ફાઝલી ઉવાચ કેટલી લવચિકતાથી સમકાલીન હિન્દીમાં મૂકે છે, ૨૧મી સદીના માનવજીવનના વ્યથા-વિલાસ વ્યક્ત કરતાં...

*પૂજા સબકી એક હૈ, અલગ અલગ હર રીત*
*મસ્જિદ જાયે મૌલવી, કોયલ છેડે ગીત*

*મૈ રોયા પરદેસમેં, ભીગા મા કા પ્યાર*
*દુઃખને દુઃખસે બાત કી, બિન ચિટ્ઠી બિન તાર*

*બચ્ચા બોલા દેખકર મસ્જિદ આલીશાન*
*'અલ્લાહ! તેરે એક કો ઈતના બડા મકાન!'*

આ લખતી વેળાએ ૯મી જાન્યુઆરીએ સાંજે અદ્ભુત વડીલ સન્મિત્ર શરદ જોશીનો રાજીવ ગાંધીની ઠેકડી ઉડાડતો લેખ કે ભારતીય પતિઓંકી હિલને ડૂલને કી આઝાદી આસનસોલ નામનો લેખ, હરિશંકર પરસાંઈનો હાસ્યલેખ 'સમય પર ન મિલનેવાલે', આસકરન અટલના ચૂટકુલાઓ ને બીજું ઘણું બધું સ્મરણસંદુકમાં ઝબકારા/ લબકારા લઈ રહ્યું છે... પણ એ બધામાં બહુ રાચીએ તો આજ રાતના બાર વાગ્યા પછી ચોવીસ કલાકનો જે શુભકાલ છે એ ચૂકી જવાય. માટે અત્યારે તો ઉર્દૂના આદિશાયર (નરસિંહ મહેતા જેવા) નઝીર અકબરાબાદીની અપ્રતિમ કૃષ્ણપ્રેમ દર્શાવતી અને ગઝલના જ છંદમાં રચાયેલી એક ભવ્ય કવિતાનો લિબાસ પહેરીને પૂરા ચોવીસ કલાક મહાલીએ!!!

*यारो, सुनो दधिके लुटैयाका बालपन*
*औ मधुपुरी नगर के बसैयाका बालपन*
*मोहन सरुप नृत्य करैयाका बालपन*
*बनबन के ग्वाल गौवैं चरैयाका बालपन*
*ऐसा या बांसुरी के बजैयाका बालपन*
*क्या क्या कहूं मैं कृष्ण कन्हैयाका बालपन*

*उनको तो बालपनसे न था काम कुछ जरा*
*संसार की जो रीत थी उसको रखा वजा*
*मालिक थे वोह तो आपी उन्है बालपनसे क्या?*
*वाँ बालपन खवानी बुढापा सब एक था – एसा था...*

*पाटी पकड के चलने लगे जब मदनगोपाल*
*धरती तमाम हो गई एक आनमें निहाल*
*वासुकि चरन छुअनको चले छोडके पाताल*
*आकास पर भी धूम मची देख उनकी चाल – ऐसा था...*

*करने लगे ये धूम तो गिरधारी नंदलाल*
*इक आप और दूसरे साथ उनके ग्वाल बाल*
*माखन दहीं चूराने लगे सबके देखभाल*
*दी अपनी दूध चोरीकी घर-घरमें घूम डाल... ऐसा था...*

*गर चोरी करते आ गई ग्वालिन कोई वहाँ*
*औ उसने आ पकड लिया तो बोले उससे वाँ*
*मैं तो तेरे दही की उडाता था मक्खियाँ*
*खाता नहीं मैं उसको निकाले था चींटियां.*

*ईक रोज मुँह मे कान्हने माखन छिपा लिया*
*पूछा जसोदाने तो वहा मुँह बना दिया*
*मुँह खोल तीन लोकका आलम दिखा दिया*
*इक आनमें दिखा दिया और फिर भुला दिया*

*सब मिलके यारो कृष्णमुरारीकी बोलो जै*
*गोबिंदकुंज छैलबिहारीकी बोलो जै*
*दधिचोर, गोपीनाथ, बिहारीकी बोलो जै*
*तुम भी 'नजीर' कृष्णमुरारीकी बोलो जै* ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# વિશ્વ હિન્દી દિવસ



क ख, ग, घ, ङ, च, छ, ज, झ, ञ, ट, ठ, ड, ढ, ण, त, थ, द, ध, न, प, फ, ब, भ, म, य, र, ल, व, श, ष, स, ह, क्ष, त्र, ज्ञ

## લો, હવે તો હિન્દી ભાષા દક્ષિણમાં પણ ગમવા લાગી છે!



કૌશિક મહેતા

પંદરેક વર્ષ પહેલાં રાજકોટના કેટલાક ગુજરાતી પત્રકારો દક્ષિણના પ્રવાસે હતા. એકમોટી કંપની દ્વારા કેટલાંક આયોજન હતાં. ત્યારે ત્યાં જાણીતી હોટેલમાં ઉતારો હતો અને અમારી સાથેના એક પત્રકારને અંગ્રેજી આવડતું નહોતું. એમને રૂમનું એસી વધુ પડતું લાગ્યું અને રિમોટ પણ કામ કરતું નહોતું. એમણે રિસેપ્શનમાં ફોન લગાડ્યો અને હિન્દીમાં વાત કરી તો સામેથી કોઈ રિસ્પોન્સ ના મળ્યો. પત્રકાર મૂંઝાયા. મને બોલાવ્યો બાદમાં અમે અંગ્રેજીમાં વાત કરી ત્યારે બાત બની.

એક જમાનો હતો ,જ્યારે દક્ષિણમાં હિન્દી બોલવા સામે અને બોલનારા સામે સખત નફરત હતી ત્યાંના લોકોને... જોકે, આજે માહોલ બદલાયો છે. આજે તામિલનાડુ કે આંધ્ર કે પછી કર્ણાટકમાં જશો તો હિન્દીમાં વાત કરનારું કોઈને કોઈ મળી જશે. હવે ટેક્સીવાળા કે પછી રિક્ષાવાળા ભાંગ્યું તૂટ્યું હિન્દી બોલે છે. છેલ્લાં દોઢ બે દસકામાં આ બદલાવ આવ્યો છે. એનું કારણ કોઈ સરકાર કે હિન્દીપ્રેમીઓ નથી, પણ ટુરિઝમ છે -સાહિત્ય છે ને સિનેમા છે.

હિન્દીને રાષ્ટ્ર ભાષા માનનારા ઘણા છે, પણ એને માત્ર સરકારી ભાષાનો જ દરજ્જો અત્યાર સુધી મળ્યો છે. એની સાથે અંગ્રેજીને આવો જ દરજ્જો આપવો પડ્યો છે.


અલબત, રાજ્યોને એમના કામકાજની ભાષા સ્થાનિક રાખવાનો અધિકાર બદલાયો છે. હા, આજે ય જો હિન્દી ભાષાને રાષ્ટ્રીય ભાષા બનાવવાની વાત આવે તો તામિલનાડુમાં વિરોધ શરૂ થઇ જાય છે. એની શરૂઆત ૧૯૩૮માં થઇ હતી. ત્યારે રાજગોપાલાચારીની સરકાર હતી અને મદ્રાસમાં શાળાઓમાં હિન્દી ભાષા શરૂ કરવાનો નિર્ણય થયો પછી હિંસક આંદોલન ફાટી નીકળ્યું. સરકારે નિર્ણય પાછો ખેંચવો પડ્યો અને સરકાર પણ પડી ભાંગી. રાજીવ ગાંધીએ નવોદય શાળા શરૂ કરેલી એમાં હિન્દી ભાષા રાખવાનું નક્કી થયું ત્યારેય એનો વિરોધ થયો અને આજ સુધી તામિલનાડુમાં કોઈ નવોદય વિદ્યાલય સ્થપાઈ નથી. હજુ બે વર્ષ પહેલાં જ અમિત શાહે મધ્ય પ્રદેશમાં ઈજનેરી અભ્યાસક્રમ હિન્દીમાં શરૂ કરવાની વાત કરી તો તામિલનાડુનાં મુખ્યમંત્રી સ્ટાલિને જબરો વિરોધ કર્યો અને વડા પ્રધાન - રાષ્ટ્રપતિને પત્ર લખી બંધારણનાં ભાષાના અધિકારની દુહાઈ દીધી.

જો કે, હિન્દી ભાષાનો તામિલનાડુમાં જેટલો વિરોધ થાય છે એટલો










અન્ય દક્ષિણી રાજ્યમાં થતો નથી. ડીએમકે પહેલીવાર સત્તામાં આવી એ હિન્દી વિરોધી આંદોલનના આધારે આવી હતી એટલે એ વિરોધ કરે એ સ્વાભાવિક છે અને દક્ષિણના લોકો પોતાની ભાષા અને સંસ્કૃતિ પ્રત્યે અનુરાગ રાખે છે એટલે એ હિન્દી ભાષાનો વિરોધ કરે છે, પણ હવે પરિસ્થિતિ બદલાઈ છે.

ગાંધીજીએ ૧૯૧૮માં હિન્દી પ્રચાર સભા સ્થાપી હતી એ આજે ય દક્ષિણમાં કામ કરે છે. પહેલાં હિન્દી ભાષી લોકો દક્ષિણના પ્રવાસે જતા તો એમના માટે ભાષાની સમસ્યા થતી, પણ હવે એટલી થતી નથી. પ્રવાસનના વિકાસ સાથે દક્ષિણમાં હિન્દીનો બોલકો વિરોધ ઓછો થયો છે. અને એ દિશામાં સૌથી મોટું કામ કર્યું છે સિનેમાએ.

હિન્દી સિનેમા અને દક્ષિણની ફિલ્મો વચ્ચે નાતો મજબૂત બની રહ્યો છે. એક સમયે જીતેન્દ્ર દક્ષિણના દિગ્દર્શકો સાથે બહુ કામ કરતા. મહિનામાં ૨૦-૨૫ દિવસ એ ત્યાં જ વ્યસ્ત રહેતો. આજે તો દક્ષિણનાં હીરો હિન્દીમાં લોકપ્રિય થઇ રહ્યા છે. પ્રભાસથી માંડી અલ્લુ અર્જુનનાં દાખલા આપણી સામે છે. દક્ષિણની અભિનેત્રીઓએ હિન્દી ફિલ્મોમાં સફળતા મેળવી છે. સૌથી મહત્વની વાત એ કે હવે દક્ષિણમાં હિન્દી ફિલ્મો વિષે વાત થાય છે, જોવાય પણ છે. થિયેટરમાં એટલી નહિ, પણ યુટ્યુબ કે પછી ઓટીટી પર. અને હિન્દી ફિલ્મો ત્યાં ડબ થતી નથી, જ્યારે દક્ષિણની ફિલ્મો હિન્દીમાં ડબ થાય છે અને બહુ જોવાય છે ટીવી ચેનલથી માંડી સિનેમા થિયેટરો સુધી.

આમ હિન્દી અને દક્ષિણના ભેદભાવ ઓછા થઇ રહ્યા છે. અને પાન ઇન્ડિયા ફિલ્મોનો યુગ શરૂ થઇ રહ્યો છે. દક્ષિણનાં ફિલ્મ કલાકારો હિન્દી સારું બોલી રહ્યા છે. વચ્ચે સુદીપ કિચ્ચા અને અજય દેવગન વચ્ચે હિન્દી ફિલ્મોના મુદ્દે વિવાદ જરૂર થયો હતો. હા, કામકાજની વાત આવે છે તો દક્ષિણનાં લોકો હિન્દી ભાષી રાજ્યોમાં કામ કરતા હોય તો પણ અંગ્રેજીમાં વાત કરે છે.

જોકે, એ ચિત્ર પણ બદલાશે. મજાની વાત એ પણ છે કે, દક્ષિણ કોરિયાની 'બુસાન યુનિવર્સિટી'એ હિન્દી અને ભારતીય ભાષાના અભ્યાસક્રમો બંધ કર્યા તો ત્યાં ભારતીય વિદ્યાર્થીઓએ આંદોલન કર્યું હતું. પૂર્વોત્તરનાં રાજ્યમાં હિન્દી ઓછી બોલાય છે. કાયદા કાનૂનથી કોઈ ભાષા રાષ્ટ્રીય નથી બનતી પણ એ માટે તો બિઝનેસ કે કળા સાહિત્ય જ કામ આવે છે.

આ બધા વચ્ચે હિન્દી ભાષા બોલનારા પણ વધી રહ્યા છે. ૨૦૦૧માં ૪૧.૩ ટકા લોકો હિન્દી બોલતા હતા અને ૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ ૪૩.૬૩ટકા લોકો હિન્દી બોલતા થયા છે. એ પછી વસતિ ગણતરી થઇ નથી, થશે તો આ આંકડો જરૂર વધી જશે એ નક્કી. ■

## હિન્દી સાહિત્યકારો... અલપ-ઝલપથી આત્મીયતા સુધી!



અનિલ જોશી

૧૯૭૦માં હું મુંબઈ આવ્યો. છેલ્લાં ૫૫ વર્ષથી હું મુંબઈમાં રહું છું. આ વર્ષો દરમિયાન મારી બેસણી- ઊઠણી હિન્દી અને ઉર્દૂ ભાષાના સાહિત્યકારો અને કવિઓ સાથે વિશેષ રહી છે. આનું પરિણામ એ આવ્યું કે મારે મોટા ભાગનો સંવાદ હિન્દી ભાષામાં જ કરવો પડતો. ક્યારેક હરીન્દ્ર અને સુરેશ દલાલ કે સિતાંશુ મળી જાય ત્યારે મને ભાન થતું કે 'અરે, હું તો ગુજરાતી કવિ છું - લેખક છું...!'

વિખ્યાત શાયર સૂર્યભાનુ ગુપ્ત તો લગભગ દરરોજ સાંજે જૉબ ઉપરથી છૂટીને મારી નાનકડી ભાયખલાની ખોલીમાં આવતા અને કલાકો સુધી અમારો હિન્દીમાં સંવાદ થતો. એ પછી હિંદીભાષાના વિખ્યાત વ્યંગકાર શરદ જોશી તો મારા ખારના નિવાસસ્થાને પાડોશી બન્યા એટલે એમનો આવરોજાવરો મારે ઘેર દરરોજ રહેતો. 'યહ જો હૈ જિંદગી' સિરિયલનો દરેક એપિસોડ ઘેર આવીને સંભળાવતા હતા. શરદ જોશીનો વ્યંગ એટલો ધારદાર હતો કે એકવાર 'ચિત્રલેખા'ના તંત્રી હરકિસન મહેતાએ મને ફોન કરીને કહ્યું હતું કે 'આપણે શરદ જોશીની કોલમ 'ચિત્રલેખા'માં શરૂ કરવી છે. તમે ગુજરાતીમાં અનુવાદ કરો...' એવું બધું નક્કી થયું, પણ કોઈ કારણસર શરદ જોશી લખી શક્યા નહીં..

આ બધા સત્સંગને કારણે હું મારા ઘરમાં પણ હિન્દીમાં સંવાદ કરવા લાગ્યો. એ પછી ખાર ઉપનગરમાં નિદા ફાઝલી રહેવા આવ્યો. લગભગ દરરોજ મુલાકાત થતી રહી, પણ ખાસ કરીને 'ધર્મયુગ'ના તંત્રી ધર્મવીર ભારતી સાથે પારિવારિક સંબંધ રચાયો. એમણે 'ધર્મયુગ'ના દિવાળી અંકો માટે મારી પાસે લેખો લખાવ્યા - મારી કવિતાઓ પણ અનુવાદ કરીને 'ધર્મયુગ'માં પ્રસિદ્ધ કરી. મારો વિક-એન્ડ ધર્મવીર ભારતીને ઘેર બાંદ્રા 'સાહિત્ય સહવાસ'માં જ જતો. 'નવભારત ટાઇમ્સ'ના તંત્રી અને અત્યારે 'ભવન'ના હિન્દી સામયિક 'નવનીત'ના સંપાદક વિશ્વનાથ સચદેવ તો મને ગુજરાતી કવિ માનતા જ નથી. વિશ્વનાથે મારી અનેક કવિતાઓ અને લેખ 'નવનીત'માં પ્રસિદ્ધ કર્યા.


મુંબઈમાં ગુજરાતી સાહિત્ય અકાદમીમાં વાઇસ ચૅરમૅન તરીકે શિવસેનાએ મારી નિમણૂક કરી, પણ બાળાસાહેબના એક વિધાનના વિરોધમાં મેં રાજીનામું આપ્યું ત્યારે બાળાસાહેબે મને પૂછ્યુંઃ 'તેં શું કામ રાજીનામું આપ્યું?' મેં તરત કીધું કે 'હું સરકારી પદનો કવિ નથી, પણ તુકારામના પદનો કવિ છું' આ સાંભળી બાળાસાહેબે મને વાંસામાં ધબ્બો મારતાં કહ્યું હતુંઃ

'તું મલા ગુજરાતી કવિ દિસત નાહી.'

આટલી પૂર્વભૂમિકા આપ્યા પછી મારે ધર્મવીર ભારતી અવસાન પામ્યા એ પ્રસંગ 'હિન્દી દિવસ' નિમિત્તે ખાસ લખવો છે તે અહીં પ્રસ્તુત કરું છું...

સર્વભાષા સરસ્વતી

વાંદરાના સાહિત્ય સહવાસમાં 'ધર્મયુગ'ના તંત્રી ધર્મવીર ભારતીને ઘેર અનેક કાવ્યમય સાંજોનો આનંદ મારી સ્મૃતિમાં છલકાય છે. એ કાવ્યગોષ્ઠીમાં વીપી સિંહ વડા પ્રધાન બન્યા પછી પણ ચોરીછૂપીથી આવીને કવિતા સંભળાવતા હતા. અટલ બિહારી બાજપાઈ પણ હોંશે હોંશે સરપ્રાઈઝ એન્ટ્રી મારીને કવિતાઓ સંભળાવતા હતા. એક વાર અટલજીએ બહુ સરસ કિસ્સો સંભળાવ્યો હતો. અટલજી એક વાર કવિ નિરજ સાથે એક કવિસમેલનમાં જવા બસમાં નીકળ્યા મુસાફરી બહુ લાંબી હતી. રસ્તામાં બસ ખોટકાઈ ગઈ. બંને કવિને ચિંતા થવા લાગી કે ટાઈમસર પહોંચશું કે કેમ? છેવટે બસ ચાલી અને મોડી રાતે પહોંચી ગયા. હોલ ઉપર ગયા તો ખબર પડી કે કવિસંમેલન પૂરું થઈ ગયું છે. સ્ટેજ અને ખુરશીઓ ખાલી હતી. બંને કવિમિત્રો મૂંઝાયા કે અર્ધી રાતે જવું ક્યાં? એ બન્ને એ શહેરના ચોકમાં ગયા તો સદ્ભાગ્યે કાર્યક્રમના આયોજક એક હોટલમાં નાસ્તો કરતા હતા. બંને કવિને નિરાંત થઈ. આયોજકે એમને જમાડ્યા અને પોતાના ઘેર રાતવાસો કરવા લઈ ગયા પછી અટલજી કહેઃ 'હવે આની પાસે પુરસ્કાર કેમ માગવો? અમારી કવિતા લીલા તોરણેથી પાછી ફરી.' અટલ બિહારી બાજપાઈ અત્યંત સંવેદનશીલ કવિ છે. ઉત્તમ મનુષ્ય જ સારી કવિતા લખી શકે છે.



ધર્મવીર ભારતી

મને ધર્મવીર ભારતી યાદ આવી ગયા છે. ગોંડલમાં જેમ મકરંદનું ઘર હતું એમ મુંબઈમાં મારા માટે ધર્મવીર ભારતીનું ઘર હતું જ્યાં હું કારણ વિના જઈ શકતો હતો. ભારતીજી પોતે વર્ષો સુધી 'ધર્મયુગ'ના તંત્રી રહ્યા છતાં તંત્રીપદનો કોઈ ભાર એમનામાં નહોતો ધર્મવીર ભારતીમાં સેન્સ ઑફ હ્યુમર ખૂબ હતી. ભારતીજીએ ખુદ પોતાના મૃત્યુ વિષે શ્રદ્ધાંજલિ લખી હતી તે ખાસ વાંચવા જેવી છે.

ભારતીજીએ કલ્પના કરી હતી કે હું મૃત્યુ પામીશ ત્યારે લોકો કેવો પ્રતિભાવ આપશે?

'જે છાપાઓમાં તે લખ્યા કરતો હતો એના તંત્રીઓ હાશકારો અનુભવશે 'હવે એના લેખ છાપવા અને પુરસ્કાર મોકલવાની કડાકૂટ ગઈ', કોઈ માસિકના સંપાદકે રજિસ્ટરમાં જોઈ લીધું કે એના નામે કોઈ લવાજમ બાકી તો નથી ને? જે મિત્રો પુસ્તકો ઉધાર લઈ ગયા હતા એ બધાએ મારાં પુસ્તકો પોતાની બુકશેલ્ફમાં ગોઠવી દીધાં શોક્સભાઓ ભરાઈ, શોકસભામાં ઉપસ્થિત બધા મિત્રોએ એ વાતનું ખાસ ધ્યાન રાખ્યું કે પોતાનું નામ અને ફોટો અખબારી અહેવાલમાં છૂટી તો નથી ગયા ને? લેખકો શોકસભામાં અંદરોઅંદર એકબીજાને પૂછતાં હશે

'છાપામાં ભારતીજીની ખાલી પડેલી કૉલમની જગ્યાએ બીજો કોણ આવશે?'

ધર્મવીર ભારતી ખરા અર્થમાં એક સ-જીવ સર્જક હતા. શ્રદ્ધાંજલિ અને શોક્સભાઓની પોકળતાની મજાક ઉડાવતા હતા. 'જીવતા જાણ્યા નહિ ને મૂઆ બાળ્યા નહિ' એવો આ બધો ખેલ છે.

**એ ખરા અર્થમાં એક સ-જીવ સર્જક હતા. શ્રદ્ધાંજલિ અને શોક્સભાઓની પોકળતાની મજાક ઉડાવતા હતા. 'જીવતા જાણ્યા નહિ ને મૂઆ બાળ્યા નહિ' એવો આ બધો ખેલ છે.**

મને તારીખ બાર સપ્ટેમ્બર ૧૯૯૭નો દિવસ બરાબર યાદ છે. વહેલી સવારે શાયર મિત્ર સૂર્યભાનુ ગુપ્તનો ટેલિફોન આવ્યોઃ 'ભારતીજી અબ નહિ રહે' એ ક્ષણે તો હું લગભગ ભાંગી પડ્યો, પણ બીજી જ ક્ષણે હું પહેરેલ લૂગડે સાહિત્ય સહવાસમાં પહોંચી ગયો. હજી એકાદ મહિના પહેલાં જ ધર્મવીર ભારતીએ મને કહ્યું હતું કે 'અનિલ, વરસાદ ઓછો થાય ત્યારે આપણે ટંકારા જરૂર જવું છે. તું મને એકવાર ટંકારા લઈ જા.'

ધર્મવીર ભારતી આર્યસમાજમાં શ્રદ્ધા રાખતા હતા એટલે દયાનંદ સરસ્વતીના જન્મસ્થાન ટંકારા જવાની એમની અદમ્ય ઇચ્છા હતી. એ વર્ષના જુલાઈ મહિનામાં મારે જાવેદ અખ્તર અને સૂર્યભાનુ ગુપ્ત સાથે રાજકોટ જવાનું થયું એ વખતે ધર્મવીર ભારતી પણ સાથે આવવાના હતા, પણ એમની તબિયત સારી નહોતી એટલે એમણે ટંકારા યાત્રા મોકૂફ રાખી. જુહૂથી સાહિત્ય સહવાસ જતાં રસ્તામાં મને આવા અનેક વિચારો આવી ગયા. બાંદરાના એમના નિવાસસ્થાને પહોંચ્યો ત્યારે વાતાવરણ એકદમ ગમગીન હતું. સૂર્યભાનુ ગુપ્ત પણ આવી પહોંચ્યો. ભારતીજીનો નશ્વર દેહ જમીન ઉપર હતો. ધર્મવીર ભારતી ઊંઘમાં જ મૃત્યુ પામ્યા હતા. આ વિષે ધર્મવીર ભારતીએ વર્ષો પહેલાં લખ્યું હતુંઃ

'રાત્રે એ સૂતો પછી એ ઊઠ્યો જ નહીં... દાક્તરોએ કહ્યું એને 'અનબેલેન્સો ફેનીટિકો કાઈલીટ'ની બીમારી છે. આ બીમારી અતિ આધુનિક છે. આનાથી સહુથી પહેલાં અમેરિકાના એક લોકપ્રિય નવલકથાકારને અને બલ્ગેરિયાની એક સામ્યવાદી વૃદ્ધાના પોપટને લાગુ પડી હતી. એ દિવસથી બધા જ સારા લેખકો-કવિઓ આ બીમારીથી મરવાનું પસંદ કરે છે.'

વર્ષો પહેલાં ભારતીજીએ જે લખ્યું હતું એવી રીતે જ એમણે વિદાય લીધી. ધર્મવીર ભારતી પોતાના સમયથી બહુ આગળ જીવતા હતા. તમે ભારતીજીના આ શબ્દો વાંચોઃ

એક વાર એ ખુશ હતો ત્યારે જ મેં પૂછ્યુંઃ 'અરે ભાઈ, સમયથી આગળ ભાગવાનું પાગલપન શું કામ તું કરે છે?' તો એણે હસીને મને જવાબ આપ્યોઃ 'જો હું સમયથી જ બંધાઉં, યુગથી જ બંધાઉં તો હું કાંડા ઘડિયાળ હોત, બેરોમીટર હોત, પણ માણસ શું કામ હોત ? હું ઇન્સાન છું.'

આ શબ્દો ધર્મવીર ભારતીના છે. ભારતીજીની અંતિમ યાત્રાનું એ દશ્ય હું ભૂલી શકતો નથી. એમના નશ્વર દેહને ઊંચકીને શબવાહિની સુધી લઈ ગયા. સૂર્યભાનુ અને મારા હાથમાં સળગતી દોણી હતી.... સ્મશાનગૃહમાં એમની દીકરીના હાથે અગ્નિસંસ્કાર અપાયો ત્યારે હાજર રહેલા સ્વજનોમાં સૂર્યભાનુ, અમિતાભ બચ્ચન, અભિષેક, કમલેશ્વર અને સત્યદેવ દુબેના મોઢામાંથી એક જ વાક્ય નીકળ્યું :

'ઇમાનદારીનો એક યુગ સમાપ્ત થઈ ગયો कविता रोज़ इतिहासों की सामूहिक गति सहसा झूठी पड़ जाने पर क्या जाने सच्चाई टूटे हुए पहियोंका आश्रय ले ('धर्मवीर भारती') ■

# વિશ્વ હિન્દી દિવસ




## હિન્દી કૉમેન્ટ્રીથી સાઉથનાં રાજ્યોમાં ભાષા પ્રત્યેની કડવાશ ઘટી છે...

**ક્રિકેટની રમત દેશના ખૂણે ખૂણે લોકપ્રિય બની ગઈ એમાં રાજ્ય ભાષાની કૉમેન્ટ્રીનો મોટો ફાળો રહ્યો છે.**



હેન્રી શાસ્ત્રી

यह क्रिकेट की हत्या है।

૧૯૬૦ના દાયકામાં 'ઑલ ઈન્ડિયા રેડિયો' પર જ્યારે સુશીલ દોશીએ ક્રિકેટ કોમેન્ટ્રી કરવાનો પ્રારંભ કર્યો ત્યારે રમત અને ભાષાને ચાહનારા લોકોએ હિન્દી કોમેન્ટ્રી સાંભળી અકળાઈને કહ્યું હતું કે 'આ તો ક્રિકેટની હત્યા છે.'

હિન્દી કોમેન્ટ્રીનો પ્રારંભ ૧૯૬૦ના દાયકામાં 'ઑલ ઈન્ડિયા રેડિયો' દ્વારા થયો. ૧૯૬૦, ૧૯૭૦ અને ૧૯૮૦ના દાયકામાં રેડિયો પછી ટેલિવિઝન (ત્યારે 'દૂરદર્શન' તરીકે ઓળખાતું) પર સ્પોર્ટ્સના કવરેજની ગુણવત્તા ઊંચી હતી. હિન્દી કોમેન્ટ્રીમાં રવિ ચતુર્વેદી, સુશીલ દોશી અને જસદેવ સિંહનાં નામ ઘેર ઘેર સ્પોર્ટ્સમેન જેટલા જ લોકપ્રિય હતા. હિન્દી કોમેન્ટ્રીની શરૂઆત થઈ ત્યારે અંગ્રેજીનો અહમ્ રાખનારા અને હિન્દીમાં અતિ શુદ્ધતાનો આગ્રહ રાખનારા લોકોએ એની ટીકા કરી હાંસી ઉડાવી એને તુચ્છ પણ ગણી હતી.

આને લઈને સુશીલ દોશીની દલીલ સાંભળી-સમજી એનું મહત્ત્વ સ્વીકારવા જેવી છે. ક્રિકેટ કોમેન્ટ્રીમાં અંગ્રેજીનું પ્રભુત્વ હતું અને એ જ ભાષામાં કોમેન્ટ્રી થઈ શકે એવા વાતાવરણમાં હિન્દી કોમેન્ટ્રી શરૂ થઈ અને જોતજોતામાં જબરદસ્ત ફેલાઈ ગઈ. ચતુર્વેદી સાહેબે બહુ સરસ વાત કરી છે કે 'હિન્દી કોમેન્ટ્રીએ બે બહુ મોટાં કામ કર્યાં. ક્રિકેટની રમતને એવી જગ્યાએ પહોંચાડી જ્યાં એ પહોંચી શકશે એવી કલ્પના પણ કોઈ નહોતું કરી શકતું, ખેતરમાં કામ કરતા ખેડૂતો, ગામડામાં રહેતા સામાન્ય જન, અન્ય ઠેકાણે કામ કરતા મજૂરોમાં અને રસોડામાં કામ કરતી મહિલાઓ, દરેક વર્ગને ક્રિકેટમાં ખબર પડવા લાગી અને રસ વિકસ્યો. બીજી મહત્ત્વની વાત એ છે કે જેમ હિન્દી કોમેન્ટ્રીએ ખેલને દક્ષિણનાં રાજ્યોમાં પણ પહોંચાડી એમ હિન્દી ભાષા પણ સાઉથના રહેવાસીઓ સાંભળતા થયા. મને ચાહકોના જે પત્રો આવતા હતા એમાં સાઉથના લોકો પણ હતા. એ શ્રોતાઓ લખતા કે તમારી કોમેન્ટ્રી સાંભળી રમત એન્જોય કરી શકાય છે. હા, 'ઉનહત્ત' એટલે સિક્સ્ટી નાઈન જેવી વાત સમજાતી નથી. આમ હિન્દી કોમેન્ટ્રીની લોકપ્રિયતાને કારણે સાઉથમાં હિન્દી માટેના આક્રોશમાં ઘટાડો થયો. આ ગર્વ લેવા જેવી વાત છે.'

આ સદીનાં ૨૫ વર્ષમાં આપણને નાનાં નાનાં ગામડામાંથી ટોપ ક્લાસ ક્રિકેટર મળ્યા છે એમાં હિન્દી કોમેન્ટ્રીનું પણ યોગદાન છે એ સ્વીકારવું જોઈએ.

હિન્દી કોમેન્ટ્રીના પ્રારંભના દિવસો કપરા હતા. એ વિશે ચતુર્વેદીજી કહે છે:

'હિન્દી ભાષાના આગ્રહી લોકો કહેતા કે હિન્દીમાં જ કોમેન્ટ્રી કરવી હોય તો પૂર્ણપણે હિન્દીમાં જ કરો. એમાં અંગ્રેજીની ભેળસેળ ન કરો. સ્કવેર - લેગને वर्गाकार पैर કહેવાનું, સિલી મિડ ઓનને मूर्ख मिड તરીકે સંબોધવાનું અને ફાઈન લેગને चिकनी टांगे તરીકે ઓળખવાનું એવી વાત કરતા. આવું તો કરાય જ નહીં.' અલબત્ત, આમાં ભાષાના આગ્રહ કરતા ટીખળ વૃત્તિ કે પછી પ્રયાસને ઉતારી પાડવાની કોશિશ વધુ દેખાય છે અને આવી રજૂઆત હાસ્યાસ્પદ કરતાં ઘૃણાસ્પદ વધુ લાગે.

સુશીલ દોશીએ આવી બધી ટીકાનો માર સહન કર્યો, ઘવાયા નહીં. એમણે તોડ કાઢ્યો કે ક્રિકેટની શબ્દાવલી અકબંધ રાખી બાકીનો હિસ્સો જેટલો સરળ હિન્દી ભાષામાં કરી શકાય એટલો કર્યો. ક્રિકેટપ્રેમીઓને આ રજૂઆત બેહદ પસંદ પડી અને આજે ૨૦૨૪માં પરિસ્થિતિ એવી છે કે हिन्दी समालोचन की ટીઆરપી અંગ્રેજી કોમેન્ટ્રી કરતાં વધારે છે. એક ઈન્ટરવ્યૂમાં નમૂનો પેશ કરતાં એમણે જણાવ્યું હતું કે 'નાનપણથી જ ક્રિકેટ રમવાનો શોખ હોવાથી બેટ્સમેન અને બોલરની ખાસિયતો જાણતો હતો એટલે જ્યારે બેટ્સમેન સ્કવેર કટથી બાઉન્ડરી ફટકારે ત્યારે કોમેન્ટ્રી આવી રીતે સાંભળવા મળતી કે 'शॉट पिच गेंद थी, ऑफ स्टंप के बाहर बैकफुट पर गए, स्ट्रोक के लिए जगह बनाकर बहुत खूबसूरती के साथ स्कवायर कट कर दिया और गेंद पार हो गई सीमा रेखा के पार चार रन के लिए.' હિન્દી તેમ જ અંગ્રેજીનો કેવો સુંદર તાલમેલ જોવા મળે છે અહીં!



સુશીલ દોશી



રવિ ચતુર્વેદી



જસદેવ સિંહ

આ જ રીતે, જસદેવ સિંહ પણ હિન્દી કોમેન્ટ્રીમાં મોટું માથું હતું. અલબત્ત, એ પ્રમુખપણે ક્રિકેટ કોમેન્ટેટર નહોતા. ક્રિકેટ કોમેન્ટ્રી એમણે કરી છે, પણ હોકી તેમજ અન્ય ખેલમાં એમનું યોગદાન વિશાળ રહ્યું છે. એમના કાર્યક્ષેત્રનું ફલક ખૂબ જ વિશાળ હતું. કારકિર્દી દરમિયાન ઘણા ઓલિમ્પિક રમતોત્સવ તેમ જ હોકી વર્લ્ડ કપ અને એશિયાઈ રમતોત્સવમાં એમણે હિન્દી કોમેન્ટ્રી કરી હતી. આંચકો લાગે એવી વાત એ છે કે જસદેવજી હિન્દી ભણ્યા જ નહોતા અને તેમ છતાં અવ્વલ દરજ્જાના કોમેન્ટેટર સાબિત થયા. એમના જ શબ્દો છે કે 'તમને જાણીને નવાઈ લાગશે કે હું ક્યારેય હિન્દી ભણ્યો જ નથી. મારું ભણતર પહેલાં ઉર્દૂમાં અને પછી અંગ્રેજીમાં થયું હતું. જોકે, કોમેન્ટ્રી કરવાના શોખે મને હિન્દી શિખવાડી દીધું.'

કેવી ઉમદા એમની વાણી હતી એ જાણીએ. ૧૯૭૫ના વર્લ્ડ કપ હોકીની ભારત - મલેશિયા મૅચ ચાલી રહી હતી. મલેશિયા પાસે ૨-૧ની સરસાઈ હતી અને મૅચની ૧૦ મિનિટ બાકી હતી. ત્યારે હિન્દી કોમેન્ટ્રી કરી રહેલા જસદેવ સિંહનું બયાન ખુદ એમના જ શબ્દોમાં:

'મેં જોયું કે મેદાન બહાર અસ્લમ શેરખાન વોર્મ અપ કરી રહ્યો છે. મેં કોમેન્ટ કરી કે કદાચ કર્ણધાર અજિત પણ સિંહ એને મેદાન પર બોલાવે. મારું વાક્ય પૂરું થયું ત્યાં અસ્લમ કૂદકા મારતો મેદાનમાં દાખલ થયો. अपने दाएं हाथ में हॉकी स्टिक लिए उन्होंने ऐसे छलांग लगाई जैसे हिरण लगाता. उन्हें देखकर मुंह से निकला कि 'असलम मैदान पर भारत का भाग्य बनकर आए हैं...' उन्होंने अपना ताब़िज चूमा और एक मिनट के अंदर ही भारत को पेनल्टी कॉर्नर मिल गया. असलम ने गोल किया और भारत बराबरी पर आ गया...

મૅચની અંતિમ મિનિટોમાં જસદેવ સિંહે કરેલા સમાલોચનની પ્રશંસા અખબારમાં તો થઈ જ, તત્કાલીન વડાં પ્રધાન ઈન્દિરા ગાંધીએ પણ સ્તુતિ કરી હતી. ઈન્દિરાજીએ સન્માન સમારોહમાં જસદેવ સિંહને કહ્યું હતું કે મૅચની અંતિમ મિનિટોમાં એમણે જસદેવજીની કોમેન્ટ્રી એકાગ્રપણે સાંભળી હતી.

રવિ ચતુર્વેદી કાનપુરના નિવાસી હતા. કાનપુર અને ક્રિકેટ બેટ ઉત્પાદનનો લાંબો અને રોચક ઇતિહાસ છે. કદાચ આ કારણસર જ જીવ વિજ્ઞાન (ઝૂઓલૉજી)ના પ્રોફેસર હોવા છતાં એમને ક્રિકેટની રમત માટે લગાવ પેદા થયો હતો. કાનપુરમાં જ્યારે પ્રથમ વાર હિન્દીમાં કોમેન્ટ્રીનું પ્રસારણ થયું ત્યારે રવિ ચતુર્વેદીની પસંદગી કરવામાં આવી હતી. એમણે ૧૦૦થી વધુ ટેસ્ટ અને ૨૦૦થી વધુ વન - ડેમાં હિન્દીમાં કોમેન્ટ્રી કરી છે. એમની એક રસપ્રદ વાત એ છે કે એ ક્રિકેટ રમતા હતા એક ઓપનિંગ બેટ્સમેન તરીકે અને જ્યારે જલદી આઉટ થઈ જાય ત્યારે ઈનિંગ્સ પૂરી થાય ત્યાં સુધી કોમેન્ટ્રી કરતા...! આના પરથી ખ્યાલ આવે છે કે નાનાં શહેરોમાં અંગ્રેજી નહીં જાણતા લોકો ક્રિકેટની પરિભાષાની બારીકીઓ હિન્દી કોમેન્ટ્રીને કારણે પામી શક્યા એમાં કોમેન્ટ્રીનો ફાળો કેવો છે. હિન્દી ક્રિકેટ કોમેન્ટ્રીના સુવર્ણકાળમાં રવિ ચતુર્વેદીનું નામ પણ સુવર્ણ અક્ષરે લખાયેલું છે. ■

---

## વર્ષમાં બે વાર કેમ ઊજવાય છે 'હિન્દી દિવસ'?

વિજય વ્યાસ




**ભારતમાં** સૌથી વધારે બોલાતી ભાષા હિન્દી છે એ કોઈને કહેવાની જરૂર નથી. ભારતની કુલ ૧૪૫ કરોડની વસતિમાંથી ૬૦ કરોડથી વધુ લોકોની તો માતૃભાષા જ હિન્દી છે, જ્યારે હિન્દી બોલી શકનારાની સંખ્યા તો ૧૦૦ કરોડથી પણ વધારે હશે. દક્ષિણનાં રાજ્યને બાદ કરતાં ભારતના બાકીના ભાગોમાં હિન્દી બોલાય જ છે. દક્ષિણમાં પણ કર્ણાટક અને કેરળમાં હિન્દી સાવ અસ્પૃશ્ય નથી, હૈદરાબાદની આસપાસના વિસ્તારોમાં પણ હિન્દી બોલાય છે. એ જોતાં હિન્દી બોલી શકનારાની સંખ્યા ૧૦૦ કરોડથી પણ વધારે હોઈ શકે છે.

આ આંકડા દર્શાવે છે કે, હિન્દી ભારતમાં સૌથી વધારે પ્રભાવ ધરાવતી ભાષા છે. આ ભાષાના ગૌરવની ઉજવણી કરવા ભારતમાં દર વરસે ૧૦ જાન્યુઆરીએ 'વિશ્વ હિન્દી દિવસ' મનાવાય છે.

રસપ્રદ વાત એ છે કે, ભારતમાં દર વરસે ૧૪ સપ્ટેમ્બરે પણ 'હિન્દી દિવસ' મનાવવામાં આવે છે. આમ વરસમાં બે વાર હિન્દી દિવસ મનાવાય છે. તેના કારણે સાચો હિન્દી દિવસ ક્યો એ વિશે ગૂંચવાડો પણ છે, પણ તેમાં ગૂંચવાઈ જવાની જરૂર નથી.

૧૦ જાન્યુઆરી અને ૧૪ સપ્ટેમ્બર બંને હિન્દી દિવસ તરીકે જ ઊજવાય છે, પણ બંને વિશ્વ હિન્દી દિવસમાં મોટો ફરક છે. ૧૪ સપ્ટેમ્બરે ઊજવાતો હિન્દી દિવસ રાષ્ટ્રીય સ્તરે મનાવાય છે તેથી તેને 'રાષ્ટ્રીય હિન્દી દિવસ' કહે છે જ્યારે ૧૦ જાન્યુઆરીએ 'વિશ્વ હિન્દી દિવસ' સમગ્ર વિશ્વમાં મનાવાય છે.

આ બંને હિન્દી દિવસનો ઉદ્દેશ હિન્દી ભાષાની મહત્તા સ્થાપિત કરીને તેનો પ્રસાર કરવાનો જ છે, પણ બે અલગ દિવસે રાષ્ટ્રીય અને વિશ્વ હિન્દી દિવસની ઉજવણી એટલે થાય છે કે, બંને સાથે અલગ અલગ ઐતિહાસિક ઘટનાઓ જોડાયેલીછે.

આપણે સૌથી પહેલાં ૧૦ જાન્યુઆરીએ ઊજવાતા 'વિશ્વ હિન્દી દિવસ'ની ઉજવણીની વાત કરી લઈએ. એ ૧૦ જાન્યુઆરીએ ઊજવાય છે કેમ કે, ૧૦ જાન્યુઆરી, ૧૯૪૯ના દિવસે 'યુનાઈટેડ નેશન્સ'માં પહેલી વાર સત્તાવાર દસ્તાવેજમાં હિન્દી ભાષાનો ઉપયોગ થયો હતો. ભારત ૧૫ ઑગસ્ટ ૧૯૪૭ના રોજ આઝાદ થઈ ગયો, પણ ત્યારે તેની સત્તાવાર ભાષા અંગ્રેજી જ હતી.

૧૦ જાન્યુઆરી ૧૯૪૯ના દિવસે યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીમાં પહેલી વાર હિન્દી ભાષા બોલાઈ હતી તેની યાદમાં ૧૦ જાન્યુઆરી, ૧૯૭૫ના દિવસે નાગપુરમાં પહેલું વિશ્વ હિન્દી સંમેલન મળેલું. આ સંમેલનમાં તત્કાલીન વડા પ્રધાન ઈન્દિરા ગાંધી હાજર રહ્યાં હતાં. ડૉ. મનમોહન સિંહ વડા પ્રધાન હતા ત્યારે એમણે આ દિવસની યાદમાં ૨૦૦૬માં પહેલી વાર વિશ્વ હિન્દી દિવસની ઉજવણી કરી. સાથે સાથે દર વર્ષે આ દિવસ ઊજવવાની જાહેરાત કરી ત્યારથી ૧૦જાન્યુઆરીએ 'વિશ્વ હિન્દી દિવસ' ઊજવાય છે.

બીજી તરફ, 'રાષ્ટ્રીય હિન્દી દિવસ'નો ઇતિહાસ અલગ છે. ભારત આઝાદ થયો પછી દેશનું બંધારણ ઘડવા બંધારણ સભા બનાવવામાં આવેલી. એ બંધારણ સભાએ ૧૪ સપ્ટેમ્બર, ૧૯૪૯ના રોજ હિન્દીને દેશની સત્તાવાર ભાષા એટલે કે ઑફિશિયલ લેંગ્વેજ તરીકે સ્વીકારવાનો ઠરાવ સર્વસંમતિથી પસાર કરેલો. હિન્દીને આઝાદ ભારતની સત્તાવાર ભાષાનો દરજ્જો મળ્યો તેની યાદમાં દર વરસે ૧૪ સપ્ટેમ્બરે હિન્દી દિવસની ઉજવણી થાય છે.

ઘણા નેતા અતિઉત્સાહમાં હિન્દીનો રાષ્ટ્રભાષા તરીકે ઉલ્લેખ કરે છે, પણ હિન્દી રાષ્ટ્રભાષા નથી, પણ સત્તાવાર ભાષા છે.

સત્તાવાર ભાષાનો અર્થ, સરકારી કામકાજની ભાષા થાય છે. હિન્દીની સાથે સાથે અંગ્રેજી પણ ભારતમાં સત્તાવાર એટલે કે સરકારી કામકાજની ભાષા છે. અંગ્રેજી ભારતીય નહીં પણ વિદેશી ભાષા હોવા છતાં આ દેશમાં સરકારી કામકાજની ભાષા તરીકે તેને હિન્દીને સમકક્ષ દરજ્જો મળ્યો એ આપણી કમનસીબી છે.

ભારતમાં હિન્દી સૌથી વધારે બોલાતી ભાષા છે. ભારતનાં ૬૦ કરોડથી વધારે લોકોની માતૃભાષા હિન્દી છે, જ્યારે હિન્દી બોલનારા લોકોની સંખ્યા તો ૧૦૦ કરોડથી પણ વધારે હશે. તેની સામે અંગ્રેજી બોલનારા કે જેમની માતૃભાષા અંગ્રેજી હોય એવા લોકોની સંખ્યા માંડ એક કરોડ પણ નથી, છતાં આ દેશમાં અંગ્રેજી સત્તાવાર ભાષા છે તેનું કારણ આપણા આંતરિક ઝઘડા છે. આ ઝઘડાના કારણે ભારતની કોઈ રાષ્ટ્રભાષા નથી અને અંગ્રેજોની ગુલામીના પ્રતીકરૂપ અંગ્રેજી હજુ પણ આપણી સત્તાવાર ભાષા છે.

હિન્દીને સત્તાવાર ભાષા બનાવતાં પણ બંધારણ સભાને ફીણ આવી ગયેલું. હિન્દીને સત્તાવાર ભાષા એટલે કે ઑફિશિયલ લેંગ્વેજ બનાવવામાં આવી એ પહેલાં લગભગ બે વર્ષ સુધી ખેંચતાણ ચાલી હતી.

અંગ્રેજોના સમય પહેલાં ભારતમાં મુસ્લિમ શાસકોના સમયમાં ઉર્દૂમાં વ્યવહારો થતા. અંગ્રેજો આવ્યા પછી તેમણે અંગ્રેજીમાં કામકાજ કરવા માંડ્યું. ભારત આઝાદ થતાં ના મુસ્લિમ શાસકો રહ્યા કે ના અંગ્રેજો રહ્યા તેથી ભારતની પોતાની ભાષા હિન્દીને રાષ્ટ્રભાષા બનાવવાની દરખાસ્ત બંધારણ સભા સમક્ષ મૂકવામાં આવી હતી.

દક્ષિણ ભારતનાં રાજ્યોએ તેનો ઉગ્ર વિરોધ કર્યો. દક્ષિણ ભારતનાં રાજ્યોની દલીલ હતી કે, દક્ષિણ ભારતમાં હિન્દી કોઈને આવડતી નથી ત્યારે હિન્દીને રાષ્ટ્રભાષા બનાવવાથી લોકો ભડકશે અને નવી સમસ્યા ઊભી થશે. તેમણે અંગ્રેજોની પ્રથા ચાલુ રાખીને અંગ્રેજીને દેશની સત્તાવાર ભાષા તરીકે સ્વીકારીને બંધારણમાં તેનો ઉલ્લેખ કરવાની માગ પણ કરી.

બીજી તરફ, હિન્દીના સમર્થકો મોડર્ન સ્ટાન્ડર્ડ હિન્દીને રાષ્ટ્રભાષા જ્યારે દક્ષિણનાં રાજ્યો અંગ્રેજીને સત્તાવાર ભાષા ગણવાની માગ પર અડી ગયાં તેથી મડાગાંઠ પડી ગઈ. આ મડાગાંઠ ઉકેલવા બંધારણ સભાની ડ્રાફ્ટ બનાવનારી સમિતિના ચૅરમૅન બાબાસાહેબ આંબેડકરે એક સમિતિ બનાવી. બંધારણનો ડ્રાફ્ટ ઘડનારી સમિતિમાં ગોવિંદ વલ્લભ પંત, કનૈયાલાલ મુનશી, અલ્લાદી કૃષ્ણાસ્વામી ઐયર, એન. ગોપાલસ્વામી આયંગર, બી.એલ. મિત્તર, મોહમ્મદ સદુલ્લાહ તથા ડી.પી. ખૈતાન એટલા સભ્યો હતા. આ વિદ્વાનોએ ભેગા મળીને બંધારણનો મુસદ્દો બનાવેલો.

બાબાસાહેબે હિન્દીભાષી સમર્થકોમાંથી કનૈયાલાલ મુનશી અને દક્ષિણમાંથી એન. ગોપાલસ્વામી આયંગરને લઈને બનાવેલી સમિતિએ આ સમસ્યાના ઉકેલ માટે એક ફૉર્મ્યુલા સૂચવી. આ ફૉર્મ્યુલા પ્રમાણે, ભારતની કેન્દ્ર સરકારની સત્તાવાર ભાષા એટલે કે ઑફિશિયલ લેંગ્વેજ હિન્દી રહેશે, જ્યારે અંગ્રેજી ૧૫ વર્ષ સુધી એસોસીએટ ઑફિશિયલ લેંગ્વેજ રહેશે. આ ૧૫ વર્ષના ગાળામાં હિન્દી ભાષાનો સત્તાવાર કામોમાં ઉપયોગ માટેનો એક કોશ તૈયાર કરી લેવાશે. ૧૯૬૫માં ૧૫ વર્ષ પતે પછી માત્ર હિન્દી જ સત્તાવાર ભાષા રહેશે.

કનૈયાલાલ મુનશી અને એન. ગોપાલસ્વામી આયંગરની આ ફૉર્મ્યુલા બંધારણ સભાએ સ્વીકારી તેથી હિન્દી સત્તાવાર ભાષા બની. ૧૯૬૫માં પંદર વર્ષ પૂરાં થયાં ત્યારે લાલબહાદુર શાસ્ત્રીની સરકાર હતી. દક્ષિણનાં રાજ્યો હિન્દીનો વિરોધ કરતાં હતાં તેથી અંગ્રેજીને ડી ફેક્ટો ફોર્મલ લેંગ્વેજ ઑફ ઈન્ડિયા એટલે કે વાસ્તવિક રીતે અમલી હોય એવી ભારતની ઔપચારિક ભાષા તરીકે ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો. તેના કારણે હિન્દી દેશની એકમાત્ર સત્તાવાર ભાષા ના બની શકી.

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે હિન્દીનું શિક્ષણ ફરજિયાત કરીને હિન્દીને એકમાત્ર સત્તાવાર ભાષા બનાવવાની દિશામાં પહેલું કદમ ભરેલું, પણ દક્ષિણનાં રાજ્યોના વિરોધના કારણે પારોઠનાં પગલાં ભરવાં પડેલાં. હવે તો ભાજપ પાસે બહુમતી પણ નથી એ જોતાં હિન્દી જ દેશની એકમાત્ર સત્તાવાર ભાષા બને એવી શક્યતા નહિવત્ છે. ■



પ્રકરણ: ૯

# ચહેરા મહોરા

**સોહમ, ભગવાન પર ભરોસો રાખજે. અલ્ટિમેટલી તો એ જ સાચા માણસોનું રક્ષણ કરતો હોય છે..... ઈશ્વરથી મોટો બીજો કોઈ ઓપ્શન-વિકલ્પ હોઈ જ ન શકે. એ જ દરેકનો તારણહાર છે...**



## પ્રફુલ્લ કાનાબાર



**સોહમની** સામે જોઈને સબ -ઈન્સ્પેક્ટર ગઢવીએ મોટા અવાજે પૂછ્યું હતું: નામ?

જી..સોહમ

'બાપનું નામ?'

સોહમ અટક્યો હતો. તેને આજે બપોરે જ તો ખબર પડી હતી કે જેને તે આજ સુધી બાપ માનતો હતો એ બાપુ તેનો અસલી બાપ નથી.

'શું વિચારે છે? બાપનું નામ કેમ યાદ કરવું પડે છે?' ગઢવીએ કરડાકીથી પૂછ્યું હતું.

'જી.. સાહેબ.. બાપનું નામ પરસોતમ પટેલ.' સોહમના ગળામાંથી એ રીતે બાપના નામ તરીકે બાપુનું નામ બહાર આવ્યું હતું જાણે કે કોઈ અંધારી ગુફામાંથી કબૂતરનો ફફડાટ બહાર આવે.

'ઉંમર?'

'બાવીસ વર્ષ'

'રહેવાનું?' સોહમ એક પછી એક સવાલના જવાબ આપતો ગયો હતો. સોહમ આખી ઘટનાનું વર્ણન કરી રહ્યો હતો. રાઇટર તમામ વાત લખી રહ્યો હતો ત્યાં જ આંગડિયા એજન્સીના શેઠજી આવી પહોંચ્યા હતા. શેઠજીનો માલ પોતે બચાવી શક્યો નહોતો તેથી સોહમના ચહેરા પર અપરાધભાવ ઊતરી આવ્યો હતો. પોલીસે શેઠજીનું પણ નિવેદન લીધું હતું.

ઘેર પડખાં ફરતાં ફરતાં જ સોહમે રાત વિતાવી. સોહમ સવારે ઊઠયો ત્યારે બાપુ ઓટલે બેઠા બેઠા ચા પી રહ્યા હતા. મા અંદર હતી. સોહમે બ્રશ કરી લીધું એટલે માએ તેના હાથમાં ચાનો કપ આપતાં પૂછ્યું:

'સોહમ, વહેલો આવી ગયો?'

'સૂરત જવાનું બંધ રહ્યું' સોહમે ટૂંકમાં પતાવ્યું.

માને એમ હતું કે સોહમ તેનો ગઈકાલનો સવાલ .. 'મારો બાપ કોણ છે?' આજે પણ દોહરાવશે પરંતુ માની ધારણા ખોટી પડી હતી. સોહમે એ વાતનો ઉલ્લેખ કર્યો જ નહીં.

માને હાશકારો થયો. અલબત્ત, માનો એ હાશકારો લાંબા સમય સુધી ટક્યો નહીં. થોડી વાર બાદ સોહમ બાથરૂમમાં હતો ત્યારે પડોશમાં રહેતાં સરિતાબહેન હાથમાં અખબાર સાથે અચાનક આવી ચડયાં. 'કંચનબેન, આમાં સોહમનું નામ છે' આઠ ચોપડી ભણેલી સોહમની માએ સરિતાબહેનના હાથમાંથી અખબાર લઈને એક જ શ્વાસે સમાચાર વાંચી લીધા. ગઈકાલે સોહમ કેમ વહેલો ઘરે પરત આવી ગયો હતો તે વાતનો તાળો પણ માને મળી ગયો.

'સરિતા, હું થોડી વાર બાદ આ છાપું તને આપી જઈશ.'

'થોડી વાર બાદ સ્નાન કરીને સોહમ ટોવેલ પહેરીને બાથરૂમની બહાર આવ્યો. સોહમે પેન્ટ અને ટી-શર્ટ પહેરી લીધાં એટલે માએ એક પણ શબ્દ બોલ્યા વગર અખબાર સોહમના હાથમાં આપ્યું.

'અમદાવાદ રેલવે સ્ટેશને જાહેરમાં આંગડિયાના માણસો પર ગોળીબાર કરીને ગુંડાતત્ત્વો દ્વારા પચાસ લાખના ડાયમંડની લૂંટ'

છાપાંનું આ હેડિંગ વાંચીને સોહમ ચમક્યો. તે એક જ શ્વાસે એ સમાચાર વાંચી ગયો. મનોહરની સાથે તેનું નામ પણ તેમાં હતું. સોહમના કપાળે પરસેવો વળી ગયો:

'દીકરા, મૂંઝાતો નહીં.. મારો નાથ બધું સારું કરી દેશે.' માએ દીવાલ પર લગાવેલા ભગવાનના ફોટા સામે શ્રદ્ધાપૂર્વક જોઈને કહ્યું.

સોહમ ભીની આંખે માને તાકી રહ્યો. સોહમને યાદ આવ્યું કે ગઈકાલે માએ પ્રેમપૂર્વક કપમાં ચા કાઢી હતી તે પીવા માટે પણ તે રોકાયો નહોતો અને ગુસ્સામાં સ્ટેશને જવા નીકળી ગયો હતો. સોહમે આજે પહેલી વાર ભગવાનના ફોટા સામે શ્રદ્ધાપૂર્વક જોયું. માણસ ગમે તેટલો નાસ્તિક હોય, પણ જો અણધારી મુશ્કેલીમાં મુકાય તો એ આખરે તો ઈશ્વરને જ આશરે જતો હોય છે! સોહમ ભગવાનના ફોટા સામે જોતાં જોતાં મનમાં જ બોલ્યો:

'પ્રભુ, આજ સુધી મેં તારી પાસે કાંઈ જ માગ્યું નથી. જો પોલીસ મને હાથ પણ નહિ લગાવે અને આ મુશ્કેલીમાંથી હું હેમખેમ બહાર નીકળી જઈશ તો હું હંમેશાં તારું શરણું સ્વીકારી લઈશ..'

દસ વાગે સોહમ ઑફિસે જવા નીકળ્યો. ચાર રસ્તા પાસે જ શિવાની મળી ગઈ.

'અરે સોહમ, સારું થયું તું અહીં જ મળી ગયો... છાપામાં વાંચ્યું.. ગઈકાલના બનાવ...'

'હા શિવાની, આજકાલ મારા ગ્રહો ખરાબ ચાલે છે. બહુ મોટી ઉપાધિ આવી ગઈ.'

'સોહમ, આપણે નિર્દોષ હોઈએ તો હિમ્મત નહીં હારવાની..'

'નિર્દોષ હોઈએ તો? આ 'તો'નો મતલબ મારે શું સમજવો?' શિવાનીને બોલતી અટકાવીને સોહમે પૂછ્યું.

'સોહમ, આઈ મીન ટૂ સે કે તું નિર્દોષ જ છે.. એટલે તારે હિમ્મત નહીં હારવાની.'

'હવે તું બરોબર બોલી' સોહમે ઊંડો શ્વાસ લઈને કહ્યું. બંને વચ્ચે થોડી વાર માટે મૌન પથરાઈ ગયું.

'શિવાની, તું જાણતી નથી આ પોલીસવાળાઓને.. એ લોકો ફરિયાદી જ અપરાધી હોય તેવી રીતે બિહેવ કરતા હોય છે... આવા કેસમાં તો ખાસ. મને ગઈકાલે રાત્રે FIR કરાવતી વખતે જ એક અનુભવ તો થઈ ગયો છે. પોલીસ ઇન્સ્પેક્ટર મને ધમકાવીને જ પૂછતા હતા.. બોલ છોકરા.. એ માણસો કોણ હતા? જો નહીં કહે તો તારાં હાડકાં ભાંગી નાખીશું.' આ તો સારું થયું કે અમારા શેઠ સમયસર આવી ગયા અને તેમના નિવેદનના આધારે એ લોકો મારા પ્રત્યે થોડા કૂણા પડ્યા.

'સોહમ, ભગવાન પર ભરોસો રાખજે. અલ્ટિમેટલી તો એ જ સાચા માણસોનું રક્ષણ કરતો હોય છે.'

'હા, મારી પાસે તો બીજો કોઈ ઓપ્શન પણ ક્યાં છે?' સોહમે આકાશ તરફ જોઈને કહ્યું હતું.

'સોહમ, ઈશ્વરથી મોટો બીજો કોઈ ઓપ્શન-વિકલ્પ હોઈ જ ન શકે. એ જ દરેકનો તારણહાર છે.'

સોહમ ઑફિસે પહોંચ્યો ત્યારે શેઠજી હજુ આવ્યા નહોતા. ઑફિસમાં બેઠેલા બંને છોકરાઓ હજુ નવાસવા જ નોકરીએ રહ્યા હતા. સોહમે બંનેની સામે વારાફરતી જોયું.

બંનેની આંખમાં ગઈકાલના બનાવ માટે જ સવાલ ડોકાતો હતો. સોહમ મનમાં જ વિચારી રહ્યો.. આ તો કેવું કહેવાય? સ્ટાફના આજકાલના આવેલા છોકરાઓ પણ જાણે કે હું જ ગુનેગાર હોઉં એમ મને જુએ છે. બિલ બનાવવાવાળો છોકરો નીચું જોઈને તેના કામમાં મશગૂલ થઈ ગયો. સોહમ ચૂપચાપ તેના કામમાં પરોવાઈ ગયો.

* * *

જાડેજા સાહેબના હુકમ મુજબ સબ ઇન્સ્પેક્ટર ગઢવીએ કોર્ટમાં જતાં પહેલાં સિવિલ હૉસ્પિટલના ડૉક્ટરની મુલાકાત લીધી.

'આવો ઈન્સ્પેક્ટર સાહેબ' ડૉક્ટરે પોલીસ ડ્રેસમાં સજ્જ સબ ઈન્સ્પેક્ટર ગઢવીને તેમની કેબિનમાં આવકાર આપતાં કહ્યું.

'કેમ છે મનોહરને હવે?'

'હી ઈઝ ક્વાઈટ ઑલ રાઈટ. તેના પગમાં વાગેલી ગોળી રાત્રે જ કાઢીને તેને ડ્રેસિંગ કરી દેવામાં આવ્યું હતું. કલાક બાદ તેને ડિસ્ચાર્જ કરી દઈશું.'

'ડૉક્ટર સાહેબ, મારે તેનું મેડિકલી ફિટનું એક સર્ટિફિકેટ જોઈએ છે.. કોર્ટમાં રજૂ કરવા માટે... જેથી તેના રિમાન્ડ સરળતાથી મંજૂર થઈ જાય.'

'ઓહ તો તમને એ માણસ પર શક છે?'

'સામાન્ય રીતે આવા કિસ્સામાં હંમેશા આંગડિયાના માણસો જ લૂંટારુ ગેંગ સાથે ભળેલા હોય છે. ડૉક્ટરે તરત સર્ટિફિકેટ લખી આપ્યું. અગિયાર વાગે કોર્ટ ખૂલતાં જ મનોહરના રિમાન્ડ મંજૂર થઈ ગયા.

* * *


બપોરે ચાર વાગે શેઠજી ઑફિસે આવ્યા ત્યારે ખૂબ ઉત્સાહમાં હતા. 'સોહમ, સમાચાર મળ્યા?' સોહમે આશ્ચર્યથી શેઠજીની સામે જોયું. 'આજે સવારે કોર્ટ ખૂલતાં જ પોલીસે મનોહરને રિમાન્ડ પર લેવાનો ઓર્ડર કઢાવ્યો અને મનોહરને જેવો રિમાન્ડ પર લીધો કે તરત જ એ પોપટની જેમ બધું બોલી ગયો. પોલીસ જયારે ચૌદમું રતન વાપરે ત્યારે ભલભલા ચમરબંધીઓ પણ સીધા થઈ જતા હોય છે...! મનોહરે આપેલી માહિતીના આધારે પોલીસે પેલા બંને ગુંડાને દહેગામ પાસેથી પકડી પાડ્યા છે. દુઃખ તો એ વાતનું છે કે મનોહર જેવા વિશ્વાસુ માણસે મારી સાથે વિશ્વાસઘાત કર્યો.'

શેઠજીની વાત સાંભળીને સોહમને આંચકો લાગ્યો. મનોહરભાઈ તો કેટલા સીધા સાદા દેખાતા હતા? જોકે સોહમને મોટો હાશકારો પણ થયો. કારણકે પોલીસ તો શકના ગ્રાઉન્ડ પર તેને પણ રિમાન્ડ પર લઈ શકતી હતી. આવું કાંઈ ન બન્યું અને સાચા ગુનેગારો તરત પકડાઈ ગયા એ માટે સોહમે ભીની આંખે મનોમન ઈશ્વરનો આભાર માન્યો. સવારે જ શિવાનીએ કહેલી વાત સોહમને સો ટકા સાચી લાગી... ઈશ્વરથી મોટો કોઈ તારણહાર નથી.

સાંજે ઑફિસેથી છૂટ્યા બાદ સોહમ ઘરે જઈ રહ્યો હતો ત્યારે ખૂબ જ ખુશ હતો. આજે જીવનની સૌથી મોટી ઘાતમાંથી તે બાલ બાલ બચી ગયો હતો. દરેક માણસની નિયતિમાં જે નિર્માણ થયું હોય છે તે તરફ જ તે ગતિ કરતો હોય છે, પણ....

સોહમની નિયતિમાં પણ આજે જ આનાથી પણ વધારે ખરાબ અને કરુણ ઘટના લખેલી હતી તે નિર્દોષ સોહમ ક્યાં જાણતો હતો?

(ક્રમશઃ)■





'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.


વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| तितली | કરોળિયો |
| खटमल | ઊધઈ |
| जुगन | પતંગિયું |
| दीमक | માંકણ |
| मकडा | આગિયો |

## ઓળખાણ પડી?



અફલાતૂન અદાકારી માટે જાણીતી અભિનેત્રી કંગના રનૌટની ફિલ્મની ઓળખાણ પડી? કંગનાને નેશનલ અને ફિલ્મફેર અવૉર્ડ મળ્યા હતા.

અ) ધાકડ  બ) નો પ્રોબ્લેમ  ક) ક્વીન  ડ) પંગા

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | ૨ ભ | ય | ૩ દા | ન | | ૪ અ | સ્કયા | ૫ મ | ૬ ત |
| ૭ વ | ર | | હ | | ૮ અ | મ | | ૯ સા | રો |
| ૧૦ મા | થા | ૧૧ ઝી | ક | | ૧૨ મ | લ | ૧૩ ક | | તા |
| ૧૪ ન | ર | ક | | ૧૫ ખા | ર | | માં | | જા |
| ના | | | ૧૬ હ | ર | ફ | | ૧૭ ત | ડ | |
| | ૧૮ વ | ૧૯ શ | | ૨૦ વ | ળ | ૨૧ ત | ર | | ૨૨ અ |
| ૨૩ અ | | ૨૪ ત | ર્પ | ણ | | સુ | | ૨૫ શ | ક |
| ૨૬ વ | ઢ | | | | ૨૭ સં | | ૨૮ અ | બ | ળા |
| સો | | ૨૯ ખો | ટ | | ૩૦ ક | ર | ચ | | મ |
| ૩૧ ન | બ | ળો | | ૩૨ અ | લ્પ | | ૩૩ લ | હા | ણ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ૩ | | ૪ | | ૫ | |
| ૬ | | | | ૭ | ૮ | | | | |
| ૯ | | ૧૦ | ૧૧ | | | | ૧૨ | | ૧૩ |
| | | ૧૪ | | ૧૫ | | | ૧૬ | ૧૭ | |
| ૧૮ | ૧૯ | | | ૨૦ | | ૨૧ | | ૨૨ | |
| | | | ૨૩ | | | | | ૨૪ | |
| ૨૫ | | ૨૬ | | | ૨૭ | | ૨૮ | | |
| ૨૯ | | | | | | | | | |
| | | | | ૩૦ | | | | | ૩૧ |
| ૩૨ | | | | ૩૩ | | | ૩૪ | | |

**આડી ચાવી**

૧. ઊંડા ભેદવાળું (૫)
૪. મોક્ષપદ, શાંતિનું ધામ (૪)
૬. જાસૂસ (૨)
૭. સારો દીકરો (૩)
૯. એક ફળ (૪)
૧૪. મોટું બારણું (૪)
૧૬. સંપત્તિ, જાહોજલાલી (૩)
૧૮. સોનું (૩)
૨૦. એક જાતનાં થેપલાં (૩)
૨૨. મોકો (૨)
૨૩. --- નું શાક થાય (૨)
૨૪. દિયરને ઘણી જગાએ --- કહે (૨)
૨૫. સજાવવું તે (૪)
૨૮. નડતર, સ્વીકાર કરવો તે (૩)
૨૯. પેશાબખાનું (૪)
૩૦. ગાયબ (૪)
૩૨. એક રાગ (૩)
૩૩. શરીર (૨)
૩૪. વિદ્યાની દેવી (૩)

**ઊભી ચાવી**

૧. નવું સર્જનાત્મક રચવાનું હોય એવું (૫)
૨. એક રોગ (૩)
૩. અંગ્રેજીમાં હા (૨)
૪. શાંતિયુક્ત, શમેલું (૨)
૫. પવિત્ર દિવસ, તહેવાર (૨)
૮. પૂરા જોરવાળું (જો. છૂ.) (૪)
૧૦. ચાંદ, સિક્કો (૩)
૧૧. --- કસ એટલે ત્રાંસુ (૨)
૧૨. --- કાઢવો એટલે ખૂબ કામ કરાવવું (૨)
૧૩. શુદ્ધ કરવાની પ્રક્રિયા (૫)
૧૫. --- વગર વરસાદ ના આવે (૩)
૧૭. શબ, મડદું (૪)
૧૯. તરતનું જન્મેલું (૪)
૨૧. મધપૂડામાંથી મળે (૨)
૨૩. નાનકડી રૂમ (૩)
૨૫. સમૂહ, જથો (૪)
૨૬. સિદ્ધ પુરુષો આપેલું વચન (૪)
૨૭. પ્રદાન (૪)
૨૮. ગ્રહોની સ્થિતિ (૪)
૩૦. નમેલું (૨)
૩૧. છટા, અભિનય (૨)

## ગુજરાત મોરી મોરી રે

અમિતાભ બચ્ચન મહત્ત્વની ભૂમિકામાં હતા એ વિપુલ શાહ દિગ્દર્શિત 'આંખેં' ફિલ્મ કયા ગુજરાતી નાટક પર આધારિત હતી એ કહી શકશો?

અ) સપ્તપદી  બ) ખેલૈયા
ક) રમત શુન ચોકડીની  ડ) આંધળો પાટો

## જાણવા જેવું

ન્યૂ થિયેટર્સની ફિલ્મ (માય સિસ્ટર - મેરી બહન)ના સાયગલ પર ફિલ્માવાયેલા બે ગીત પંકજ મલિકના અવાજમાં સ્વરબદ્ધ કરાવ્યા હતા, કારણ કે સાયગલ મુંબઈ ચાલ્યા ગયા હતા. ન્યુ થિયેટર્સે એ ગીત સાયગલના સ્વરમાં જ રાખવાનો આગ્રહ રાખ્યો. પરિણામે બે ગીત માટે શ્રી મલિકે સાયગલને ખાસ કલકત્તા બોલાવ્યા અને ગીત રેકોર્ડ કરાવી એ જ ગીત રિલીઝ કર્યા..

## સુડોકુ-૭૦૮૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૩ | | ૭ | | | ૯ |
| | ૮ | ૪ | | ૬ | | ૭ | | |
| | | | ૪ | | | | | ૬ |
| | | ૯ | ૨ | | | | ૮ | ૪ |
| | ૨ | ૩ | | | | ૬ | ૧ | |
| ૪ | ૬ | | | | ૫ | ૩ | | |
| ૬ | | | | | ૯ | | | |
| | | ૫ | | ૪ | | ૯ | ૬ | |
| ૭ | | | ૬ | | ૩ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૭૦૮૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૫ | ૬ | ૮ | ૯ | ૭ | ૨ | ૩ | ૪ |
| ૯ | ૮ | ૪ | ૩ | ૬ | ૨ | ૭ | ૧ | ૫ |
| ૨ | ૩ | ૭ | ૫ | ૪ | ૧ | ૯ | ૮ | ૬ |
| ૫ | ૪ | ૧ | ૯ | ૨ | ૬ | ૩ | ૭ | ૮ |
| ૮ | ૨ | ૯ | ૪ | ૭ | ૩ | ૬ | ૫ | ૧ |
| ૭ | ૬ | ૩ | ૧ | ૫ | ૮ | ૪ | ૯ | ૨ |
| ૪ | ૯ | ૨ | ૭ | ૮ | ૫ | ૧ | ૬ | ૩ |
| ૬ | ૧ | ૮ | ૨ | ૩ | ૯ | ૫ | ૪ | ૭ |
| ૩ | ૭ | ૫ | ૬ | ૧ | ૪ | ૮ | ૨ | ૯ |

## ચતુર આપો જવાબ

### માથું ખંજવાળો

દીપિકા પાદુકોણે શાહરુખ ખાનની હિરોઈન તરીકે કામ કર્યું છે. શાહરુખની કઈ ફિલ્મમાં દીપિકાનો રોલ મહેમાન કલાકાર જેવો હતો એ કહો.

અ) હેપી ન્યૂ યર  બ) ઝીરો  ક) તમાશા  ડ) રઈસ

## નોંધી રાખો

સમય સાથે દ્રષ્ટિકોણ સહિત ઘણું બદલાય છે. યાદ રાખજો કે આજે લોકો જેને રંગ કહે છે એને જ આવતી કાલે ડાઘ કહે તો ચોંકી નહીં જતા.

## માઈન્ડ ગેમ

હીરો બન્યા પહેલા શત્રુઘ્ન સિંહાએ કેટલીક ફિલ્મોમાં વિલનનો રોલ કર્યો હતો. દેવ આનંદની કઈ ફિલ્મમાં તેઓ નેગેટિવ રોલમાં હતા?

અ) ખિલૌના  બ) હીરા પન્ના
ક) ગેમ્બલર  ડ) બનારસી બાબુ

## ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| हैजा | કોલેરા |
| हौले | ધીરેથી |
| होड | સ્પર્ધા |
| हुताशन | અગ્નિ |
| हिदायत | શિખામણ |

**ગુજરાત મોરી મોરી રે**
રેવા

**ઓળખાણ પડી?**
મંથન

**માઈન્ડ ગેમ**
કાજલ

**ચતુર આપો જવાબ**
**માથું ખંજવાળો**
તીસરી કસમ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) સુરેખા દેસાઈ (૩) ધીરેન્દ્ર ઉદેશી (૪) ગીતા ઉદેશી (૫) પ્રતિમા પમાણી (૬) ડો. પ્રકાશ કટકિયા (૭) ભારતી પ્રકાશ કટકિયા (૮) વિભા મહેશ્વરી (૯) શ્રદ્ધા આશર (૧૦) પુષ્પા પટેલ (૧૧) લજિતા ખોના (૧૨) મુલરાજ કપૂર (૧૩) જ્યોતિ ખાંડવાલા (૧૪) નીતા મુલરાજ કપૂર (૧૫) તાહેર ઔરંગાબાદવાલા (૧૬) શીરીન ઔરંગાબાદવાલા (૧૭) મહેન્દ્ર લોઢાવિયા (૧૮) નુતન વિપીન (૧૯) મીનળ કાપડિયા (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૩) ભાવના કર્વે (૨૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨૫) કલ્પના આશર (૨૬) અરવિંદ કામદાર (૨૭) મહેશ દોશી (૨૮) પ્રવીણ વોરા (૨૯) અંજુ ટોલિયા (૩૦) વિણા સંપટ (૩૧) દેવેન્દ્ર સંપટ (૩૨) ભારતી બુચ (૩૩) જ્યોત્સના ગાંધી (૩૪) રમેશ દલાલ (૩૫) ઈનાક્ષી દલાલ (૩૬) હિના દલાલ (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) નયના ગિરીશ મિસ્ત્રી (૩૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૦) અમીશી બંગાળી (૪૧) નિખિલ બંગાળી (૪૨) જયવંત પદમશી ચિખલ (૪૩) મહેશ સંઘવી

### વૉક લેવાનું ભારે પડ્યું

# ઘાટકોપરમાં ઝાડની ડાળી પડતાં ગુજરાતી મહિલાનો જીવ ગયો



**કમનસીબઃ** ઘાટકોપરમાં નાઈન્ટી ફૂટ રોડ પર પાલિકાના આર.જી. પ્લોટ પર બનાવાયેલા બગીચામાં વોક લઈ રહેલી બે ગુજરાતી મહિલા પર ઝાડની ડાળી તૂટી પડતા તેમાંની એકનું મોત થયું હતું.



મીનાક્ષી કીર્તિલાલ શાહ

**ઘાટકોપરમાં ઝાડની ડાળી પડતાં ગુજરાતી મહિલાનો જીવ ગયો સાથે ચાલી રહેલાં ગુજરાતી મહિલાની હાલત ગંભીર**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દરરોજ સાંજે ઈવનિંગ વોક પર જવું ઘાટકોપરની ગુજરાતી ૬૦ વર્ષની ગુજરાતી મહિલાને ભારે પડ્યું હતું. ઘાટકોપર (પૂર્વ)માં વલ્લભબાગ લેનમાં રહેતા ૬૦ વર્ષનાં મીનાક્ષી કીર્તિલાલ શાહ ગુરુવારે સાંજે નાઈન્ટી ફૂટ રોડ લવન્ડર બાગ હોટલ પાસે આવેલા ગાર્ડનમાં જોગર્સ પાર્કમાં ઈવનિંગ વોક પર ગયા હતા ત્યારે તેમના પર પીપળાના ઝાડની ડાળખી તૂટી પડતા તેમનું મૃત્યુ થયું હતું. તેમની સાથે રહેલા ૫૬ વર્ષના વંદના શાહ પણ માથામાં ઈજા તથા તેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં, જ્યા તેમની હાલત હજી ગંભીર છે.

ઘાટકોપર(પૂર્વ)માં સીક્સટી ફૂટ રોડ પર કૈલાશ નિવાસ બિલ્ડિંગ આવેલી છે. તો બાજુમાં જ નાઈન્ટી ફૂટ રોડ પર પાલિકાના આર.જી. પ્લોટ આવેલો છે. અહીં ગાર્ડન બનાવવામાં આવ્યું છે, તેનું સંચાલન ગારોડિયા નગર વેલ્ફેર ફેડરેશન ઓફ હાઉસિંગ સોસાયટી દ્વારા કરવામાં આવે છે. આ ગાર્ડનમાં જોગિંગ ટ્રેક છે, જેમાં સવાર-સાંજ રોજ ચાલવા માટે સ્થાનિક રહેવાસીઓ વોકિંગ માટે આવતા હોય છે. ગુરુવારે સાંજે લગભગ છ વાગ્યાની આસપાસ આ દુર્ઘટના બની હતી.

ગારોડિયા નગર વેલ્ફેર ફેડરેશન ઓફ હાઉસિંગ સોસાયટીના વાઈસ પ્રેસિડન્ડ ડૉ. વિપુલ જોશીએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે ઘાટકોપર(પૂર્વ)માં રહેતા વલ્લભબાગ લેનમાં રહેતા મીનાક્ષીબહેન કીર્તિલાલ શાહ અને વંદના બહેન વોકિંગ માટે આવ્યા હતા. અહીં રોજ મોટી સંખ્યામાં લોકો વોકિંગ માટે આવતા હોય છે. ગુરુવારે સાંજે લગભગ છ વાગ્યાની આસપાસ અચાનક તેમના પર પિપળાના ઝાડની ડાળખી તૂટી પડી હતી, જેમાં

(જુઓ પાનું ૪) ▶▶

### સોસાયટીએ નોટિસની અવગણના કરી

પાલિકાના ઉચ્ચ અધિકારીએ નામ નહીં આપવાની શરતે જણાવ્યું હતું કે આર.જી. પ્લોટ પર બગીચો બનાવીને તેમાં જોગર્સ પાર્ક બનાવવામાં આવેલો છે. આ બગીચાને અડીને આવેલી કૈલાશ નિવાસ સોસાયટીના પરિસરમાં પીપળાનું ઝાડ આવેલું છે. આ ઝાડ અત્યંત જૂનું હોવાની સાથે જ તેની ડાળખીઓ પણ જોખમી હાલતમાં હોવાથી એપ્રિલ મહિનામાં પાલિકાના એન વોર્ડ તરફથી સોસાયટીને ઝાડની જોખમી ડાળખીનું ટ્રિમિંગ કરવાની નોટિસ મોકલવામા આવી હતી પણ સોસાયટીએ પાલિકાની નોટિસની અવગણના કરી હતી. ત્યારબાદ ચોમાસાના સમય દરમિયાન પણ પાલિકાએ ફરી ઝાડની જોખમી ડાળખીનું ટ્રિમિંગ કરવાની નોટિસ આપી હતી, જોકે સોસાયટીએ તેની પણ અવગણના કરી હતી અને ગુરુવારે આ દુર્ઘટના બની હતી. ■

# બાંદ્રામાં બબાલ



### બીકેસીના ભારતનગરમાં તોડકામ સામે વિરોધ પછી ભારે તંગદિલીઃ રાજકારણીઓએ પણ કૂદાવ્યુંઃ રહેવાસીઓ રસ્તા પર ઊતર્યા




**વિરોધનો દાવાનળઃ** બીકેસીના ભારતનગરમાં બુલડોઝર એક્શન પછી રહેવાસીઓ મોટી સંખ્યામાં રસ્તા પર ઊતરી આવ્યા હતા.

મુંબઈઃ બીકેસીના ભારતનગર વિસ્તારના સેંકડો રહેવાસીઓ ગુરુવારે સવારે રસ્તા પર ઊતરી આવ્યા હતા. સરકારી અધિકારીઓ ડિમોલિશન કરવા અર્થે આવ્યા હોવાથી રહેવાસીઓએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. પોલીસના કડક બંદોબસ્ત વચ્ચે જેસીબી દાખલ થયું હતું અને અનધિકૃત ઘરોનું તોડકામ શરૂ કરવામાં આવ્યું હતું. જોકે ઉદ્ધવ ઠાકરે જૂથની શિવસેનાના બાંદ્રા પૂર્વના વિધાનસભ્ય વરુણ સરદેસાઈએ ઘટનાસ્થળે જઇને એસઆરએની કાર્યવાહીનો વિરોધ કર્યો હતો. આને કારણે બાંદ્રા પૂર્વનું વાતાવરણ થોડા સમય માટે તંગ બન્યું હતું. સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટી (એસઆરએ) દ્વારા ભારતનગરના એક વિભાગમાં ૧૮૮-૧૯૦ સ્ટ્રક્ચર્સને નોટિસ

(જુઓ પાનું ૪) ▶▶

## ઉદ્ધવ સેના ફોડી ફડણવીસે પણ અસંતોષના ફટાકડા ફૂટ્યા ભાજપમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

પુણેઃ શિવસેના (યુબીટી)ના પાંચ ભૂતપૂર્વ કોર્પોરેટરો ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા બાદ સ્થાનિક કાર્યકરોએ ફ્લેક્સ દ્વારા પોતાની નારાજી વ્યક્ત કરી છે, જેનાથી ભાજપમાં રહેલા આંતરવિગ્રહની જાણકારી મળી રહી છે. ફ્લેક્સ પર લખવામાં આવ્યું છે કે 'દુશ્મની જમકર કરો લેકિન યે ગુંજાઈશ રહે, જબ કભી હમ દોસ્ત હો જાએં તો શર્મિંદા ન હો.' (દુશ્મની જોરદાર રાખો, પણ એવી જગ્યા રહેવા દો કે જો ક્યારેય ફરી મિત્ર બનીએ, તો શરમાવાનો વારો આવે નહીં) આ કવિતાને કારણે પુણેના રાજકારણમાં આ પક્ષ પ્રવેશને કારણે ફટાકડા ફૂટવાની શક્યતા જણાઈ રહી છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના ભૂતપૂર્વ સભાગૃહ નેતા અને ભાજપ નેતા ગણેશ બિડકરના સાથીદાર વિશાલ દરેકરે શહેરના મધ્યવર્તી વિસ્તારોમાં કવિતાવાળા બેનરો લગાવ્યા છે. મુંબઈમાં પક્ષપ્રવેશનો કાર્યક્રમ યોજાયા પછી થોડા જ કલાકોમાં આ ફ્લેક્સ લગાવવામાં આવ્યા છે અને તેનો રાજકીય અર્થ છે, એમ રાજકીય નિરીક્ષકોનું માનવું છે. જોકે પાર્ટીએ પક્ષપ્રવેશ વિશે કશું લખ્યું નથી, પરંતુ એવી ચર્ચા છે કે આનો ઉપયોગ એક સમયના હરીફોને 'સંદેશ' મોકલવા માટે કરવામાં આવ્યો છે. બિડકરના નજીકના સાથીઓ દ્વારા લગાવવામાં આવેલા આ ફ્લેક્સથી શહેરના વરિષ્ઠ ભાજપ નેતાઓમાં ભારે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. ■

## ઉદ્ધવ-સેનાના ઘણા નેતાઓ શિંદે-સેનામાં જોડાશેઃ ઉદય સામંત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેનાના નેતા અને મહારાષ્ટ્રના પ્રધાન ઉદય સામંતે એવો દાવો કર્યો હતો કે, શિવસેના (યુબીટી)ના ઘણા ચૂંટાયેલા પ્રતિનિધિઓ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના સંપર્કમાં છે અને ટૂંક સમયમાં તેમની પાર્ટીમાં જોડાશે.

શરદ પવારની આગેવાની હેઠળની પાર્ટીના સાંસદોને અજિત પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) દ્વારા તોડવાના કથિત પ્રયાસના પ્રશ્નના જવાબમાં સામંતે કહ્યું હતું કે, મને એનસીપી (એસપી)ના સાંસદો એનસીપીમાં જોડાશે કે નહીં તે વિશે ખબર નથી, પરંતુ મેં આ પહેલા પણ કહ્યું હતું... ચૂંટણી પરિણામો જાહેર થયા પછી, સેના (યુબીટી)ના ઘણા જનપ્રતિનિધિઓ શિંદેના સંપર્કમાં હતા. ટૂંક સમયમાં, તમે જોશો કે સેના (યુબીટી)ના તે જન પ્રતિનિધિઓ શિવસેનામાં હશે. 'આ અંગેનો નિર્ણય શિંદે દ્વારા લેવામાં આવશે,' એમ તેમણે કહ્યું હતું.

સામંતે એમ પણ કહ્યું હતું કે, જો કોઈ મહા વિકાસ આઘાડીના નેતાઓ અજિત પવારની આગેવાની હેઠળની એનસીપીમાં જોડાવા માગતા હોય, તો શિવસેના તેનું સ્વાગત કરશે.એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાએ લોકસભાની સાત બેઠકો જીતીને એનડીએમાં ત્રીજો સૌથી મોટો સાથી પક્ષ બન્યો છે. જો તે સેના (યુબીટી) ના વધુ સાંસદોને ખેંચવામાં સફળ થાય છે, તો પાર્ટી રાષ્ટ્રીય સ્તરે એનડીએમાં તેની સ્થિતિ વધુ મજબૂત કરશે અને વિપક્ષી ઈન્ડિ ગઠબંધનમાં સેના (યુબીટી)ની સ્થિતિ નબળી પડશે. ■

### એમવીએને ફટકો

# વિધાન પરિષદમાં નિયુક્ત સભ્યો સંબંધી અરજી હાઈ કોર્ટે ફગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યપાલ દ્વારા વિધાન પરિષદમાં નિયુક્ત ૧૨ સભ્યોના કિસ્સામાં ગુરુવારે મહા વિકાસ આઘાડીને મોટો ફટકો પડ્યો હતો. આ મામલે બોમ્બે હાઈકોર્ટમાં દાખલ કરાવામાં આવેલી અરજી ફગાવી દેવામાં આવી હતી. આનાથી એમવીએને આઘાત લાગ્યો છે. આ અરજી શિવસેના (યુબીટી)ના કોલ્હાપુર શહેર પ્રમુખ સુનીલ મોદીએ દાખલ કરી હતી. દરમિયાન, પિટિશનરે કહ્યું હતું કે, તેઓ હાઈકોર્ટના આ નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં જશે.

રાજ્યપાલ દ્વારા નિયુક્ત વિધાનસભ્યોની નિમણૂકના વિરોધમાં દાખલ કરાયેલી પિટિશનને મુદ્દે મહાવિકાસ આઘાડીને આઘાત લાગ્યો છે. રાજ્યપાલ દ્વારા નિયુક્ત ૧૨ સભ્યો વિરુદ્ધ દાખલ કરાયેલી અરજીને હાઇકોર્ટે ફગાવી દીધી છે. આ અરજી જસ્ટિસ બોરકર અને જસ્ટિસ ઉપાધ્યાયની બેન્ચ સમક્ષ દાખલ કરવામાં આવી હતી. તેને નકારી કાઢવામાં આવ્યા બાદ, અરજદાર સુનિલ મોદીએ કહ્યું કે તેઓ આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારશે.

મોદીએ કહ્યું હતું કે, શું બંધારણને આધારે અરજી ફગાવી દેવામાં આવી છે? તેનો અભ્યાસ કરવો પડશે. આ અરજીની સુનાવણી દરમિયાન, અમે ઘણા રાજ્યોના પુરાવા આપ્યા હતા, પરંતુ કોર્ટે તેનો

(જુઓ પાનું ૪) ▶▶

## માતા-પિતામાંના વિવાદને લીધે સંતાનનો પાસપોર્ટ અટકાવી ન શકાયઃ કોર્ટ

મુંબઈઃ માતા-પિતા વચ્ચે ચાલી રહેલા વૈવાહિક વિવાદને કારણે સગીરનો પાસપોર્ટ મેળવવાનો અને વિદેશ પ્રવાસ કરવાનો અધિકાર છીનવી શકાય નહીં એમ બોમ્બે હાઇકોર્ટે જણાવ્યું છે.

બુધવારે અદાલતે આપેલા આદેશની એક નકલ ગુરુવારે ઉપલબ્ધ થઈ હતી. આ આદેશ અનુસાર પુણે પ્રાદેશિક પાસપોર્ટ ઓફિસ (આરપીઓ)ને ૧૭ વર્ષની કિશોરીને બે અઠવાડિયાની અંદર પાસપોર્ટ આપવાનો નિર્દેશ આપ્યો હતો અને નિરીક્ષણ કર્યું હતું કે વિદેશ પ્રવાસનો અધિકાર બંધારણમાં બાંયધરી આપવામાં આવેલા મૂળભૂત અધિકારનું એક પાસું છે.

પાસપોર્ટ ઓફિસે નવેમ્બર ૨૦૨૪માં યુવતીની માતાને સંદેશો પાઠવી જણાવ્યું હતું કે તેની પાસપોર્ટ અરજી ધ્યાનમાં નહીં લેવાય કારણ કે તેના પિતાએ વાંધો ઉઠાવ્યો હતો. અરજી અનુસાર યુવતીના માતા-પિતા છૂટાછેડાની કાર્યવાહી ચાલી રહી છે.

પાસપોર્ટ ઓફિસેના સંદેશાના જવાબમાં યુવતીની માતાએ દંપતી વચ્ચે લગ્નનો વિવાદ હોવાથી પાસપોર્ટ ઇશ્યુ કરવાના ફોર્મમાં પિતાની સંમતિ નહીં હોવાનું જાહેરનામુ મોકલ્યું હતું.

હાઇકોર્ટના ચુકાદામાં એમ પણ જણાવાયું છે કે માતા સાથે રહેતી સગીર કિશોરી તેજસ્વી વિદ્યાર્થી છે. દસમા ધોરણમાં તેને બહુ સારા ટકા મળ્યા હોવાથી તેની પસંદગી જાપાનની અભ્યાસ ટૂર માટે થઈ છે. આ ટૂરનું આયોજન કિશોરીની શાળા જ કરી રહી છે. (પીટીઆઈ)■

## 'અપમાનજનક' ટિપ્પણી બદલ જરાંગે વિરુદ્ધ કેસ દાખલ

લાતુરઃ રાજ્યના કેબિનેટ પ્રધાન અને એનસીપી નેતા ધનંજય મુંડે અને તેમના સમુદાય વિરુદ્ધ જાહેર રેલી દરમિયાન કથિત રીતે અપમાનજનક ટિપ્પણી કરવા બદલ લાતુર પોલીસે મરાઠા કાર્યકર્તા મનોજ જરાંગે સામે કેસ નોંધ્યો છે, એક અધિકારીએ જણાવ્યું હતું.

સહાયક પોલીસ નિરીક્ષક સાહેબરાવ ખંડારેએ જણાવ્યું હતું કે મુંડેના સમર્થક કિશોર મુંડે દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ, જરાંગે ચોથી જાન્યુઆરીએ પરભણી ખાતે યોજાયેલી જાહેર રેલી દરમિયાન ધનંજય મુંડે અને વંજરી સમુદાયના લોકો વિરુદ્ધ વાંધાજનક નિવેદનો કર્યા હતા. તેમના નિવેદને સમુદાયના સભ્યોની લાગણીઓને ઠેસ પહોંચાડી છે. ''ફરિયાદના આધારે, ભારતીય ન્યાય સંહિતા કલમો હેઠળ કિંગગાંવ પોલીસ સ્ટેશનમાં કલમ ૩૫૨ (ઈરાદાપૂર્વકનું અપમાન), ૩૫૧ (૨), (૩) (ગુનાહિત ધાકધમકી) અને કલમ ૩ (૫) હેઠળ નોન-કોગ્નિસેબલ ગુનો નોંધવામાં આવ્યો હતો'' એમ તેમણે જણાવ્યું. ■

### બીડના સરપંચની હત્યાનો કેસ

# આરોપીની રાજકીય કડીની ચિંતા વિના મુખ્ય પ્રધાન પગલાં લેઃ અજિત પવાર

પુણેઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે ગુરુવારે જણાવ્યું હતું કે, બીડના સરપંચ સંતોષ દેશમુખની હત્યાના કેસમાં કોઈને પણ છોડવામાં આવશે નહીં, તેમ છતાં તેમણે તેમના પક્ષના નેતા અને કેબિનેટના સાથી ધનંજય મુંડેનો બચાવ પણ કર્યો હતો.

નવમી ડિસેમ્બરે મસ્સાજોગના સરપંચ દેશમુખની હત્યા કરવામાં આવી હતી. રાજ્ય સીઆઈડીની વિશેષ તપાસ ટીમ દ્વારા હત્યા કેસ અને હત્યા સાથે સંબંધિત ખંડણી કેસની તપાસ કરવામાં આવી રહી છે. 'મેં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને કહ્યું છે કે સરપંચની હત્યામાં દોષિતો સામે કાર્યવાહી કરવામાં આવે, પછી ભલે તે વ્યક્તિ કોઈપણ પક્ષ સાથે સંકળાયેલો હોય. ફડણવીસે પણ કહ્યું છે કે આ ક્રૂર હત્યા સાથે સંકળાયેલા બધા જ વ્યક્તિ સામે કાર્યવાહી કરવામાં આવશે,' એમ અજિત પવારે પુણેમાં પત્રકારોને જણાવ્યું હતું. મુંડેના રાજીનામા માટે વિવિધ વર્ગો તરફથી કરવામાં આવી રહેલી માગણી અંગે પૂછવામાં આવતાં પવારે કહ્યું હતું કે, તેમણે મને કહ્યું છે કે તેઓ દેશમુખની ક્રૂર હત્યામાં સામેલ નથી. 'કોર્ટ, એસઆઈટી, સીઆઈડી સરપંચ હત્યા કેસની સંપૂર્ણ તપાસ કરી રહ્યા છે. આ કેસમાં કોઈને પણ છોડવામાં આવશે નહીં,' એમ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના વડાએ ભારપૂર્વક જણાવ્યું હતું. શું મુંડેએ નૈતિક ધોરણે ફડણવીસ સરકારમાંથી રાજીનામું આપવું જોઈએ કે નહીં, તે અંગે પૂછવામાં આવતા, પવારે એવો દાવો કર્યો હતો કે, 'તેમણે કહ્યું છે કે તેઓ આ કેસ સાથે દૂર દૂર સુધી જોડાયેલા નથી. તેમણે એમ પણ કહ્યું કે કોઈપણ એજન્સી આ કેસની તપાસ કરી શકે છે. આરોપો લગાવનારા લોકોએ તપાસ એજન્સીઓને પુરાવા સોંપવા જોઈએ.' ■

## મુંડેના સહયોગી કરાડ પાસે ૧૦૦ કરોડની સંપત્તિ

### ૨૦૨૨માં ઈડીની નોટિસઃ ભાજપના વિધાનસભ્યએ ચોપડો ખોલ્યો

છત્રપતિ સંભાજી નગરઃ મહારાષ્ટ્ર ભાજપના ધારાસભ્ય સુરેશ ધસે ગુરુવારે દાવો કર્યો છે કે સરપંચ સંતોષ દેશમુખની હત્યા સાથે જોડાયેલા અને ખંડણી કેસમાં ધરપકડ કરવામાં આવેલા વાલ્મિક કરાડની સંપત્તિ ૧૦૦ કરોડ રૂપિયાથી વધુ છે અને તેમને ૨૦૨૨માં ઈડી (એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ) તરફથી નોટિસ મળી હતી.

કથિત રીતે પવનચક્કી પ્રોજેક્ટ સાથે સંકળાયેલી એક ઊર્જા કંપની સામે ખંડણીના પ્રયાસોને રોકવાની કોશિશનો બદલો લેવા માટે બીડ જિલ્લાના મસ્સાજોગ ગામના સરપંચ દેશમુખનું નવમી ડિસેમ્બરે અપહરણ કરી ત્રાસ આપી તેમની હત્યા કરવામાં આવી હતી.

તપાસના ભાગરૂપે પોલીસે અત્યાર સુધીમાં આ કેસ સાથે સંકળાયેલા ૭ જણની ધરપકડ કરી છે. એક આરોપી હજુ ફરાર છે. એનસીપીના પ્રધાન ધનંજય મુંડેના સહયોગી વાલ્મિક કરાડની સંબંધિત ખંડણી કેસમાં ધરપકડ કરવામાં આવી છે.

ધસ સહિત વિપક્ષ અને શાસક પક્ષના કેટલાક નેતાઓએ તેમના સહયોગી કરાડ અને હત્યા કેસ વચ્ચેના સંબંધોનો આરોપ કરી વણઝારી સમુદાયના ધનંજય મુંડેના રાજીનામાની માગણી કરી છે.

ગુરુવારે છત્રપતિ સંભાજી નગરમાં વિરોધ દર્શાવતી એક સભાને સંબોધિત કરતા ધસે હત્યા કેસની તપાસના મુદ્દે બીડ પોલીસને પણ નિશાન બનાવી કટાક્ષમાં કહ્યું હતું કે પરલી (બીડમાં સ્થિત) માં અસલી પોલીસ નહીં પણ 'સાવધાન ઇન્ડિયા' અને 'સીઆઇડી' જેવા ટીવી શોના કલાકારોને તહેનાત કરવા જોઈએ. હું મુખ્ય પ્રધાન સમક્ષ લેખિત રજૂઆત કરવાનો છું. (પીટીઆઈ)■

## થાણેના ઉપવન તળાવના કિનારે ભગવાન વિઠ્ઠલની પ્રતિમા સ્થપાશે

થાણેઃ મહારાષ્ટ્રના પ્રધાન પ્રતાપ સરનાઈકે ગુરુવારે એવી જાહેરાત કરી હતી કે થાણે શહેરમાં આવેલા ઉપવન તળાવના કિનારે ભગવાન વિઠ્ઠલની પ્રતિમા સ્થાપિત કરવામાં આવશે.

રાજ્યના પરિવહન પ્રધાન થાણેમાંથી જ આવે છે અને તેમણે ગુરુવારે પત્રકારોને સંબોધતાં ઉપરોક્ત જાહેરાત કરી હતી.

ભગવાન વિઠ્ઠલની પ્રતિમા તળાવના કાંઠે સ્થાપિત કરવામાં આવશે અને અષાઢી એકાદશીના દિવસે તેની મહાઆરતીકરવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું. પ્રતિમા સ્થાપિત કરતી વખતે ગુણવત્તા જાળવી રાખવામાં આવશે તેમ જ સુરક્ષાના બધા જ પગલાં લેવામાં આવશે, એમ પણ તેમણે કહ્યું હતું. (પીટીઆઈ) ■

## લાંચ કેસઃ આગોતરા જામીન માટે જજની હાઈ કોર્ટમાં અરજી

મુંબઈ : મહારાષ્ટ્રની સેશન્સ કોર્ટના ન્યાયાધીશે તેમની સામે નોંધાયેલા લાંચના કેસમાં ધરપકડ પૂર્વે જામીન મેળવવા બોમ્બે હાઈ કોર્ટમાં અરજી કરી છે.

રાજ્યના ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરોએ સાતારા જિલ્લા અને સેશન્સ જજ ધનંજય નિકમ સામે છેતરપિંડીના કેસમાં જામીન આપવા માટે પાંચ લાખ રૂપિયાની લાંચ માંગવા બદલ કેસ કર્યો છે. હાઈકોર્ટના જસ્ટિસ એન આર બોરકરની સિંગલ બેન્ચે બુધવારે જણાવ્યું હતું કે કેસમાં ન્યાયિક અધિકારી સામેલ હોવાથી તે ૧૫ જાન્યુઆરીએ તેમની ચેમ્બરમાં અરજીની સુનાવણી કરશે.

એડવોકેટ વિરેશ પુરવંત મારફત અરજી દાખલ કરનાર નિકમે કહ્યું કે તેઓ નિર્દોષ છે અને તેમને આ કેસમાં ફસાવવામાં આવ્યા છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે એફઆઈઆરમાં નિકમ દ્વારા પૈસાની કોઈ સીધી માંગણી અથવા સ્વીકૃતિ દર્શાવવામાં આવી નથી. તેમણે ન તો જામીન અરજીની સુનાવણી ટાળી કે ન તો અનુકૂળ આદેશોનું વચન આપ્યું. એ પણ નોંધ્યું હતું કે આ સમયગાળા દરમિયાન આવા કોઈ જામીન ઓર્ડર પસાર કરવામાં આવ્યા નહોતા.

મહિલાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેના પિતા, જે નાગરિક સંરક્ષણ કર્મચારી છે, સરકારી નોકરી અપાવવાના બહાને કોઈની સાથે છેતરપિંડી કરવા બદલ ન્યાયિક કસ્ટડીમાં છે. નીચલી અદાલતે તેને જામીન નકાર્યા પછી, મહિલાએ સતારા સેશન્સ કોર્ટમાં નવી જામીન અરજી દાખલ કરી, જેની સુનાવણી નિકમ દ્વારા થવાની હતી. એસીબીનો આરોપ છે કે મુંબઈના કિશોર સંભાજી ખરાત અને સાતારાના આનંદ મોહન ખરાતે એ મહિલા પાસેથી નિકમના કહેવા પર અનુકૂળ ઓર્ડર માટે ૫ લાખ રૂપિયાની માગણી કરી હતી.

એસીબીએ નિકમ, કિશોર ખરાત, આનંદ ખરાત અને એક અજાણ્યા વ્યક્તિ સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધ્યો હતો. (પીટીઆઈ) ■

## ટ્રેન ફાયરિંગ કેસનો આરોપી માનસિક રોગનો શિકારઃ જેલ સત્તાવાળા

મુંબઈઃ ટ્રેનમાં ગોળીબાર કરીને ચાર જણને મોતના ઘાટ ઉતારનાર અને આરપીએફ કોન્સ્ટેબલ પદ પરથી હકાલપટ્ટી કરવામાં આવેલા ચેતનસિંહ ચૌધરી માનસિક રીતે અસ્વસ્થ હતો અને તેને હવે પછીની સારવાર માટે નાગપુરની હોસ્પિટલમાં ફેરવવાની જરૂર છે, એવું જેલ ઓથોરિટીએ ગુરુવારે કોર્ટને જણાવ્યું હતું. ચૌધરીએ પાલઘર નજીક જયપુર-મુંબઈ સેન્ટ્રલ સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનમાં ૩૧મી જુલાઈ, ૨૦૨૩ના રોજ સર્વિસ રિવોલ્વરથી ગોળીબાર કર્યો હતો, જેમાં તેના સિનિયર, આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર ટીકા રામ મીણા અને ટ્રેનમાં મુસાફરી કરી રહેલા ત્રણનાં મોત થયાં હતાં. ભયાનક ગોળીબાર બાદ ચૌધરીની તાત્કાલિક ધરપકડ કરવામાં આવી હતી અને ત્યારથી એ જેલમાં હતો.

આરપીએફમાં કોન્સ્ટેબલ તરીકે કાર્યરત ચૌધરીની ત્યાર બાદ હકાલપટ્ટી કરવામાં આવી હતી અને હાલમાં તે અદાલતી કસ્ટડી હેઠળ અકોલા જિલ્લાની મધ્યવર્તી જેલમાં સજા ભોગવી રહ્યો છે. જેલ ઓથોરિટીએ કોર્ટને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે ચૌધરીની માનસિક સ્થિતિ સારી ન હોવાથી તેને ૧૯મી ડિસેમ્બરે અકોલાની હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. સરકાર સંચાલિત હોસ્પિટલે એવું નિરીક્ષણ કર્યું હતું કે ચૌધરી માનસિક રીતે બીમાર છે. ■

## બાઈક સ્કીડ થતાં પટકાયેલા બે કોલેજિયન પર બસ ફરી વળી

નવી મુંબઈઃ સાયન-પનવેલ હાઇવે પર અસમથળ માર્ગને કારણે બાઇક સ્કીડ થતાં નીચે પટકાયેલા બે કોલેજિયન પર બસ ફરી વળી હતી, જેમાં બંનેનાં મૃત્યુ થયાં હતાં. હાઇવે પર મંગળવારે સવારના ૮.૩૦ વાગ્યાની આસપાસ પનવેલ તરફ આ અકસ્માત થયો હતો. મૃતકોની ઓળખ શશીપ્રિતમ રાજુ દોંથા (૧૯) અને સાહિલ વિકાસ કેરકર (૧૯) તરીકે થઇ હતી. બંને યુવક હોટેલ મેનેજમેન્ટના સ્ટુડન્ટ હતા અને મુલુંડથી બેલાપુરમાં તેમની કોલેજ તરફ આવી રહ્યા હતા. ઉરણ ફાટા બ્રિજ ક્રોસ કર્યા બાદ બંનેને અકસ્માત નડ્યો હતો. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# રોહિત પછી બુમરાહ જ કૅપ્ટનઃ ગાવસકર

## સનીના મતે સાથી ખેલાડી પર પ્રેશર નાખ્યા વગર તેની પાસેથી સારું પર્ફોર્મ કરાવવાની આવડત આ વર્લ્ડ નંબર-વન બોલરમાં છે



સિડનીઃ ભારતના બૅટિંગ-લેજન્ડ સુનીલ ગાવસકર વર્લ્ડ નંબર-વન ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહની નેતૃત્વ સંભાળવાની કાબેલિયત પર આફરીન છે અને તેઓ દૃઢપણે માને છે કે રોહિત શર્મા પછી બુમરાહ જ ભારતનો કૅપ્ટન બનશે.

બુમરાહે તાજેતરમાં ઑસ્ટ્રેલિયામાં રમાયેલી ટેસ્ટ સિરીઝમાં (માત્ર ૧૩.૦૬ની સરેરાશે) સૌથી વધુ ૩૨ વિકેટ લીધી હતી. ઑસ્ટ્રેલિયાની ધરતી પર રમી ચૂકેલા વિદેશી બોલર્સમાં શ્રેષ્ઠ કહી શકાય એવા પર્ફોર્મન્સીસમાં બુમરાહનો આ દેખાવ અચૂક સામેલ કરી શકાય. ઑસ્ટ્રેલિયામાં એક ટેસ્ટ-શ્રેણીમાં સૌથી વધુ ૩૨ વિકેટનો ભારતીય વિક્રમ પણ તેણે નોંધાવ્યો છે. ટેસ્ટ-ટૂરમાં ભારત (પર્થમાં) જે એકમાત્ર ટેસ્ટ જીત્યું એમાં બુમરાહ કૅપ્ટન હતો. સિડનીની છેલ્લી ટેસ્ટમાંથી રોહિત શર્મા નીકળી જતાં બુમરાહને સુકાન સોંપાયું હતું. બુમરાહ જો અંતિમ દિવસે બોલિંગ કરી શક્યો હોત તો ભારત એ ટેસ્ટ જીતી ગયું હોત અને સિરીઝ ૨-૨થી બરાબરીમાં થવાની સાથે ભારતે બોર્ડર-ગાવસકર ટ્રોફી જાળવી રાખી હોત. જોકે પીઠની ઈજાને કારણે તેણે એ દિવસે (રવિવારે) બોલિંગ નહોતી કરી અને ભારતીય ટીમ હારી ગઈ હતી.



ગાવસકરે ઑસ્ટ્રેલિયાની જાણીતી ટીવી ચૅનલને મુલાકાતમાં કહ્યું છે કે 'રોહિત પછી મારી દૃષ્ટિએ બુમરાહ જ કૅપ્ટન બની શકે એમ છે. સુકાનીપદ માટે બુમરાહ જ સૌથી વધુ લાયક છે. તે નેતૃત્વને ખૂબ જ સક્રિયપણે સંભાળે છે અને પોતાની જવાબદારી પણ ખૂબ સારી રીતે સમજે છે. સાથીઓ પર પ્રેશર નાખ્યા વગર સુકાન સંભાળવાની ખૂબ સારી સૂઝબૂઝ તેનામાં જોવા મળી છે. ક્યારેક કૅપ્ટન સાથીઓ પર ભારે દબાણ નાખતો હોય છે, પરંતુ બુમરાહમાં ખાસિયત એ છે કે દરેક સાથી પાસે તેની જવાબદારી મુજબ કામ લેવાની તેનામાં આવડત છે, કારણકે તેઓ રાષ્ટ્રીય ટીમ વતી રમી રહ્યા હોય છે. જોકે આવું કરવામાં બુમરાહ કોઈને દબાણ નથી કરતો, તેને પોતાની જવાબદારી સમજાવીને રમવાની સલાહ આપે છે.'

ટેસ્ટના વર્લ્ડ નંબર-વન બોલર બુમરાહે બુધવાર, આઠમી જાન્યુઆરીએ આઇસીસી રૅન્કિંગ્સમાં પોતાનું મોખરાનું સ્થાન વધુ મજબૂત કર્યું હતું. તેનું માર્ગદર્શન મોહમ્મદ સિરાજને પણ પર્ફોર્મન્સ સુધારવામાં મદદરૂપ થયું છે.

ગાવસકરના મતે થોડા જ સમયમાં બુમરાહ કૅપ્ટન્સીની જવાબદારી સંપૂર્ણપણે ઉપાડી લેશે.

ઑસ્ટ્રેલિયામાં ભારતીય ખેલાડીઓમાં એકમાત્ર બુમરાહ સતતપણે સારું રમ્યો હતો. જો ભારતનો ટૉપ બૅટિંગ-ઑર્ડર નિષ્ફળ ન ગયો હોત તો ભારત સિરીઝ જીતી ગયું હોત અને બુમરાહનો ૩૨ વિકેટનો સુપર-પર્ફોર્મન્સ એળે ન ગયો હોત. એકલા હાથે ભારતીય ટીમને લડત અપાવવા બદલ અને હાઇએસ્ટ ૩૨ વિકેટ લેવા બદલ બુમરાહને મૅન ઑફ ધ સિરીઝનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો. ■

## ભૂતપૂર્વ ક્રિકેટર રોહિત શર્મા ભારતની દિવ્યાંગ ટીમનો ફીલ્ડિંગ કોચ!



નવી દિલ્હીઃ રવિવાર, ૧૨મી જાન્યુઆરીએ શ્રીલંકાના કોલંબો શહેરમાં શારીરિક રીતે અક્ષમ (દિવ્યાંગ) ક્રિકેટરો માટેની ફિઝિકલી ડિસએબ્લડ (પીડી) ચૅમ્પિયન્સ ટ્રોફી શરૂ થશે જે માટેની ભારતની દિવ્યાંગ ટીમના ફીલ્ડિંગ-કોચ તરીકે હરિયાણાના રોહિત શર્મા નામના ભૂતપૂર્વ ક્રિકેટરની નિયુક્તિ કરવામાં આવી છે.

આ રોહિત શર્માએ ૨૦૨૦ની સાલમાં ગંભીર ઇજાને કારણે ક્રિકેટ રમવાનું છોડી દેવું પડ્યું હતું ૧૨મી જાન્યુઆરીએ ભારતની પહેલી મૅચ પાકિસ્તાન સામે રમાશે. ઇંગ્લૅન્ડ તેમ જ શ્રીલંકાની ટીમ પણ આ ટૂર્નામેન્ટમાં ભાગ લેશે. ■

# રાજકોટમાં આજથી સ્મૃતિ મંધાનાની ટીમની આયરલૅન્ડ સામે કસોટી

## ભારત મહિલા આયરિશો સામે તમામ ૧૨ વન-ડે જીત્યું છે, બન્ને દેશ વચ્ચે દ્વિપક્ષી શ્રેણી પણ પહેલી જ વાર રમાશે



રાજકોટઃ ભારતની મહિલા ક્રિકેટરો ક્યારેય પણ આયરલૅન્ડ સામે વન-ડે મૅચ હારી નથી અને ક્યારેય એની સામે દ્વિપક્ષી વન-ડે શ્રેણી રમી પણ નથી એટલે આજે રાજકોટમાં તેમની સામે ભારતીય ટીમની બે રીતે આકરી કસોટી થશે.

ભારત અને આયરલૅન્ડની વિમેન્સ ટીમ વચ્ચે આજે રાજકોટમાં ખંઢેરી ખાતેના નિરંજન શાહ સ્ટેડિયમમાં ત્રણ મૅચની વન-ડે શ્રેણી (સવારે ૧૧.૦૦ વાગ્યાથી) શરૂ થશે. ત્રણેય મૅચ રાજકોટના આ સ્ટેડિયમમાં જ રમાશે. મુખ્ય કૅપ્ટન હરમનપ્રીત કૌર અને મુખ્ય ફાસ્ટ બોલર રેણુકા સિંહને આ સિરીઝમાંથી આરામ આપવામાં આવ્યો છે. ઓપનિંગ બૅટર સ્મૃતિ મંધાનાને ભારતીય ટીમનું સુકાન સોંપવામાં આવ્યું છે અને તેણે હરમનપ્રીત તથા રેણુકાની ગેરહાજરીમાં ભારતને વિજય અપાવવાનો છે. સ્પિન-ઑલરાઉન્ડર દીપ્તિ શર્મા વાઇસ-કૅપ્ટન છે.

વાત એવી છે કે આયરલૅન્ડ સામે ભારતીય મહિલાઓ તમામ ૧૨ વન-ડે જીતી છે. આ મૅચો વિવિધ ટૂર્નામેન્ટોમાં રમાઈ હતી. ૧૨ વન-ડેમાંથી તમામ ૧૨માં જીત મેળવવાની સાથે વિમેન ઇન બ્લ્યૂ હવે સતત ૧૩મી વન-ડે પણ જીતવાના પ્રયાસમાં છે. જોકે આ મૅચ બન્ને રાષ્ટ્ર વચ્ચેની પહેલવહેલી મહિલા સિરીઝમાં રમાવાની હોવાથી મંધાના ઍન્ડ કંપનીએ તમામ દૃષ્ટિકોણોને ધ્યાનમાં રાખીને રમવું પડશે.

ભારતીય ટીમ તાજેતરમાં જ વડોદરામાં વેસ્ટ ઇન્ડિઝનો ૩-૦થી વાઇટ-વૉશ કરી ચૂકી છે તેમ જ નવી મુંબઈની ટી-૨૦ શ્રેણીમાં ૨-૧થી વિજય મેળવી ચૂકી છે એટલે ખૂબ જોશમાં છે. બીજું, મંધાના બહુ સારા ફૉર્મમાં છે. તેણે આ બે સિરીઝમાં અનુક્રમે ૧૪૮ રન અને ૧૯૩ રન બનાવ્યા હોવાથી આયરલૅન્ડની બોલર્સ માટે સ્વાભાવિક રીતે સૌથી બહુમૂલ્ય વિકેટ છેલ્લા એક મહિનામાં એક સેન્ચુરી (૧૦૫ રન) તેમ જ ઉપરાઉપરી પાંચ હાફ સેન્ચુરી (૫૪, ૬૨, ૭૭, ૯૧ અને ૫૩ રન) ફટકારી ચૂકેલી મંધાનાની જ હશે.

હરમનપ્રીતની ગેરહાજરીમાં બૅટિંગનો બોજ મંધાના ઉપરાંત હર્લીન દેઓલ, પ્રતીકા રાવલ અને જેમાઇમા રૉડ્રિગ્સ પર પણ રહેશે. ખાસ કરીને હર્લીન દેઓલ ભારતીય ટીમને મોટો સ્કોર અપાવી શકે. તાજેતરની વેસ્ટ ઇન્ડિઝ સામેની વન-ડે સિરીઝમાં હર્લીનના ૧૬૦ રન હાઇએસ્ટ હતા જેમાં ૧૧૫ રનની સેન્ચુરી પણ સામેલ હતી.

રેણુકાની ગેરહાજરીમાં બોલિંગની જવાબદારી ખાસ કરીને ૨૦ વર્ષીય ટિટાસ સાધુ અને ૨૮ વર્ષની સાઇમા ઠાકોર પર રહેશે.

દીપ્તિ શર્માએ તાજેતરમાં વેસ્ટ ઇન્ડિઝ સામેની છેલ્લી વન-ડેમાં ૩૧ રનમાં છ વિકેટનો કરીઅર-બેસ્ટ પર્ફોર્મન્સ નોંધાવ્યો હતો એટલે ભારતીય ટીમને તેની પાસે પણ ઘણી અપેક્ષા છે.

ગૅબી લુઇસ આયરિશ ટીમની કૅપ્ટન અને ઓર્લા પ્રેન્ડરગાસ્ટ વાઇસ-કૅપ્ટન છે.

### મહિલા સિરીઝનું શેડ્યૂલ

(૧) પ્રથમ વન-ડે, શુક્રવાર ૧૦મી જાન્યુઆરી, રાજકોટ, સવારે ૧૧.૦૦ વાગ્યાથી

(૨) બીજી વન-ડે, રવિવાર ૧૨મી જાન્યુઆરી, રાજકોટ, સવારે ૧૧.૦૦ વાગ્યાથી

(૩) ત્રીજી વન-ડે, બુધવાર ૧૫મી જાન્યુઆરી, રાજકોટ, સવારે ૧૧.૦૦ વાગ્યાથી

### બંને દેશની ટીમમાં કોણ?

**ભારતીય ટીમઃ** સ્મૃતિ મંધાના (કૅપ્ટન), દીપ્તિ શર્મા (વાઇસ-કૅપ્ટન), પ્રતીકા રાવલ, હર્લીન દેઓલ, જેમાઇમા, રિચા ઘોષ (વિકેટકીપર), ઇમા ચેટ્રી (વિકેટકીપર), તેજલ હસબનીસ, રાઘવી બિષ્ટ, મિન્નુ મની, પ્રિયા મિશ્રા, તનુજા કંવર, ટિટાસ સાધુ, સાઇમા ઠાકોર અને સાયલી સતઘારે.

**આયરલૅન્ડની ટીમઃ** ગૅબી લુઇસ (કૅપ્ટન), ઓર્લા પ્રેન્ડરગાસ્ટ (વાઇસ-કૅપ્ટન), ઍવા કૅનિંગ, ક્રિસ્ટિના કૉલ્ટર રિલી, અલાના ડાલ્ઝેલ, લૉરા ડેલની, જ્યોર્જિના ડેમ્પ્સી, સારા ફૉર્બ્સ, આર્લીન કેલી, જોઆના લૉઘ્રાન, એઇમી મૅગ્વાયર, લીઆ પૉલ, ઉના રેમન્ડ-હૉએ, ફ્રેયા સાર્જન્ટ અને રેબેકા સ્ટૉકેલ. ■

# પરિવારની અને સ્કૂલની પિકનિકોમાં રમાતી ખો-ખોની રમતનો સોમવારથી સૌપ્રથમ વર્લ્ડ કપ!

નવી દિલ્હીઃ ભારતભરમાં અને ખાસ કરીને ગુજરાતી તથા મરાઠી સમુદાયમાં ખૂબ રમાતી ખો-ખોની રમતનો સૌપ્રથમ વર્લ્ડ કપ પાટનગર દિલ્હીમાં સોમવાર, ૧૩મી જાન્યુઆરીએ શરૂ થશે જેમાં પ્રતીક વાયકર ભારતના પુરુષોની ટીમનો અને પ્રિયંકા ઇન્ગળે ભારતની મહિલા ટીમની કૅપ્ટન છે.

ખો-ખોની રમત સામાન્ય રીતે પરિવારની તેમ જ સ્કૂલ-કૉલેજની પિકનિકોમાં રમાતી હોય છે.

દિલ્હીમાં ખો-ખોનો વિશ્વ કપ ઇન્દિરા ગાંધી સ્ટેડિયમમાં ૧૩થી ૧૯ જાન્યુઆરી સુધી રમાશે. પહેલા દિવસે ભારતની મેન્સ ટીમનો મુકાબલો (રાત્રે ૮.૩૦ વાગ્યાથી) નેપાળ સામે થશે, જ્યારે ભારતની મહિલા ટીમની પહેલી ટક્કર ૧૪મીએ (સાંજે ૭.૦૦ વાગ્યાથી) સાઉથ કોરિયા સામે થશે.




પુરુષોની ટૂર્નામેન્ટમાં કુલ ૨૦ દેશની ટીમ અને મહિલાઓની સ્પર્ધામાં ૧૯ ટીમ ભાગ લેશે. ભારતની મેન્સ ટીમના ગ્રૂપમાં નેપાળ ઉપરાંત બ્રાઝિલ, ભુતાન અને પેરુ પણ છે. ભારતની મહિલા ટીમના ગ્રૂપમાં ઇરાન, મલયેશિયા અને સાઉથ કોરિયા છે. પ્રિયંકાએ પીટીઆઇને જણાવ્યું હતું કે 'હું ૨૪ વર્ષથી ખો-ખો રમું છું અને હવે ભારતીય ટીમનું સુકાન સંભાળવાનો શુભ અવસર આવ્યો છે.'

મહિલા અને પુરુષ ટીમના ખેલાડીઓની જર્સી પર 'ભારત' લોગો જોવા મળશે અને આ બન્ને ટીમ 'ભારત કી ટીમ' તરીકે ઓળખાશે. ■

# વિરાટ કોહલી ડોમેસ્ટિકને બદલે ઇંગ્લૅન્ડની કાઉન્ટી ક્રિકેટ રમવાની પેરવીમાં છે?

નવી દિલ્હીઃ રોહિત શર્મા ઉપરાંત વિરાટ કોહલીએ પાછા ફૉર્મમાં આવવા રણજી ટ્રોફી સહિતની ડોમેસ્ટિક મૅચોમાં રમવી જોઈએ એવી સલાહ રવિ શાસ્ત્રી જેવા દિગ્ગજો જાહેરમાં આપી રહ્યા છે ત્યાં બીજી બાજુ અહેવાલ મળ્યો છે કે વિરાટ ઇંગ્લૅન્ડ ખાતેની જૂન મહિનાની ટૂર પહેલાં ફરી ફૉર્મ મેળવવા ઇંગ્લૅન્ડની કાઉન્ટી ક્રિકેટમાં રમવા વિચારી રહ્યો છે.



વિરાટ ખાસ કરીને ટેસ્ટ-કરીઅર બચાવવા આવું કરશે એવું માનવામાં આવે છે. ઑસ્ટ્રેલિયા સામેની સિરીઝની નવ ઇનિંગ્સમાં પર્થની પ્રથમ ટેસ્ટની અણનમ સેન્ચુરી (૧૦૦ રન)ને બાદ કરતા તે બાકીની તમામ આઠ ઇનિંગ્સમાં (૫, ૧૧, ૭, ૩, ૫, ૩૬, ૬ અને ૧૭) ખરાબ રમ્યો હતો. એ તમામ આઠ દાવમાં તે ઑફ સ્ટમ્પની બહારના બૉલમાં કૅચ આપી બેઠો હતો. તેની આ ખામીને લીધે જ ભારત ૧-૩થી સિરીઝ હારી ગયું એમ કહીએ તો પણ ખોટું નથી.

ક્રિકેટ વર્તુળોમાં ચર્ચા છે કે ઑફ સ્ટમ્પની બહારના બૉલમાં વિકેટ ગુમાવવાની કચાશ તે શું ડોમેસ્ટિક ક્રિકેટમાં નહીં દૂર કરી શકે? શું કાઉન્ટીમાં જ એ દૂર થઈ શકે? ઇંગ્લૅન્ડમાં જૂનમાં રમવા જવાનું હોવાથી ત્યાંના વાતાવરણનો તેમ જ ત્યાંની પિચનો અનુભવ લેવા માટે તે વિચારી રહ્યો હોય એ વાત સાચી, પણ ડોમેસ્ટિકમાં તેના જેવો પીઢ ખેલાડી રમવાથી યુવા પેઢીનો ઉત્સાહ ખૂબ વધી શકે અને સામાન્ય રીતે ક્રિકેટપ્રેમીઓનો ડોમેસ્ટિક ક્રિકેટ પ્રત્યેનો ઝોક પણ વધી શકે એ વાત કોઈ પણ નકારી નહીં શકે.

વિરાટ ડોમેસ્ટિકમાં છેલ્લે ૨૦૧૨માં (૧૩ વર્ષ પહેલાં) દિલ્હી વતી રમ્યો હતો. ત્યાર પછી તેણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ઉપરાંત આઇપીએલ પર જ લક્ષ આપ્યું છે. ડોમેસ્ટિક ક્રિકેટમાં વિરાટે રમવું જ જોઈએ એ પાછળનું કારણ એ છે કે હાલમાં તેની બૅટિંગ-ટેક્નિક તેમ જ માનસિકતા સૌથી મોટા બે પ્રશ્નો છે. ટી-૨૦ ઇન્ટરનૅશનલમાંથી વિરાટ રિટાયર થઈ ચૂક્યો છે. હાલમાં તો તેને ઇંગ્લૅન્ડ સામે થોડા જ દિવસમાં ઘરઆંગણે રમાનારી વન-ડે સિરીઝ તેમ જ ત્યાર પછીની વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફી પહેલાં ડોમેસ્ટિકની મૅચ-પ્રૅક્ટિસની ખાસ જરૂર છે.કાઉન્ટી મૅચોનું શેડ્યૂલ કદાચ આઇપીએલની મૅચો સાથે ટકરાશે એટલે એ કારણસર તે કાઉન્ટીમાં રમવાનું ટાળે તો વાત અલગ છે, પરંતુ એક રીતે તેને કાઉન્ટીનો પ્રથમ અનુભવ ફાયદો પણ કરાવી શકે. થોડા સમયથી વિરાટને સ્વિંગ થતા બૉલ ખૂબ પરેશાન કરી રહ્યા છે. એ રમવામાં રહેલી કચાશ દૂર કરીને તે ઇંગ્લૅન્ડમાં ઝળકી શકે અને ફરી ભારતીય ટીમ માટે અમૂલ્ય બની શકે.

હા, ઇંગ્લૅન્ડ હવે વિરાટ અને તેના પરિવારનું 'સેકન્ડ હોમ' છે એટલે તે કાઉન્ટીમાં જ રમવાનું વધુ પસંદ કરે તો નવાઈ નહીં. ■

# ૨૦મી ટાટા મુંબઈ મૅરેથોનમાં રેકૉર્ડ-બ્રેકિંગ ૬૦,૦૦૦ રનર ભાગ લેશે

## ટ્રૅક ડિસ્ટન્સ રનિંગના ઇતિહાસના સૌથી સફળ રનર સર મો ફારાહ ઇન્ટરનૅશનલ ઇવેન્ટ ઍમ્બેસેડર નિયુક્ત

મુંબઈઃ રવિવાર, ૧૯મી જાન્યુઆરીએ ટાટા મુંબઈ મૅરેથોનની ૨૦મી સીઝન યોજાશે જેમાં ૬૦,૦૦૦ રનર ભાગ લેશે અને એ નવો વિક્રમ છે.

એશિયાની આ સૌથી મોટી અને સૌથી લોકપ્રિય મૅરેથોન બે દાયકાથી શહેરના તેમ જ દેશ-વિદેશમાંથી ભાગ લેવા આવતા રનર માટે આરોગ્ય અને ફિટનેસની બાબતમાં તો પ્રોત્સાહક બની જ છે, વિવિધ પ્રકારના પ્રેરક સંદેશના ફેલાવા તેમ જ અભિયાનને વેગ આપવા માટેનું માધ્યમ પણ આ રેસ બની છે.

એશિયાની આ સૌથી પ્રતિષ્ઠિત મૅરેથોન ૧૯મી જાન્યુઆરીએ વહેલી સવારે છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ ખાતે અસંખ્ય અગ્રણીઓ તેમ જ માનવંતા મહેમાનોની હાજરીમાં શરૂ થશે.

ટાટા મુંબઈ મૅરેથોનના પ્રમોટર પ્રોકૅમ ઇન્ટરનૅશનલ દ્વારા ગુરુવારે સાંજે મુંબઈમાં આ પ્રસંગે જાહેરાત કરવામાં આવી હતી કે 'ટ્રૅક ડિસ્ટન્સ રનિંગના ઇતિહાસના સૌથી સફળ અને ગ્રેટેસ્ટ પુરુષ ઍથ્લીટ (સોમાલિયામાં જન્મેલા) સર મો ફારાહને વર્લ્ડ ઍથ્લેટિક્સ ગોલ્ડ લૅબલ રેસ માટેના (મુંબઈ મૅરેથોનના) ઇન્ટરનૅશનલ ઇવેન્ટ ઍમ્બેસેડર તરીકે જાહેર કરવામાં આવ્યા છે.'

વિશ્વની ટોચની ૧૦ મૅરેથોનમાં ગણાતી કુલ ૩,૯૦,૨૩૮ ડૉલરની પ્રાઇઝ મનીવાળી ટાટા મુંબઈ મૅરેથોનનું સ્લોગન છે, 'ચૅન્જબિગેનહિયર'. આ વખતની રેસમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયનો (પુરુષ વર્ગમાં) હેઇલ લેમી બર્હાનુ તથા શ્રીનુ બુગાથા તેમ જ (મહિલા વર્ગમાં) આબેરાશ મિન્સેવો અને નિરમાબેન ઠાકોર સહિત બીજા જાણીતા રનર્સ પણ ભાગ લેશે.

૧૯મી જાન્યુઆરીની ટાટા મુંબઈ મૅરેથોનમાં વિવિધ કૅટેગરીમાં આટલા રનર્સ ભાગ લેશેઃ મુખ્ય મૅરેથોન (૧૧,૭૯૧), હાફ મૅરેથોન (૧૩,૭૭૧), ૧૦-કે (૭,૧૮૪), ચૅમ્પિયન્સ વિથ ડિસઍબિલીટી (૧,૦૮૯), સિનિયર સિટિઝન્સ રન (૧,૮૯૪) અને ડ્રીમ રન (૨૪,૨૩૮). વર્ચ્યુઅલ રન માટેના રજિસ્ટ્રેશન બુધવાર, ૧૫મી જાન્યુઆરીએ રાત્રે ૧૧.૫૯ સુધી (અથવા તમામ સ્પૉટ ભરાઈ જાય ત્યાં સુધી) ભરી શકાશે. વધુ વિગતો ટાટા મુંબઈ મૅરેથોનની વેબસાઇટ પરથી મળી શકશે. ■



મુંબઈમાં ગુરુવારે ટાટા મુંબઈ મૅરેથોનના રેસ-ડે ટી-શર્ટનું લૉન્ચિંગ કરતી વખતે સ્ટેજ પર (ડાબેથી) પ્રોકૅમ ઇન્ટરનૅશનલના જોઇન્ટ એમ.ડી. વિવેક સિંહ, કોર્પોરેટ ઇવેન્ટ્સ ઍન્ડ સ્પૉન્સરશિપ્સ, ટીસીએસના ચીફ બુર્ઝિન મહેતા, આઇડીએફસી ફર્સ્ટ બૅન્કના વેલ્થ મૅનેજમેન્ટ ઍન્ડ પ્રાઇવેટ બૅન્કિંગના ચીફ વિકાસ શર્મા, ટાટા સન્સના ડીજીએમ અનુજ વર્મા, ઇન્ડિયા બિઝનેસ ઍન્ડ સ્ટ્રૅટેજિક અકાઉન્ટ્સ-ગ્રોથ માર્કેટ્સ, ટીસીએસના ઉજ્જવલ માથુર, સ્ક્વૉશ પ્લેયર જોશના ચિનપ્પા, પશ્ચિમ રેલવેના જીએમ અશોક કુમાર મિશ્રા તથા સેક્રેટરી સચિન અશોક શર્મા, ધ ટ્રાઇડન્ટ (નરીમાન પૉઇન્ટ)ના જીએમ ધીરજ મહેતા તથા ટાટા મુંબઈ મૅરેથોનના મેડિકલ ડિરેક્ટર ડૉ. સંતોષ ડોરા. (અમય ખરાડે)

## રવિવારથી ઑસ્ટ્રેલિયન ઓપન, ડિફેન્ડિંગ ચૅમ્પિયન સબાલેન્કા તૈયાર



રવિવાર, ૧૨મી જાન્યુઆરીએ મેલબર્નમાં શરૂ થનારી વર્ષની પ્રથમ ગ્રૅન્ડ સ્લૅમ ટેનિસ સ્પર્ધા માટેની પ્રૅક્ટિસ દરમ્યાન બેલારુસની અરીના સબાલેન્કા. ૨૦૨૪ની આ સ્પર્ધામાં તે ચૅમ્પિયન બની હતી. એના આગલા વર્ષે ૨૦૨૩માં પણ તે વિજેતા થઈ હતી. (એપી/પીટીઆઇ)

# ગપ્ટિલે નિવૃત્તિ જાહેર કર્યા પછી કહ્યું, 'મારે હજી રમવું હતું, પણ...'

હૅમિલ્ટનઃ ન્યૂ ઝીલૅન્ડના આક્રમક ઓપનર માર્ટિન ગપ્ટિલે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી ત્યાર પછી કહ્યું હતું કે 'મારે હજી રમવું હતું. ન્યૂ ઝીલૅન્ડ ક્રિકેટને હું ખેલાડી તરીકે ઘણું આપી શક્યો હોત. હું નારાજ તો થયો જ છું. જે રીતે મારે નિવૃત્ત થવું પડી રહ્યું છે એ મને ગમ્યું તો નથી જ. જે કંઈ હોય, મારે હવે ભવિષ્યને લક્ષમાં રાખીને આગળ વધવું પડશે.'



૩૮ વર્ષના ગપ્ટિલની ૧૪ વર્ષની શાનદાર કારકિર્દીનો અંત આવ્યો છે. છેલ્લે તે ૨૦૨૨ની સાલમાં ન્યૂ ઝીલૅન્ડ વતી રમ્યો હતો. ૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપ માટેની ટીમમાં તેનું સિલેક્શન નહોતું થયું અને હવે તેણે વન-ડે, ૧૨૨ ટી-૨૦ અને ૪૭ ટેસ્ટ રમીને ત્રણેય ફૉર્મેટમાં કુલ ૨૩ આંતરરાષ્ટ્રીય સદી ફટકારી છે. તે છેલ્લે ઑક્ટોબર ૨૦૨૨માં ન્યૂ ઝીલૅન્ડ વતી રમ્યો હતો. જોકે, ગપ્ટિલ વિશ્વભરની ટી૨૦ લીગમાં રમવાનું ચાલુ રાખશે. તેણે ૧૨૨ મૅચમાં ૩,૫૩૧ રન સાથે ન્યૂ ઝીલૅન્ડની ટીમના અગ્રણી ટી૨૦ રન-સ્કોરર તરીકે આંતરરાષ્ટ્રીય કારકિર્દીનો અંત લાવી દીધો છે.(ટી-૨૦ ક્રિકેટમાં તે ન્યૂ ઝીલૅન્ડનો સૌથી વધુ રન બનાવનાર ખેલાડી છે)

તેણે વન-ડેમાં ૭,૩૪૬ રન બનાવ્યા હતા. રૉસ ટેલર અને સ્ટીફન ફ્લેમિંગ બાદ વન-ડેમાં તે ત્રીજા ક્રમનો સૌથી વધુ રન બનાવનાર બેટ્સમૅન છે.

ગપ્ટિલે કહ્યું હતું કે, 'નાના બાળક તરીકે ન્યૂ ઝીલૅન્ડ માટે રમવું હંમેશા મારું સપનું હતું અને હું મારા દેશ માટે ૩૬૭ મૅચ રમીને અવિશ્વસનીય રીતે ભાગ્યશાળી અને ગર્વ અનુભવું છું. હું મારા તમામ સાથી ખેલાડીઓ અને કોચિંગ સ્ટાફનો ખૂબ ખૂબ આભાર માનું છું.'

ગપ્ટિલે ૨૦૦૯માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો અને વન-ડેમાં બેવડી સદી ફટકારનાર ન્યૂ ઝીલૅન્ડનો પ્રથમ બેટ્સમૅન બન્યો હતો. તેણે વેલિંગ્ટન સ્ટેડિયમ ખાતે વેસ્ટ ઈન્ડિઝ સામે ૨૦૧૫ વન-ડે વર્લ્ડ કપ ક્વૉર્ટર ફાઇનલમાં અણનમ ૨૩૭ રન બનાવ્યા હતા. તેની પાસે ન્યૂ ઝીલૅન્ડના ટોચના ચાર વ્યક્તિગત વન-ડે સ્કોરમાંથી ત્રણનો રેકૉર્ડ પણ છે. આંતરરાષ્ટ્રીય કારકિર્દી દરમિયાન ૧,૩૮૫ ચોક્કા અને ૩૮૩ છગ્ગા મારવા ઉપરાંત, ગપ્ટિલે મૅન્ચેસ્ટરમાં ૨૦૧૯ વર્લ્ડ કપમાં ભારત સામે ન્યૂ ઝીલૅન્ડની સેમિફાઇનલ જીત દરમિયાન એમએસ ધોનીને શાનદાર રીતે રનઆઉટ કર્યો હતો જેને માટે તેને આજે પણ યાદ કરવામાં આવે છે. ■

# એફઆઈઆઈની વેચવાલી અને કંપની પરિણામોની મોસમ અગાઉની સાવચેતીના માનસ વચ્ચે બેન્ચમાર્કને એક વધુ ફટકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: વિદેશી ફંડોની એકધારી વેચવાલી અને કોર્પોરેટ પરિણામ નબળા આવવાની આશંકા વચ્ચે ગભરાટના માહોલમાં એચડીએફસી બેંક, ટીસીએસ અને રિલાયન્સ જેવા હેવીવેઇટ શેરોમાં ભારે વેચવાલીથી ગુરુવારે ઇક્વિટી બેન્ચમાર્ક સેન્સેક્સ અને નિફ્ટી સતત બીજા દિવસે નીચી સપાટીએ ગબડ્યા હતા. ઉપરાંત ચીનના ફુગાવાના અત્યંત નબળા ડેટા, નબળી માગના સંકેત અને યુએસ બોન્ડમાં વેચવાલીના અહેવાલ હતા. સેન્સેક્સ ૫૨૮.૨૮ પોઈન્ટ અથવા ૦.૬૮ ટકા ઘટીને ૭૮,૦૦૦થી નીચે ઉતરીને ૭૭,૬૨૦.૨૧ના સ્તરે બંધ થયો. દિવસ દરમિયાન, તે ૬૦૫.૫૭ પોઈન્ટ અથવા ૦.૭૭ ટકા ઘટીને ૭૭,૫૪૨.૯૨ સુધી ગબડ્યો હતો. નિફ્ટી ૧૬૨.૪૫ પોઈન્ટ અથવા ૦.૬૯ ટકા ઘટીને ૨૩,૫૨૬.૫૦ના સ્તર પર બંધ થયો છે.

ટાટા સ્ટીલ, ઝોમેટો, લાર્સન એન્ડ ટુબ્રો, ટાટા મોટર્સ, અદાણી પોર્ટ્સ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, એચડીએફસી બેંક અને એનટીપીસી ટોપ લુઝર્સ રહ્યાં હતાં. જ્યારે નેસ્લે, હિન્દુસ્તાન યુનિલિવર, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, કોટક મહિન્દ્રા બેંક, એશિયન પેઇન્ટ્સ અને ભારતી એરટેલ ટોપ ગેઇનર્સ હતા. ટીસીએસમાં પરિણામની જાહેરાત અગાઉ આકર્ષણ જોવાયું હતું. આ પરિણામ બજારને દિશા આપશે એવું માનવામાં આવે છે. નોમુરાએ નબળી માગ અને નબળા પ્રાઈસિંગ પાવર જેવા કારણો દર્શાવી ત્રણ સિમેન્ટ શેરને ડાઉન ગ્રેડ કર્યા છે, જેમાં એસીસી, શ્રી સિમેન્ટ અને નુવોકોનો સમાવેશ છે. આઇડિયાફોર્જ ટેકનોલોજી લિમિટેડે અને શેલ ડ્રોન ટેકનોલોજી લિમિટેડે મહારાષ્ટ્ર સરકારના ફીશરીઝ ડિપાર્ટમેન્ટના ફીશરીઝ સર્વિલન્સ પ્રોજેક્ટ માટે આધુનિક સર્વિલન્સ ટેકનોલોજી પૂરી પાડવા માટે યુતિ સાધી છે.

આશીર્વાદ માઈક્રો ફાઈનાન્સ પરના નિયંત્રણો આરબીઆઈએ હટાવવાનો નિર્ણય લીધો છે. ગુજરાતમાં ૫૦ મેગાવોટના બેટરી એનર્જી સ્ટોરેજ પ્રોજેક્ટ માટે લેટર ઓફ ઈન્ટેન્ટ મળ્યા બાદ અદ્વૈત એનર્જી ટ્રાન્ઝિશનના શેરની ચકાસણી ચાલી રહી છે. મોર્ગન સ્ટેન્લીએ રૂ. ૧,૬૬૨ની ટાર્ગેટ પ્રાઇસ નક્કી કરી હોવાથી રિલાયન્સના શેરમાં આકર્ષણ રહ્યું હતું. જગુઆર લેન્ડ રોવરના ત્રીજા ક્વાર્ટરની કામગીરીની જાહેરાત બાદ ટાટા મોટર્સના શેર્સ સ્પોટલાઇટમાં હતા.

પ્રાઇમરી માર્કેટમાં લક્ષ્મી ડેન્ટલ બુક બિલ્ટ ઈશ્યુ સાથે ૧૩ જાન્યુઆરીએ બજારમાં પ્રવેશ કરે છે. એલએન્ડટીએ અમેરિકાના પ્રોજેક્ટ સહિત ત્રિમાસિક ગાળામાં રૂ. ૧૦૦૦ કરોડથી વધુના ઓર્ડર મેળવ્યા હોવાનું એક્સચેન્જને ફાઇલિંગમાં જણાવ્યું છે. ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ઓએનજીસી)એ સ્ટોક એક્સચેન્જ ફાઇલિંગમાં જણાવ્યું હતું કે તેણે બોમ્બે હાઇ ઓઇલ ફિલ્ડનું ઉત્પાદન વધારવા માટે ટેકનિકલ સર્વિસ પ્રોવાઇડર તરીકે બીપી પીએલસીની સંપૂર્ણ માલિકીની પેટાકંપની બીપી એક્સપ્લોરેશન (આલ્ફા) લિમિટેડની પસંદગી કરી છે. ટાટા જૂથની ટાઇટન કંપનીએ ચેન્નઇમાં વિસ્તરણના ભાગરૂપે નવો સ્ટોર શરૂ કરવા સાથે નાણાકીય વર્ષ ૨૦૨૭ સુધીમાં રૂ. ૧૦૦૦ની રેવન્યૂનું લક્ષ્યાંક જાહેર કર્યું છે. જીએમઆર ગ્રુપને અબુ ધાબી ઇન્વેસ્ટમેન્ટ ઓથોરિટી તરફથી રૂ. ૬,૩૦૦ કરોડનું રોકાણ પ્રાપ્ત થયું છે.

એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ બુધવારે રૂ. ૩,૩૬૨.૧૮ કરોડના ઇક્વિટી વેચ્યા હતા. એશિયન બજારોમાં, સિઓલ હકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયો, જ્યારે ટોક્યિો, શાંઘાઈ અને હોંગકોંગ નીચા સ્તરે બંધ થયા હતા. યુરોપિયન બજારો મિશ્ર નોંધ પર ટ્રેડ કરી રહ્યા હતા. બુધવારે યુએસ બજારો મોટાભાગે ગ્રીન ઝોનમાં બંધ થયા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૧૧ ટકા ઘટીને ૭૬.૦૫ ડોલર વપ્રતિ બેરલ બોલાયું હતું. બુધવારે સેન્સેક્સ ૫૦.૬૨ પોઈન્ટ અથવા ૦.૦૬ ટકા ઘટીને ૭૮,૧૪૮.૪૯ પર સ્થિર થયો હતો અને નિફ્ટી ૧૮.૯૫ પોઈન્ટ અથવા ૦.૦૮ ટકા ઘટીને ૨૩,૬૮૮.૯૫ની સપાટીએ રહ્યો હતો. અમેરિકાના અર્થતંત્રની મજબૂતીના




સંકેત શેરબજારની નબળાઈનું કારણ બની રહ્યા છે. એશિયન બજારોનું સેન્ટિમેન્ટ અમેરિકાના આર્થિક ડેટાની જાહેરાત પછી ડહોળાયું છે, કારણ કે મજબૂત યુએસ આર્થિક ડેટાએ ફેડરલ રિઝર્વ દ્વારા રેટ કટની સંખ્યમાં ઘટાડો થવાની શક્યતામાં વધારો કર્યો છે. આમ તો ચીની એમએચપીવી વાઇરસને કારણે પણ બજારનું માનસ ખોરવાયું છે, જો કે તાત્કાલિક અસર અમેરિકાના ડેટાની થઈ છે.

તાજેતરના ડેટા પરથી જાણવા મળ્યું છે કે યુએસ સર્વિસ સેક્ટરની પ્રવૃત્તિ ડિસેમ્બરમાં વધી હતી, જ્યારે નવેમ્બરમાં રોજગાર સર્જનમાં વધારો થયો છે. યુએસ અર્થતંત્રમાં આ મજબૂતાઈ સૂચવે છે કે ફેડરલ રિઝર્વ ૨૦૨૫માં વ્યાજ દરમાં ઘટાડો કરવાની ઝડપ ઘટાડી શકે છે. સીએમઈ ફેડવોચ ટૂલ અનુસાર, ડિસેમ્બરમાં ફેડરલ રિઝર્વ દ્વારા અપેક્ષિત બે વખતના રેટ કટને સ્થાને, ૨૦૨૫માં માત્ર એક જ રેટ કટની સંભાવનાને બજારો રીએક્ટ કરી રહ્યા છે. ફેડરલ રિઝર્વએ અગાઉ આ વર્ષ માટે બે રેટ કટનો સંકેત આપ્યો હતો, જે શરૂઆતમાં અપેક્ષિત સંખ્યા કરતાં કરતાં અડધો છે.

હવે જો તેને સ્થાને એક જ વખત વ્યાજદરમાં ઘટાડો કરશે તો ગ્લોબલ ઇકવિટી માર્કેટના માનસ પર વધુ નકારાત્મક અસર જોવા મળશે. આગામી સમયમાં સત્તારૂઢ થયા પછી ટ્રમ્પની આર્થિક નીતિઓ અને ઊંચા મૂલ્યાંકનની આસપાસની અનિશ્ચિતતા શેરબજારને ટૂંકા ગાળામાં અસર કરી શકે છે. આગામી સત્રોમાં, કોર્પોરેટ ક્ષેત્રના ત્રીજા ત્રિમાસિક પરિણામો પર બજારનું ખાસ ધ્યાન રહેશે. વધુમાં, રોકાણકારો અંદાજપત્ર અગાઉની અપેક્ષાઓના આધારે તેમના પોર્ટફોલિયોમાં ફેરફાર કરે તેવી શક્યતા છે.

રોકાણકારો માટે હવે કોર્પોરેટ પરિણામા શેરલક્ષી કામકાજ માટે મુખ્ય ટ્રીગર બનશે. એ જ સાથે, ફોરેક્સ માર્કેટની વધઘટ, ક્રૂડ ઓઇલના ભાવ અને અમેરિકાના આર્થિક ડેટા બજારના સેન્ટિમેન્ટને અસર કરશે. મજબૂત યુએસ ડોલર, ઊંચા મૂલ્યાંકન, એફઆઇઆઇનો એકધારો આઉટફ્લો, નબળો પડતો ભારતીય રૂપિયો અને વધતા ક્રૂડ ઓઇલના ભાવ ટ્રેક કરતા ટ્રેડર્સ દ્વારા અપનાવાઇ રહેલી ઉછાળે વેચવાલીની નીતિને કારણે બજારમાં અફડાતફડીનો માહોલ રહે છે. શેરબજારમાં સતત બીજા સત્રમાં પીછેહઠ જોવા મળી હતી. સેકટરલમાં માત્ર એફએમસીજી ઈન્ડેક્સ વધ્યો હતો,જ્યારે રિયલ્ટી, ઓઈલ-ગેસ ઈન્ડેક્સમાં નોંધપાત્ર ધોવાણ જોવા મળ્યું હતું. સત્રના અંત સુધીમાં માર્કેટ કેપમાં રૂ.૪.૧૦ લાખ કરોડનો ઘટાડો નોંધાયો છે. ગુરુવારે બીએસઈ સેન્સેક્સ ગત બુધવારના૭૮,૧૪૮.૪૯ના બંધથી ૫૨૮.૨૮ પોઈન્ટ્સ (૦.૬૮ ટકા) ઘટ્યો હતો. માર્કેટ કેપ રૂ.૪.૧૦ લાખ કરોડ ઘટીને રૂ.૪૩૫.૪૯ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સ ૭૮,૧૪૮.૪૯ ખૂલીને ઊંચામાં ૭૮,૨૦૬.૨૧ અને નીચામાં ૭૭,૫૪૨.૯૨ સુધી જઈને અંતે ૭૭,૬૨૦.૨૧ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો.

સેન્સેક્સની ૧૦ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૨૦ સ્ક્રિપ ઘટી હતી. એક્સચેન્જમાં ૪,૦૬૭ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૨૧૧ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૭૫૦ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૦૬ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૩૧ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૨૩ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૯૬ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૧.૧૭ ટકા ઘટ્યા હતા. સ્ટ્રટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૧.૬૬ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૮૨ ટકા ઘટ્યા હતા. સેક્ટરલ ઈન્ડાયસીસમાં એકમાત્ર બીએસઈ એફએમસીજી ઈન્ડેક્સ ૦.૭૩ ટકા વધ્યો હતો, જ્યારે અન્ય બધા ઈન્ડાયસીસ ઘટ્યા હતા, જેમાં રિયલ્ટી ૨.૯ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૨.૧૯ ટકા, એનર્જી ૧.૮૩ ટકા, પાવર ૧.૬૮ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૫૪ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૧.૫૧ ટકા, યુટિલિટીઝ ૧.૪૩ ટકા, મેટલ ૧.૩૪ ટકા, ફોકસ્ડ આઈટી ૧.૧૪ ટકા, ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૧.૧ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૯૮ ટકા, સર્વિસીસ ૦.૮૮ ટકા, ટેક ૦.૮૭ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૮૪ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૮ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૭૪ ટકા, હેલ્થકેર ૦.૭૨ ટકા, બેન્કેક્સ ૦.૭૧ ટકા, કોમોડિટીઝ ૦.૨૮ ટકા અને ઓટો ૦.૧૪ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે નેસ્લે ૧.૮૭ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૧.૫૦ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૩૮ ટકા, કોટક બેન્ક ૧.૨૬ ટકા, એશિયન પેઈન્ટ્સ ૦.૬૯ ટકા, ભારતી એરટેલ ૦.૫૦ ટકા, આઈટીસી ૦.૧૪ ટકા, ટાઈટન ૦.૦૯ ટકા, એચસીએલ ટેકનોલોજી ૦.૦૯ ટકા અને ઈન્ડસઈન્ડ બેન્ક ૦.૦૧ ટકા વધ્યા હતા.

જ્યારે મુખ્યત્વે ટાટા સ્ટીલ ૨.૦૭ ટકા, ઝોમેટો ૧.૯૨ ટકા, લાર્સન ૧.૮૮ ટકા, તાતા મોટર્સ ૧.૮૬ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૭૮ ટકા, તાતા કન્સલ્ટન્સી ૧.૭૨ ટકા, એચડીએફસી બેન્ક ૧.૫૬ ટકા, એનટીપીસી ૧.૫૫ ટકા, સ્ટેટ બેન્ક ૧.૪૧ ટકા અને એક્સિસ બેન્ક ૧.૨૫ ટકા ઘટ્યા હતા. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ગુરુવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૨૦૨.૪૧ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૯૨૦ સોદામાં ૧,૩૯૫ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૭,૯૪,૪૪૦ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૧૩,૦૦,૩૪૦.૬૨ કરોડનું રહ્યું હતું. એફઆઈઆઈની રૂ.૭,૧૭૦.૮૭ કરોડની ચોખ્ખી વેચવાલી અને સ્થાનિક સંસ્થાઓની ૭,૬૩૯.૬૩ કરોડની ચોખ્ખી લેવાલી રહી હતી.

## ડૉલર સામે રૂપિયામાં ચાર પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારાતરફી વલણ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ જળવાઈ રહ્યું હોવા છતાં નિકાસકારોની ડૉલરમાં ઊંચા મથાળેથી વેચવાલીનું દબાણ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ઘટ્યા મથાળેથી સાધારણ ચાર પૈસાના સુધારા સાથે ૮૫.૮૭ના મથાળે બંધ રહ્યો હતો. ટ્રેડરોનાં જણાવ્યાનુસાર અમેરિકી વહીવટીતંત્રમાં ફેરફાર થતાં વેપાર અને વેરાની અનિશ્ચિતતાને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ખાસ કરીને ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કપાતમાં વિલંબ કરે અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ ઊંચી સપાટીએ રહે તેમ હોવાથી ડૉલરમાં માગ જળવાયેલી રહેશે. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૯૧ના બંધ સામે નરમાઈનાં અન્ડરટોને ૮૫.૯૪ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૯૪ અને ઉપરમાં ૮૫.૮૪ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ચાર પૈસાના સુધારા સાથે ૮૫.૮૭ના મથાળે બંધ રહ્યો હતો. અત્રે નોંધનીય બાબત એ છે કે ગત બુધવારે ડૉલર સામે રૂપિયો ૧૩ પૈસાના ઘટાડા સાથે ૮૫.૯૧ની ઐતિહાસિક નીચી સપાટીએ બંધ રહ્યો હતો.

આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૫ ટકા વધીને ૧૦૮.૯૮ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ પણ વધીને ૪.૬૭ ટકા આસપાસ ક્વૉટ થઈ રહી હતી. અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે સાધારણ ૦.૦૩ ટકાના ઘટાડા સાથે બેરલદીઠ ૭૬.૧૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વધુમાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૫૨૮.૨૮ પૉઈન્ટનો અને ૧૬૨.૪૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો. તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૩૬૨.૧૮ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હતો.

## વૈશ્વિક સોનું ચાર સપ્તાહની ટોચે: સ્થાનિક સોનામાં ₹ ૨૫૪ની આગેકૂચ, ચાંદી ₹ ૨૯૭ ચમકી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગઈકાલે જાહેર થયેલા અમેરિકાના ખાનગી રોજગારીના ડેટા બજારની અપેક્ષા કરતાં નબળા આવ્યા હોવાથી ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ વધીને ચાર સપ્તાહની ટોચે પહોંચ્યા બાદ આજે લંડન ખાતે ભાવમાં ધીમો સુધારો આગળ ધપ્યો હતો. તેમ જ ચાંદીના ભાવમાં પણ સુધારો જોવા મળ્યો હતો. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ આજે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૫૩થી ૨૫૪ની આગેકૂચ જળવાઈ રહી હતી, જ્યારે ચાંદીમાં મધ્યસત્ર પશ્ચાત્ સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૨૯૭નો ચમકારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મધ્યસત્ર દરમિયાન ૯૯૯ ટચ ચાંદીમાં નરમાઈનું વલણ રહ્યા બાદ વિશ્વ બજારમાં ચાંદીના ભાવમાં ૦.૮ ટકા જેટલી તેજી આવી હોવાના અહેવાલ સાથે સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૨૯૭ના સુધારા સાથે રૂ. ૮૯,૮૦૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ, સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયામાં નરમાઈને કારણે આયાત પડતરોમાં વધારો અને




સ્ટોકિસ્ટો તથા રોકાણકારોની છૂટીછવાઈ માગને ટેકે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૫૩ વધીને રૂ. ૭૭,૩૦૭ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૫૪ વધીને રૂ. ૭૭,૬૧૮ના મથાળે રહ્યા હતા.

અમેરિકામાં ગઈકાલે જાહેર થયેલા ખાનગી રોજગારીના ડેટા બજારની અપેક્ષા કરતાં નબળા આવ્યા હોવાથી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કપાતમાં ઓછી સાવચેતીનું વલણ અપનાવે એવી શક્યતા સપાટી પર આવતા ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ એક તબક્કે વધીને ચાર સપ્તાહની ઊંચી સપાટી સુધી પહોંચ્યા હતા. જોકે, આજે રોકાણકારોની નજર આવતીકાલે જાહેર થનારા નોન ફાર્મ પૅરોલ ડેટા પર હોવાથી સાવચેતીના અભિગમ વચ્ચે લંડન ખાતે હાજરમાં સોનાના ભાવ વધુ ૦.૪ ટકા વધીને ફરી ચાર સપ્તાહની ઊંચી ઔંસદીઠ ૨૬૭૨.૭૭ ડૉલરની સપાટી આસપાસ અને વાયદામાં ભાવ ૦.૮ ટકા વધીને ઔંસદીઠ ૨૬૯૦.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૮ ટકા વધીને ઔંસદીઠ ૩૦.૩૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે સોનાના ભાવ પ્રતિકારક સપાટી કુદાવવા માટે નવાં ટ્રીગરના અભાવે સાંકડી વધઘટે અથડાઈ ગયા હોવાનું કેડિયા કૉમૉડિટીઝનાં વિશ્લેષક અજય કેડિયાએ જણાવતા ઉમેર્યું હતું કે હવે બજારની નજર આવતીકાલે જાહેર થનારા અમેરિકાના નોન ફાર્મ પૅરોલ ડેટા પર સ્થિર થઈ છે કેમ કે આ ડેટાની અસર ફેડરલ રિઝર્વની આગામી ૨૮-૨૯ જાન્યુઆરીની નીતિવિષયક બેઠકનાં નિર્ણય પર પડે તેમ છે. જોકે, તે પૂર્વે આગામી ૨૦મી જાન્યુઆરીએ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ હોદ્દો અખત્યાર કર્યા બાદ કેવી વેપાર નીતિ અપનાવશે તેની પણ સોનાના ભાવ તથા ફેડરલ રિઝર્વનાં વ્યાજદરમાં કપાતના નિર્ણય પર પડશે.

અત્રે નોંધનીય બાબત એ છે કે ફેડરલ રિઝર્વે છેલ્લી નીતિવિષયક બેઠકમાં ફુગાવામાં વધારો થવાની શક્યતા તથા વેપાર નીતિમાં અપેક્ષિત બદલાવને ધ્યાનમાં લેતા વર્ષ ૨૦૨૫માં વ્યાજદરમાં ઓછી વખત કપાતનાં સંકેતો આપ્યા હતા. જોકે, એચએસબીસીએ એક નોટ્સમાં જણાવ્યું છે કે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન સોનામાં સુધારાતરફી વલણ જોવા મળી શકે છે, પરંતુ વર્ષ ૨૦૨૫નાં ઉત્તરાર્ધમાં ખાસ કરીને હાજર અને નાણાંકીય પરિબળોને કારણે વર્ષાન્ત આસપાસ ભાવમાં નરમાઈનું વલણ જોવા મળી શકે છે.

વધુમાં વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલે જણાવ્યું હતું કે નવાં કેલૅન્ડર વર્ષનાં આરંભિક સમયગાળામાં ચાર વર્ષમાં પહેલી વખત સોનાના એક્સ્ચેન્જ ટ્રેડેડ ફંડોમાં આંતરપ્રવાહ જોવા મળ્યો છે.

## ધાતુમાં માગ અનુસાર મિશ્ર વલણ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે વિવિધ ધાતુઓમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ અનુસાર ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું જેમાં મુખ્યત્વે કોપર, બ્રાસ,એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને નિકલમાં માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. એકથી સાત વધી આવ્યા હતા, જ્યારે આજે નિરસ માગે ટીન અને ઝિન્ક સ્લેબમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ચાર અને રૂ. બેનો ઘટાડો આવ્યો હતો અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં છૂટીછવાઈ માગ રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે ખાસ કરીને કોપર વાયરબાર, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૮૩૦, રૂ. પાંચ વધીને રૂ. ૫૩૦ અને રૂ. ત્રણ વધીને રૂ. ૧૩૪૫ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં વપરાશકાર ઉદ્યોગ અને સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૭૨૮, કોપર કેબલ સ્ક્રેપ, બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૭૯૨, રૂ. ૫૬૨ અને રૂ. ૨૪૭ તથા કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૭૮૫ અને રૂ. ૭૭૮ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે નિરસ માગ અને સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી રહેતાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૨૬૩૯ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૨૭૪ના મથાળે રહ્યા હતા. આ સિવાયની અન્ય ધાતુઓ જેમ કે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૯૩ અને રૂ. ૧૮૧ના મથાળે ટકેલા રહ્યા હતા.

## ખાદ્યતેલમાં મિશ્ર વલણ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૫૯ રિંગિટનો ઘટાડો આવ્યાના અહેવાલ હતા, જ્યારે ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના જાન્યુઆરી અને માર્ચ વાયદામાં અનુક્રમે ૩૯ અને ૩૪ સેન્ટનો સુધારો આવ્યો હતો. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તથા સેલરિસેલ ધોરણે કામકાજો છૂટાછવાયા રહેતાં હાજર ભાવમાં મિશ્ર વલણ રહ્યું હતું. સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૦નો સુધારો અને સન રિફાઈન્ડ તથા સરસવના ભાવમાં અનુક્રમે રૂ. ૧૦ અને રૂ. પાંચ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ રૂચીના આરબીજી પામોલિનના રૂ. ૧૩૩૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૪૫ અને ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૨૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૨૫ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે અલાના, ગોલ્ડન એગ્રી અને ગોકુલના આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૩૩૦, રૂ. ૧૩૪૦ અને રૂ. ૧૩૫૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર છૂટાછવાયા રહ્યા હતા.

હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૫, સન રિફાઈન્ડના રૂ. ૧૩૫૦, સિંગતેલના રૂ. ૧૪૪૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦ અને સરસવના રૂ. ૧૩૭૫ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે ગુજરાતનાં મથકો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી રહેતાં સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૦૦ના મથાળે ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

## સ્મોલ ગ્રેડની ખાંડમાં જળવાતી આગેકૂચ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૪૬૦થી ૩૫૦૦માં ટકેલા ધોરણે થયા હોવાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં મુખ્યત્વે સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની પ્રબળ માગ અને અમુક માલની ગુણવત્તા પણ સારી આવી હોવાથી ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આગળ ધપ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારોની લેવાલીને ટેકે ભાવ ટકેલા રહ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટો અને રિટેલ સ્તરની માગને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની પ્રબળ માગ ઉપરાંત માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા તેના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૫૯૬થી ૩૬૯૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગને ટેકે ભાવ ક્વિન્ટલે રૂ. ૩૬૮૨થી ૩૮૫૨ આસપાસ ગુણવત્તાનુસાર ટકેલા રહ્યા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૨૦થી ૩૫૮૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૮૦થી ૩૬૭૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.



**રાજકોટમાં નકલી પનીરની ફૅક્ટરી ઝડપાઈ**

રાજકોટમાં ખોરાકમાં ભેળસેળ કરનારાં તત્ત્વોની સામે સરકારે લાલ આંખ કરી છે. રાજકોટ એસઓજીની ટીમે શીતલ પાર્કમાં ધમધમતી પનીરની ફૅક્ટરીને ઝડપીને પનીરમાં ભેળસેળ કરવાના કારસ્તાનને ખુલ્લું પાડ્યું હતું. એસઓજી પોલીસની ટીમે ગુજરાત ફૂડ નામની ફૅક્ટરીમાં દરોડો પાડી ૮૦૦ કિલો શંકાસ્પદ પનીર ઝડપી પાડ્યું હતું અને ફૅક્ટરીના સંચાલકની ધરપકડ કરી હતી. (તસવીર પ્રવીણ સેદાણી,

# કચ્છમાં કડકડતી ઠંડીમાં લોકો ઠૂંઠવાયાઃ નલિયા ૫.૪ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે રાજ્યનું સૌથી ઠંડું મથક


(તસવીર ઉત્સવ વૈદ્ય, ભુજ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં ઉત્તરાયણ પહેલાં જ ઠંડીની અસર વધતાં લોકો ઠૂંઠવાઈ ગયાં હતાં. નલિયામાં લઘુતમ તાપમાન ૫.૪ ડિગ્રી રહેતાં રાજ્યમાં સૌથી ઠંડું મથક બન્યું હતું. મહત્તમ અને લઘુતમ તાપમાનનો આંક સતત ઘટીને સિંગલ ડિજિટ પર સ્થિર થઈ ગયો હતો.

ભુજમાં ગુરુવારે લઘુતમ તાપમાન ૧૦ ડિગ્રી સે.પર અને મહત્તમ તાપમાન ૨૫ ડિગ્રી સે.જેટલું નીચું આવી જતાં ભર બપોરે પણ તીવ્ર ઠંડીનો અહેસાસ થવા પામ્યો હતો. ઉત્તર પૂર્વ દિશા તરફથી પ્રતિ કલાકે ૧૩ કિમિ.ની ઝડપે ફૂંકાતા ઠંડા પવનોએ જાણે સમગ્ર કચ્છને ટાઢું બોળ બનાવી દીધું છે. બુધવારે ૩.૪ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયા ખાતે ગુરુવારે ૫.૪ ડિગ્રી સેલ્સિયસ જેટલું લઘુતમ તાપમાન નોંધાતાં તીવ્ર ઠારથી જનજીવનને વ્યાપક અસર થવા પામી છે. વહેલી સવારે લોકો ઠેર ઠેર તાપણાં કરતા જોવા મળી રહ્યા છે, તેમ જ ધાબા પર પતંગ ઉડાડવા ચડેલાં બાળકોથી માંડી મોટા લોકો ટાઢથી થથરી ઊઠ્યા હતા.

પૂર્વ કચ્છના રાપર અને ભારત પાકિસ્તાનની આંતરરાષ્ટ્રીય સરહદ પાસેનાં ગામો જેવાં કે,બાલાસર, લોદ્રાણી, બેલા, લાકડા વાંઢ, વૃજવાણીમાં તાપમાન આઠ ડિગ્રી સેલ્સિયસ કે તેથી ઓછું રહેવા પામતાં ભારે ઠંડીનો સામનો કરવો પડી રહ્યો છે. ઉતરાયણ પર્વને ગણતરીના દિવસો બાકી રહ્યા છે તેવામાં અવનવા રંગબેરંગી પતંગ, તલસાંકળી, ચીકી, કચરિયું, કાટલું જેવી પ્રણાલીગત વસ્તુઓની ખરીદી કરવા નીકળેલા લોકોને આ ઠંડીએ પરેશાન કરી મૂક્યા છે. ■

# રાજકોટમાં નકલી પનીરની ફેક્ટરી ઝડપાઈઃ ૮૦૦ કિલો જથ્થા સાથે પોલીસે સંચાલકની અટકાયત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં ખોરાકમાં ભેળસેળ કરનારાં તત્ત્વો સામે સરકારે લાલ આંખ કરી છે. રાજકોટ એસઓજીની ટીમે શીતલ પાર્કમાં ધમધમતી નકલી પનીરની ફેક્ટરી ઝડપીને પનીરમાં ભેળસેળ કરવાનાં કારસ્તાનને ખુલ્લું પાડ્યું હતું. એસઓજી પોલીસની ટીમે ગુજરાત ફૂડ નામની ફેક્ટરીમાં દરોડો પાડી ૮૦૦ કિલો શંકાસ્પદ પનીર ઝડપી સંચાલકની અટકાયત કરી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર એસ.ઓ.જી.ની ટીમને ૧૫૦ ફૂટ રિંગરોડ પર શીતલ પાર્ક પાસે હિંમતનગર-૬માં આવેલી ગુજરાત ફૂડ નામની ફેક્ટરીમાં શંકાસ્પદ પનીરના જથ્થાનું ઉત્પાદન અને વેચાણ થઈ રહ્યું હોવાની બાતમી મળી હતી. આ બાતમીના આધારે એસઓજીએ ફેક્ટરીમાં દરોડો પાડયો હતો.

એસ.ઓ.જી.ની ટીમે ફેક્ટરીમાંથી ૮૦૦ કિલો શંકાસ્પદ પનીરનો જથ્થો અને ગેસના બાટલા સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પ્રાથમિક તપાસમાં આ ફેક્ટરી સાધુ વાસવાણી રોડ પર રહેતા હાર્દિક ઘનશ્યામભાઈ કારીયા ચલાવતો હોવાનું પોલીસને જાણવા મળ્યું હતું. આ ફેક્ટરીમાં નકલી પનીર બનાવવા માટે પામતેલનો ઉપયોગ કરવામાં આવતો હતો.

આ પનીર નકલી છે કે અખાદ્ય છે તે અંગે તપાસ હાથ ધરવામાં આવી હતી. પ્રાથમિક વિગતો અનુસાર ફેક્ટરીના માલિકની પૂછપરછમાં દરરોજ ૫૦૦ કિલોથી વધુનું શંકાસ્પદ પનીર બનાવીને રેકડીથી લઈ રેસ્ટોરન્ટ સુધી સપ્લાય કરવામાં આવતું હોવાનું પોલીસને જાણવા મળ્યું હતું. ■

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કાયમી કુલપતિ તરીકે ડો.ઉત્પલ જોશીની નિમણૂક કરાઈ

અમદાવાદઃ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ઇન્ચાર્જ વાઇસ ચાન્સેલર પદેથી ડો. કમલ ડોડિયાને હટાવીને હવે સરકારે ગુજરાત યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડો.ઉત્પલ જોશીની નિમણૂક કરી હતી. છેલ્લા કાયમી કુલપતિ નીતિન પેથાણીનો કાર્યકાળ ફેબ્રુઆરી ૨૦૨૨માં સમાપ્ત થયો ત્યારથી કાર્યકારી કુલપતિની નિમણૂકની માગ ઊઠી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર ગુજરાત સરકારે પરિપત્ર કરીને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કાયમી કુલપતિ તરીકે ગુજરાત યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડો.ઉત્પલ જોશીની નિમણૂક કરી હતી. હાલ યુનિવર્સિટીના કુલપતિ પદે ડો. કમલ ડોડિયા ઇન્ચાર્જ વાઇસ ચાન્સેલર તરીકે ફરજ બજાવે છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કાયમી કુલપતિની જાહેરાત થાય તેવી ઘણા લાંબા સમયથી માગ હતી, પરંતુ સરકાર સતત કાર્યકારી કુલપતિની નિમણૂક કરી રહી હતી. ઓક્ટોબર ૨૦૨૩માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઇન્ચાર્જ કુલપતિ ગિરીશ ભીમાણીને હટાવીને તેમના સ્થાને નીલાંબરી દવેની નિમણૂક કરવામાં આવી હતી. ત્યારબાદ જુલાઇ ૨૦૨૪માં નીલાંબરી દવેને પદ પરથી હટાવીને ડો. કમલસિંહ ડોડિયાને ઇન્ચાર્જ વાઇસ ચાન્સેલર તરીકેનો ચાર્જ સોંપવામાં આવ્યો હતો.

વર્ષ ૨૦૨૨માં કાયમી કુલપતિ પદેથી નીતિન પેથાણી નિવૃત્ત થયા ત્યારથી રાજ્ય સરકારે સૌરાષ્ટ્રની સૌથી મોટી યુનિવર્સિટી માટે કાયમી કુલપતિની નિમણૂક કરી નહોતી. જુલાઇમાં પ્રોફેસર કમલસિંહ ડોડિયાને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નવા ઇન્ચાર્જ કુલપતિ તરીકે ચાર્જ સોંપવામાં આવ્યો હતો. છેલ્લા કાયમી કુલપતિ નીતિન પેથાણીનો કાર્યકાળ ફેબ્રુઆરી ૨૦૨૨માં સમાપ્ત થયો ત્યારથી યુનિવર્સિટીનું સંચાલન ઇન્ચાર્જ વાઇસ-ચાન્સેલર દ્વારા કરવામાં આવતું હતું. ■

# રાજકોટમાં સરકારી શાળાના ૩૬૬ બાળકોમાં ગંભીર બીમારીનાં લક્ષણો દેખાતાં સારવાર માટે અમદાવાદ ખસેડાયાં

અમદાવાદઃ રાજકોટ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સરકારી સ્કૂલોનાં બાળકોનાં આરોગ્યની નિયમિત ચકાસણી કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૪ દરમિયાન પણ ચકાસણી કરવામાં આવી હતી. જેમાં રાજકોટ જિલ્લામાંથી ૩૬૬ બાળકોમાં અતિ ગંભીર રોગનાં લક્ષણો મળી આવ્યા હતા. આ તમામ બાળકોને સુપર સ્પેશિયાલિસ્ટ સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો પ્રમાણે રાજકોટ જિલ્લાની સરકારી શાળાઓ અને આંગણવાડી ખાતે અભ્યાસ કરતા કુલ ૩,૫૦,૬૩૧ બાળકોના આરોગ્યની તપાસ કરવામાં આવી હતી. જેમાંથી કુલ ૩૨,૧૨૮ બાળકોમાં આરોગ્યલક્ષી ખામીઓ જોવા મળી હતી. આ પૈકી ૩૧,૭૬૨ સામાન્ય ખામીવાળા બાળકો હતા. જેમાંથી ૨૫,૩૪૯ બાળકોને સ્થળ ઉપર સારવાર આપવામાં આવી હતી. તો ૬,૭૭૮ બાળકોને સંસ્થાગત સારવાર અપાઈ હતી.

આ આરોગ્ય તપાસ દરમિયાન ૩૬૬ બાળકોમાં અતિ ગંભીર બીમારી જોવા મળી હતી. જેમાં સૌથી વધુ ૧૧૬ બાળકોમાં હૃદયની બીમારી હોવાનું જાણવા મળ્યું હતું. આ ઉપરાંત પગની ખામીવાળા ૬૫ બાળકો, આંખના પડદાની બીમારીવાળા ૪૧ બાળકો, કેન્સરની બીમારી ધરાવતા ૨૯ બાળકો, કિડનીનાં દર્દી ૨૪ બાળકો તેમજ કરોડરજ્જુની બીમારીવાળા ૧૪, ફાટેલ તાળવા વાળા ૨૬ બાળકો, હાડકાની ખામીવાળા ૧૦ અને જન્મથી મોતિયો હોય એવા ૬ બાળકો હોવાનું આરોગ્ય તપાસમાં જાણવા મળ્યું હતું. આ તમામ બાળકોને સુપર સ્પેશિયાલીસ્ટ સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરની ૬૩૧ શાળાઓ અને ૩૬૪ આંગણવાડીનાં ૨,૮૬,૮૩૬ બાળકોની શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત તપાસ કરવામાં આવી હતી. જેમાં ૨૦ તબીબો અને પેરા મેડિકલ સ્ટાફની મદદ લેવામાં આવી હતી. સામાન્યથી ગંભીર બીમારીની ચકાસણી કરાતા ૧૭ બાળકોને કેન્સર, ૬૩ બાળકોને હૃદય સંબંધિત બીમારી હોવાનું જાણવા મળ્યું હતું. ૧૩ બાળકોને કિડનીની બીમારી હતી. ૧૮ને લીવર તથા અન્ય રોગ હોવાનું તપાસમાં જણાયું હતું. ■

# અમદાવાદમાં વૃદ્ધનો એચએમપીવી વાઈરસનો રિપોર્ટ પોઝિટિવઃ પ્રાંતિજના ૭ વર્ષના બાળકના સેમ્પલ તપાસ માટે મોકલાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ચીનમાં ફેલાયેલા હ્યુમન મેટાન્યુમો વાઇરસ (એચએમપીવી)ના કેસ હવે ભારત દેશમાં નોંધાતા ખળભળાટ મચી જવા પામ્યો છે. રાજ્યમાં તાજેતરમાં જ અમદાવાદમાં એક બાળકનો શંકાસ્પદ કેસ મળી આવતાં આરોગ્ય તંત્ર દોડતું થયું હતું. સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકાના એક ગામના સાત વર્ષના બાળકનો એચએમપીવી વાઈરસનો શંકાસ્પદ રિપોર્ટ આવ્યા બાદ આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું હતું. તેના સેમ્પલ તપાસ માટે મોકલી આપવામાં આવ્યા હતા. બીજી તરફ અમદાવાદના વસ્ત્રાપુરમાં રહેતા ૮૦ વર્ષના વૃદ્ધનો રિપોર્ટ પોઝિટિવ આવતાં તેમને મેમનગરની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે પ્રાંતિજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ખેતમજૂરી કરતા શ્રમિક પરિવારના ૭ વર્ષના પુત્રને તાવ, શરદી, ઉધરસની સારવાર માટે હિંમતનગરની બેબીકેર હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. જ્યાં તેની સારવાર દરમિયાન ન્યુમોનિયાની અસર દેખાતા ખાનગી લેબોરેટરીમાં સેમ્પલ લેવડાવ્યા હતા. જેના રિપોર્ટમાં શંકાસ્પદ એચએમપીવી વાઈરસ હોવાનું જાણવા મળ્યું હતું. જેથી જિલ્લા આરોગ્ય વિભાગને જાણ કરાઈ હતી. સાબરકાંઠા જિલ્લા આરોગ્ય વિભાગે હોસ્પિટલ પહોંચીને બાળકના સેમ્પલ ગાંધીનગર અને અમદાવાદ મોકલી આપ્યા હતા. આરોગ્ય વિભાગે બાળકના ગામમાં ચાર ટીમો મોકલીને સરવે હાથ ધર્યો હતો. જિલ્લા આરોગ્ય વિભાગના સુત્રોએ જણાવ્યું હતું કે, પ્રાંતિજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારના એક ગામના ૭વર્ષના બાળકને એચએમપીવી વાઈરસ અંગે બેબી કેરમાંથી જાણ થયા બાદ આરોગ્ય વિભાગે હોસ્પિટલમાં પહોંચી બે સેમ્પલ લીધા હતા. જે સેમ્પલ તપાસ માટે અમદાવાદ અને ગાંધીનગર મોકલી આપ્યા છે. રિપોર્ટ આવ્યા બાદ આ વાઇરસ છે કે નહીં તેની જાણ થઈ શકશે પણ હાલમાં એચએમપીવી વાઈરસનો કેસ શંકાસ્પદ છે એવું કહી શકાય. બીજી તરફ અમદાવાદ શહેરમાં એચએમપીવી વાઇરસનો વધુ એક કેસ નોંધાયો હતો. વસ્ત્રાપુર વિસ્તારમાં રહેતા ૮૦ વર્ષનાં વૃદ્ધનો રિપોર્ટ પોઝિટિવ આવતાં તેમને સારવાર અર્થે મેમનગરની સ્ટર્લિંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. ૮ જાન્યુઆરીએ વૃદ્ધને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેમનો રિપોર્ટ ગુરુવારે પોઝિટિવ આવ્યો હતો. તેમની વિદેશ કે અન્ય કોઇ સ્થળે ટ્રાવેલ હિસ્ટ્રી જોવા મળી નથી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગના વડા ડો. ભાવિન સોલંકીએ જણાવ્યું હતું કે, એચએમપીવી પોઝિટિવ આવેલા દર્દીની હાલત હાલ સ્થિર છે. તેમના સેમ્પલને સિવિલ હોસ્પિટલમાં તેમજ જીનોમ સીકવન્સ માટે ગાંધીનગર લેબોરેટરીમાં મોકલી આપવામાં આવશે. ■

# રાજકોટમાં એક દાયકામાં પ્રથમવાર લઘુતમ તાપમાન ૭.૩ ડિગ્રી નોંધાયું

## ૨૦૧૪નો રેકોર્ડ તૂટવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉત્તર દિશા તરફથી ફૂંકાઈ રહેલા બર્ફિલા પવનોને કારણે ગુજરાતમાં કડકડકતી ઠંડીનું મોજું ફરી વળ્યું છે. કચ્છના નલિયામાં તો તાપમાનનો પારો માત્ર ૩ ડિગ્રી પર પહોંચી ગયો હતો. રાજકોટમાં એક દાયકામાં પહેલી વખત લઘુતમ તાપમાન ૭.૩ ડિગ્રીએ પહોંચ્યું હતું. સ્થાનિક હવામાન વિભાગમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ છેલ્લે ૨૨-જાન્યુઆરી વર્ષ-૨૦૦૨માં રાજકોટમાં ૭.૭ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. ત્યાર બાદ ગુરૂવારે ૭.૩ ડિગ્રી નોંધાયું હતું.

હવામાન વિભાગ અનુસાર ૨૦૧૪માં ૧ જાન્યુઆરીએ તાપમાન ૬ ડિગ્રી નોંધાયું હતું. વર્ષ ૧૯૯૮માં ૧૮-જાન્યુઆરીએ રાજકોટમાં ૭.૧ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જયારે વર્ષ ૧૯૩૫માં ૧૬ જાન્યુઆરીએ ૦.૬ ડિગ્રી તથા ૮ ફેબ્રુઆરી વર્ષ-૧૮૯૩માં રાજકોટમાં ૧.૧ ડિગ્રી અને ૨૭ ડિસેમ્બર વર્ષ ૧૯૦૩માં રાજકોટમાં ૨.૮ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાવા પામ્યું હતું.

ગુજરાતમાં ગુરુવારે ચાર સ્થળોએ રેકોર્ડબ્રેક ઠંડી સાથે સિંગલ ડિઝિટમાં તાપમાન નોંધાયું હતું. રાજકોટ અને નલિયામાં આજે ચાલુ સિઝનની સૌથી વધુ ઠંડી નોંધાઇ હતી. ભારે શીત લહરને કારણે કડકડતી ઠંડીથી પશુ-પંખીને પણ અસર થઈ છે. ઠેર-ઠેર તાપણા શરૂ કરી લોકો ઠડીમાં રાહત મેળવતા જોવા મળ્યા હતા. ■

# માંડવીના ચકચારી ગુજસીટોકના ગુનામાં વધુ એક આરોપીની જામીન અરજી ફગાવાઈ

ભુજઃ ગત ૧૫મી નવેમ્બરે મધરાત્રે માંડવી પોલીસ મથકમાં ઘાતક હથિયારો સાથે ઘૂસીને પોલીસ કર્મચારીઓ પર હુમલો કરી તોડફોડ કરવાના પ્રકરણ બાદ ગુજસીટોકના ગુનામાં ઝડપાયેલા વધુ એક આરોપીની નિયમિત જામીન અરજી ભુજ સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી.

શામળા થારુ ગઢવીએ દાખલ કરેલી જામીન અરજી સંદર્ભે અદાલતે જણાવ્યું હતું કે, ગુનો જોતાં તે સંગઠિત ટોળકીનો સાગરીત હોવાનું, બનાવ સમયે તેના હાથમાં પાઈપ હોવાનું, પૂર્વ તૈયારી સાથે પોલીસ સ્ટેશનમાં ઘૂસીને બે હેડ કોન્સ્ટેબલ અને પીએસઆઈ પર હુમલો કરી, બચકાં ભરવાના ગુનામાં પ્રાથમિક સંડોવણી જણાઈ આવી છે. આ ટોળકીનો વધુ એક સાગરીત ગોવિંદ નારણ ગઢવી હજુ પકડાયો ન હોવાનું ઉમેર્યું હતું. અગાઉ આ કેસમાં અદાલત સૂત્રધાર પુનશી આલા ગઢવીના ભાઈ હરી ગઢવીની નિયમિત જામીન અરજી ફગાવી ચૂકી છે.

નિયમિત જામીન અરજી દાખલ કર્યાના બે દિવસ બાદ દાદાનું નિધન થતાં શામળાએ મરણોત્તર ક્રિયામાં સામેલ થવા માટે ૧૨ દિવસ પૂરતાં વચગાળાના જામીન પર છોડવા દાખલ કરેલી અરજીને સેશન્સ જજ અંબરીષ એલ. વ્યાસે આંશિક મંજૂર કરીને પોલીસ જાપ્તાનો ખર્ચ આરોપીને જાતે ભોગવવાની શરત સાથે ૧૦થી ૧૩ જાન્યુઆરી પૂરતી વચગાળાની જામીન અરજી મંજૂર કરી હોવાનું ગુજસીટોકના વિશેષ સરકારી વકીલ એચ.બી.જાડેજાએ જણાવ્યું હતું. ■

# મહાકુંભ મેળા પહેલાં પોષી પૂનમના ચંદ્રને પ્રાચીન ખેડૂત મંડળીએ ‘વોલ્ફ મૂન’ નામ આપ્યું


(તસવીર ઉત્સવ વૈદ્ય, ભુજ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ આ વખતે મકરસંક્રાંતિના આગલા દિવસે પોષી પૂનમનો દિવસ છે જેને શાકંમ્ભરી પૂનમ તરીકે પણ ઓળખવામાં આવે છે. ૪૪ દિવસના કુંભમેળાની પૂર્વે આ વખતે પૂર્ણ ચંદ્રમા દેખાશે જેને પ્રાચીન કાળથી ખગોળ રસિકોએ ‘વોલ્ફ-મૂન’ અથવા ‘વરૂ ચંદ્રમા’ એવું નામ આપ્યું છે. આ વરૂ ચંદ્રમા સતત ત્રણ દિવસ સુધી પૂર્ણ ચંદ્રમા તરીકે જોઈ શકાશે અને એ મંગળ ગ્રહ પાસેથી પસાર થશે.

મિત્ર ખેડૂતોની ટોળકીએ પૂનમના ચંદ્રને છે ઈ.સ ૧૯૩૦થી જુદાં જુદાં નામ આપવાનું શરૂ કર્યું હતું અને જાન્યુઆરીના પૂર્ણ ચંદ્રને ‘વોલ્ફ-મૂન’ એવું નામ અપાયું હતું. યુરોપના દેશોમાં આ ચંદ્રને ‘આઈસ -મૂન’ અથવા ‘ઓલ્ડ-મૂન’ તરીકે પણ ઓળખાય છે. આગામી ૧૪મી જાન્યુઆરીનો પૂર્ણ ચંદ્ર ઉદય પામવાની સાથે જ ૪૪ દિવસ ચાલનારા પ્રયાગ ખાતેના મહાકુંભનો પ્રારંભ થશે જે દર ૧૨ વર્ષે યોજાય છે.

આ ઉપરાંત આ પૂર્ણ ચંદ્ર થિરૂવથીરાય ઉત્સવ તરીકે પણ ઊજવાય છે અને આ ઉત્સવ કેરાલા અને તામિલનાડુમાં રહેતા હિંદુઓ ખાસ ઊજવે છે. પોષી પૂનમને શ્રીલંકામાં દુરુથુપોયા તરીકે પણ ઓળખવામાં આવે છે. આ દિવસે ભગવાન બુદ્ધે શ્રીલંકાની પ્રથમ વખત મુલાકાત લીધી હતી. ■

# ભાવનગરમાં રંઘોળા ચોકડી પર ૩૩ લાખનો વિદેશી દારૂ અને બીયરનો જથ્થો ઝડપાયોઃ એકની ધરપકડ


(તસવીર વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગર જિલ્લાના ઉમરાળામાંથી એલસીબી પોલીસે ૫૭૦ પેટી વિદેશી દારૂ અને ૮૪ પેટી બીયર ભરેલું ટેન્કર ઝડપી લઇ કુલ રૂ.૫૩.૧૮ લાખના મુદ્દામાલ સાથે એક ઈસમની ધરપકડ કરી હતી. ઉમરાળાની રંઘોળા ચોકડી પર વિદેશી દારૂ અને બિયરનો જથ્થો સોંપવામાં આવે તે પહેલા જ એલસીબી પોલીસે ટેન્કરને ઝડપી લઇ કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

એલસીબી પોલીસ ઉમરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ કરતી હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, સફેદ કલરના એક ટેન્કરની અંદર વિદેશી દારૂ અને બિયરનો મોટો જથ્થો વલભીપુર તરફથી આવી રહ્યો છે. આ બાતમીના આધારે એલસીબી પોલીસે ઉમરાળાથી ચોગઠ તરફ જવાના રોડના નાકે વોચ ગોઠવી વલભીપુર તરફથી આવી રહેલ સફેદ કલરનું ટેન્કરને અટકાવીને તપાસ કરતા ટેન્કરની અંદર ૩૩ લાખની કિંમતનો ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૧૬૧૨૬ બોટલ અને બિયરના ટીન નંગ ૨૦૧૬નો જથ્થો મળી આવ્યો હતો.

એલસીબી પોલીસે વિદેશી દારૂ અને બિયરનો જથ્થો તેમ જ ટેન્કર મળી કુલ રૂ.૫૩,૧૮,૨૪૦/- ના મુદ્દામાલ સાથે રાજસ્થાનના ટેન્કરના ચાલક કરનારામ કાલરની ધરપકડ કરી હતી. આ શખસની પૂછપરછ કરતાં દારૂનો આ જથ્થો રંઘોળા ચોકડી ખાતે પહોંચાડવાનો હોવાનું જણાવ્યું હતું.

એલસીબી પોલીસે ઝડપાયેલ શખસ ઉપરાંત દારૂ અને બિયરની હેરાફેરીમાં સામેલ રાજેશ આશુરામ રાણા, રાજુ જાટ અને રંઘોળા ચોકડી પર વિદેશી દારૂ અને બિયરના જથ્થાનો કબજો લેનાર અજાણ્યા ઇસમો વિરુદ્ધ ઉમરાળા પોલીસ મથકમાં પ્રોહિબિશનની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરાવી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. ■

# અમદાવાદમાં ફ્લાવર શો ૨૪ જાન્યુઆરી સુધી લંબાવાયોઃ પ્રી વેડિંગ અને ફિલ્મ શૂટિંગની છૂટ અપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સાબરમતી રિવરફ્રન્ટ પર આયોજિત અમદાવાદ ફ્લાવર શો બાવીસ જાન્યુઆરીના બદલે ૨૪ જાન્યુઆરી સુધી ચાલશે. ઉપરાંત પ્રી વેડિંગ અને ફિલ્મનું શૂટિંગ કરવાની પણ છૂટ આપવામાં આવી હતી. ૨૩ અને ૨૪ જાન્યુઆરીએ સવારે ૭ થી ૯ સુધી પ્રી વેડિંગ ફોટો શૂટ અને ફિલ્મનું શૂટિંગ કરી શકાશે. જે માટે ચાર્જ અનુક્રમે રૂ. ૨૫ હજાર અને રૂ. એક લાખ નક્કી કરવામાં આવ્યો છે. આગામી શનિવારથી તેનું બુકિંગ શરૂ થશે.

ગત વર્ષે સૌથી લાંબી ફ્લાવર વોલ માટે ગિનીઝ વર્લ્ડ રેકોર્ડ પ્રાપ્ત કર્યા બાદ આ વર્ષે હવે સૌથી મોટા બુકે માટે ગિનીઝ વર્લ્ડ રેકોર્ડ પ્રાપ્ત કર્યો હતો. ૭ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ગિનીઝ બુક દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બનાવવામાં આવેલા ૧૦.૨૪ મીટર હાઇટ અને ૧૦.૮૪ મીટર ત્રિજ્યા વાળા ફ્લાવર બુકેને વિશ્વના સૌથી મોટા ફ્લાવર બૂકે તરીકે સ્થાન આપવામાં આવ્યું હતું.

ફ્લાવર-શોમાં સોમવારથી શુક્રવાર દરમિયાન રૂપિયા ૭૦ એન્ટ્રી ફી લેવાય છે. તેમ જ શનિવાર અને રવિવારે રૂ.૧૦૦ એન્ટ્રી ફી લેવામાં આવે છે. ■